# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

આલિયા ભટ્ટની 'આલ્ફા'ને સીધી OTT પર રિલીઝ કરવા ઓફર કરાઈ હતી



પેજ-09

રોહિત શર્મા ક્યારેય બુમરાહનો આવો ઉપયોગ ન કરતો કૈફનો કટાક્ષ

| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 34.00 | 20.00 |
| વડોદરા | 34.00 | 20.00 |
| સુરત | 33.00 | 21.00 |

પેજ 5



બેંકોમાં વીમા મિસ-સેલિંગ હવે ગંભીર ગુનો ગણાશે

25 FEBRUARY-2026 WEDNESDAY

ઈરાન-US યુદ્ધની સ્થિતિ વચ્ચે ટ્રમ્પ અને સેના આમને સામને



પેજ 10

| શેરબજાર | | |
|---|---|---|
| સેન્સેક્સ | 82225.92 ▼ | 1068.74 |
| નિફ્ટી | 25424.65 ▼ | 288.35 |
| સોનું | 159322.00 ▼ | 2276.00 |
| ચાંદી | 257612.00 ▼ | 7721.00 |


વર્ષ-15 । અંક-105 । વિક્રમ સંવત-2082 । ફાગણ સુદ-08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


અમદાવાદ મેટ્રો વિસ્તરણને લીલી ઝંડી, ₹1067 કરોડ મંજુર; ₹12,236 કરોડના રેલ, મેટ્રો અને એરપોર્ટ પ્રોજેક્ટ્સ મંજૂર, સેવાતીર્થમાં પ્રથમ બેઠક

# કેરળનું નામ હવે કેરલમ, કેબિનેટની મંજૂરી



(એજન્સી) નવી દિલ્હી | તા 24

કેન્દ્રીય મંત્રીમંડળે મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નવા કાર્યાલય, સેવા તીર્થ ખાતે તેની પ્રથમ બેઠક યોજી હતી. કુલ 12,236 કરોડના પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી હતી. મંત્રીમંડળે આઠ નિર્ણયો લીધા હતા, જેમાં મધ્યપ્રદેશ, બિહાર અને ઝારખંડમાં ત્રણ રેલવે પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. અમદાવાદ મેટ્રો (રૂ. 1,067 કરોડ)ના વિસ્તરણને પણ કેબિનેટની લીલી ઝંડી મળી ગઈ છે.કેબિનેટે કેરળ સરકારના રાજ્યનું નામ બદલીને 'કેરલમ' કરવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી દીધી છે. કેરળમાં વિધાનસભાની ચૂંટણી એપ્રિલ-મે મહિનામાં થવાની ધારણા છે. કેબિનેટે ત્રણ નવા રેલ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી: ગોંદિયા-જબલપુર રેલ લાઈનનું ડબલિંગ, ગમ્હરિયા-ચાંડિલ અને પુનારખ-કિઉલ વચ્ચે ત્રીજી અને ચોથી રેલ લાઈન, શ્રીનગરમાં એક નવું એરપોર્ટ ટર્મિનલ, અને અમદાવાદ મેટ્રોના ફેઝ 2Bનું વિસ્તરણ થશે.



### આ પ્રસ્તાવ કેરળ વિધાનસભામાં મોકલવામાં આવશે.

મંત્રીમંડળની મંજૂરી પછી, રાષ્ટ્રપતિ હવે 'કેરળ (નામમાં ફેરફાર) બિલ, 2026'ને બંધારણની કલમ 3 હેઠળ અભિપ્રાય માટે કેરળ વિધાનસભામાં મોકલશે.વિધાનસભાનો અભિપ્રાય મળ્યા પછી, સરકાર સંસદમાં બિલ રજૂ કરશે. સંસદમાં પસાર થયા પછી, રાજ્યનું નામ સત્તાવાર રીતે કેરળમ થઈ જશે. આ પ્રસ્તાવ કેરળ વિધાનસભા દ્વારા 24 જૂન, 2024ના રોજ પસાર કરવામાં આવ્યો હતો. કેબિનેટની છેલ્લી બેઠક 13 ફેબ્રુઆરીએ PMOની સાઉથ બ્લોક સ્થિત ઓફિસમાં થઈ હતી. ત્યારબાદ PMOને નવી ઓફિસમાં શિફ્ટ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનની ઓફિસ 1947થી સાઉથ બ્લોકમાં રહી હતી.

### સેવા તીર્થ કોમ્પ્લેક્સમાં કુલ 3 ઈમારતો

સેવા તીર્થ કોમ્પ્લેક્સમાં કુલ 3 ઈમારતો છે - સેવા તીર્થ-1, સેવા તીર્થ-2 અને સેવા તીર્થ-3. સેવા તીર્થ-1માં PMO છે. સેવા તીર્થ-2માં કેબિનેટ સચિવાલય અને સેવા તીર્થ-3માં NSCS અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલની ઓફિસ છે. આ તમામ ઓફિસો પહેલા અલગ-અલગ જગ્યાએ હતી.કેબિનેટ સચિવાલય સપ્ટેમ્બર 2025માં જ સેવા તીર્થ-2માં શિફ્ટ થઈ ગયું છે. PMO સાથે NSCS અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની ઓફિસ પણ અહીં શિફ્ટ થઈ ગઈ છે. PMએ કર્તવ્ય ભવન-1 અને 2નું ઉદ્ઘાટન કર્યુ હતું. અહીં મંત્રાલયોની નવી ઓફિસો છે. પહેલા નોર્થ બ્લોક મંત્રાલયોનું ઠેકાણું હતું. PMO અને મંત્રાલયોનું સરનામું 13 ફેબ્રુઆરીએ બદલાયું છે. 1931માં આ જ દિવસે નવી દિલ્હીનું ભારતની આધુનિક રાજધાની તરીકે ઉદ્ઘાટન થયું હતું.

### નોર્થ-સાઉથ બ્લોક બનશે નેશનલ મ્યુઝિયમ

સરકારની યોજના છે કે નોર્થ-સાઉથ બ્લોકની ઐતિહાસિક ઈમારતોને 'યુગે-યુગેન ભારત નેશનલ મ્યુઝિયમ'માં રૂપાંતરિત કરવામાં આવશે. તેને વિશ્વ કક્ષાના મ્યુઝિયમ તરીકે વિકસાવવામાં આવશે, જ્યાં ભારતની સભ્યતા દર્શાવવામાં આવશે. તેમાં લગભગ 25 થી 30 હજાર કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવશે. PMO અને મંત્રાલયોનું સરનામું 13 ફેબ્રુઆરીએ બદલાયું છે. તે વિશ્વના સૌથી મોટા મ્યુઝિયમ પૈકી એક હોવાની સંભાવના છે.

### ₹1189 કરોડના ખર્ચે બનેલું સેવા તીર્થ

સેવા તીર્થનો અર્થ છે 'સેવાનું સ્થાન'. પહેલા તેનું નામ 'એક્ઝિક્યુટિવ એન્ક્લેવ' રાખવામાં આવ્યું હતું, પરંતુ 2 ડિસેમ્બર 2025ના રોજ તેનું નામ બદલીને સેવા તીર્થ રાખવામાં આવ્યું. તે નવી દિલ્હીમાં દારા શિકોહ રોડ પર એક્ઝિક્યુટિવ એન્ક્લેવમાં આવેલું છે. તે લગભગ 2.26 લાખ ચોરસ ફૂટ (લગભગ 5 એકર) માં બનેલું છે. તેને એલ એન્ડ ટી કંપનીએ 1189 કરોડમાં બનાવ્યું છે. નવા PMO પાસે જ વડાપ્રધાનનું નવું નિવાસસ્થાન પણ બની રહ્યું છે. તે તૈયાર થયા પછી, વડાપ્રધાન 7, લોક કલ્યાણ માર્ગ પર આવેલા હાલના નિવાસસ્થાનથી નવા નિવાસસ્થાનમાં શિફટ થશે. જોકે, હજુ તેની તારીખ જાહેર કરવામાં આવી નથી.

## લોકસભા અધ્યક્ષે 64 સંસદીય ફ્રેન્ડશિપ ગ્રુપ્સ બનાવ્યા:દરેક ગ્રુપમાં એક નેતા સહિત 11 સાંસદો

ફ્રાન્સમાં થરૂર, જાપાનમાં અખિલેશ યાદવ નેતૃત્વ કરશે



(એજન્સી) નવી દિલ્હી | તા 24

લોકસભા સ્પીકર ઓમ બિરલાએ મંગળવારે 64 દેશો સાથે પાર્લામેન્ટરી ફ્રેન્ડશિપ ગ્રુપ્સ (PFG) ની રચના કરી છે. આ ગ્રુપ્સનો ઉદ્દેશ્ય અન્ય દેશો સાથે સંસદીય રાજદ્વારી સંબંધોને મજબૂત બનાવવાનો અને વૈશ્વિક મંચ પર ભારતની સંસદનો એકજુટ લોકતાંત્રિક અવાજ રજૂ કરવાનો છે.કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું કે ઓપરેશન સિંદૂરની સફળતા પછી PM મોદીએ ભારત અને અન્ય દેશો વચ્ચે સંવાદ વધારવા માટે PFG બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. હવે લોકસભા અધ્યક્ષે તેની રચના કરી છે.64 ગ્રુપ્સમાં લોકસભા અને રાજ્યસભાના કુલ 704 સાંસદો છે. દરેક ગ્રુપમાં એક નેતા અને 10 સભ્યો છે. તેમાં ભાજપના સૌથી વધુ 30 ગ્રુપ લીડર છે. કોંગ્રેસના 10, સમાજવાદી પાર્ટી, દ્રવિડ મુનેત્ર કડગમ (DMK) અને તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના 3-3 સાંસદોને ગ્રુપ લીડર બનાવવામાં આવ્યા છે.



પૂર્વ હાઈકોર્ટ જજ, પૂર્વ રાજદૂત, સેના-પોલીસના નિવૃત્ત અધિકારીઓ સામેલ

## 277 હસ્તીઓએ AI-સમિટમાં શર્ટલેસ પ્રદર્શનની નિંદા કરી

(એજન્સી) નવી દિલ્હી | તા 24




દેશની 277 હસ્તીઓએ AI ઈમ્પેક્ટ સમિટમાં ઈન્ડિયન યુથ કોંગ્રેસ (IYC) કાર્યકર્તાઓના "શર્ટલેસ" (શર્ટ ઉતારીને) વિરોધ પ્રદર્શનની નિંદા કરી છે. તેમાં પૂર્વ હાઈકોર્ટ જજ, નિવૃત્ત અધિકારીઓ, પૂર્વ રાજદૂત, સેના અને પોલીસના નિવૃત્ત વરિષ્ઠ અધિકારીઓ સામેલ છે.આ હસ્તીઓએ મંગળવારે એક સંયુક્ત નિવેદન જાહેર કરીને કહ્યું કે આ પ્રદર્શન રાષ્ટ્રીય ગરિમા વિરુદ્ધ, સુનિયોજિત કૃત્ય અને વિચારહીન રાજનીતિનું ઉદાહરણ છે. નિવેદન પર હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ બી સી પટેલ સહિત 26 પૂર્વ જજ, 102 નિવૃત્ત અધિકારીઓ જેમાં 11 પૂર્વ રાજદૂત, 149 પૂર્વ સૈન્ય અને પોલીસ અધિકારીઓએ હસ્તાક્ષર કર્યા છે.20 ફેબ્રુઆરીના રોજ ઈન્ડિયન યુથ કોંગ્રેસના 11 સભ્યોએ ભારત મંડપમમાં ઘૂસીને AI સમિટ દરમિયાન શર્ટલેસ થઈને PM મોદીની ફોટોવાળી ટી-શર્ટ લહેરાવી હતી. આ દરમિયાન 'PM મોદી ઈઝ કોમ્પ્રોમાઈઝડ'ના નારા લગાવ્યા હતા.વિશ્વના મોટા ટેકનોલોજી નેતાઓ, ઉદ્યોગપતિઓ અને વિદેશી પ્રતિનિધિઓ ભારતના ભવિષ્યની ભૂમિકા જોવા માટે એકઠા થયા હતા, ત્યારે આ પ્રકારનું પ્રદર્શન દેશની છબી ખરાબ કરનારું હતું.

## ભાઈએ પિતાના ટુકડા કર્યા, બહેને જોયું, પણ ચૂપ રહી:પિતા ઈચ્છતા હતા દીકરો ડૉક્ટર બને

(એજન્સી) લખનઉ | તા 24

લખનઉમાં વર્ધમાન પેથોલોજી લેબના માલિક માનવેન્દ્ર સિંહની તેમના 21 વર્ષના એકમાત્ર પુત્ર અક્ષતે ગોળી મારીને હત્યા કરી દીધી. હત્યા બાદ મૃતદેહને કરવત વડે કાપીને ટુકડા કરીને વાદળી ડ્રમમાં ભરી દીધા.માથું કાપીને કારમાં રાખ્યું અને ઘરેથી 21 કિલોમીટર દૂર ફેંકી દીધું. અક્ષતે પોતાની બહેન સામે ઘટનાને અંજામ આપ્યો. તેને ધમકી આપી કે જો કોઈને કહીશ તો તેને પણ મારી નાખીશ. પિતાનું માથું ફેંકી દીધા બાદ આરોપી ઘરે પાછો ફર્યો અને કારની સફાઈ કરી. ત્રણ દિવસ પછી સોમવારે તે પોલીસ સ્ટેશન

### પુત્રએ ગોળી મારી દીધી; મૃતદેહના ટુકડા કરી બ્લૂ ડ્રમમાં ભર્યા, માથું ગાયબ

પહોંચ્યો અને ગુમ થયાની ફરિયાદ નોંધાવી. પોલીસે જ્યારે પૂછપરછ શરૂ કરી ત્યારે પુત્ર ગભરાયેલો જોવા મળ્યો. શંકા જતાં સઘન પૂછપરછ કરવામાં આવી, ત્યારે તેણે ગુનો કબૂલી લીધો. પોલીસ તેને લઈને ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહના ટુકડાઓ શોધી કાઢ્યા, પરંતુ માથું મળ્યું નહીં. આરોપીએ પોલીસને જણાવ્યું કે તેના પિતા ઈચ્છતા હતા કે તે NEET ક્વોલિફાય કરીને MBBS કરે.

પ્રયાગરાજમાં IPS અજય પાલ કાવતરું ઘડી રહ્યા છે, આખું તંત્ર મારા વિરુદ્ધ છે

## શંકરાચાર્યને ધરપકડનો ડર, હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો

(એજન્સી) વારાણસી | તા 24

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદે બાળ યૌનશોષણ કેસના સંદર્ભમાં મંગળવારે અલાહાબાદ હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. તેમને ડર છે કે પ્રયાગરાજ પોલીસ તેમની ધરપકડ કરી શકે છે.

21 ફેબ્રુઆરીએ FIR થયા પછી પ્રયાગરાજ પોલીસે તપાસ વધુ તીવ્ર બનાવી દીધી હતી. ગઈકાલે સોમવારે પોલીસની એક ટીમ વારાણસી પહોંચી હતી. ટીમે સ્થાનિક પોલીસ પાસેથી શંકરાચાર્ય અને તેમના નજીકના સહયોગીઓ વિશે માહિતી એકત્રિત કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રયાગરાજ પોલીસ આજે શંકરાચાર્યના આશ્રમની મુલાકાત



લઈને તેમની પૂછપરછ કરી શકે છે અને તેમની ધરપકડ પણ કરી શકે છે. આ વાતની ભીતીને જોતાં શંકરાચાર્યે તેમના વકીલ દ્વારા હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો છે.

આ દરમિયાન મંગળવારે શંકરાચાર્યે વારાણસીમાં એક પ્રેસ-કોન્ફરન્સ યોજી હતી. તેમણે પ્રયાગરાજના એડિશનલ પોલીસ કમિશનર અજય પાલ શર્મા પર તેમના વિરુદ્ધ કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે અજય પાલ શર્મા અને આશુતોષ મહારાજનો મોબાઈલમાં ફોટો પણ બતાવ્યો હતો.

**શંકરાચાર્યએ કહ્યું,**

'તેમનું નામ અજય પાલ શર્મા છે. હાલમાં તેમની દેખરેખ હેઠળ તપાસ ચાલી રહી છે. એક ઉચ્ચ પોલીસ અધિકારી હિસ્ટ્રીશીટર સાથે તેમનો જન્મદિવસ ઊજવી રહ્યા છે. મારા વિરુદ્ધ બધું જ આયોજનબદ્ધ કરાયું છે. ગાય સંરક્ષણ અભિયાનમાંથી મને પાછળ હટવા માટે દબાણ કરવા માટે આખી સિસ્ટમનો ઉપયોગ મારા વિરુદ્ધ કરવામાં આવ્યો છે, પરંતુ એ શક્ય નથી.

ભારતના દુશ્મન અને મુંબઈ હુમલાના આરોપી તહવ્વુર રાણાની નાગરિકતા રદ થશે

## PM કાર્નીના ભારત પ્રવાસ પહેલા કેનેડાનું મોટું પગલું



ઓન્ટારિયો | વડાપ્રધાન માર્ક કાર્ની ભારતના પ્રવાસે આવે તે પહેલા કેનેડાએ એક મોટું પગલું ભર્યું છે. કેનેડિયન સરકારે ભારતના દુશ્મન અને 2008ના મુંબઈ આતંકી હુમલાના મુખ્ય કાવતરાખોરની ભૂમિકા ભજવવાના આરોપી અને પાકિસ્તાની મૂળના ઉદ્યોગપતિ તહવ્વુર હુસૈન રાણાની નાગરિકતા રદ કરવાની પ્રક્રિયા ઝડપી બનાવી છે. ભારત-કેનેડાની મિત્રતાની નવી શરૂઆતને ધ્યાનમાં રાખીને કાર્નીના આ પગલાને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.રાણાની નાગરિકતા શા માટે રદ થઈ રહી છે? રાણાની નાગરિકતા રદ કરવાનો નિર્ણય તેને 'ગંભીર અને ઈરાદાપૂર્વકની છેતરપિંડી'ના કેસમાં દોષિત ઠરાવવામાં આવ્યા બાદ લેવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે 'કેનેડાના નાગરિકતા કાયદાઓ પ્રત્યે તેમના આદરના અભાવ'ને કારણે અધિકારીઓએ ખોટી રીતે નાગરિકતા આપી દીધી હતી. IRCCએ 31 મે 2024ના રોજ રાણાને લખ્યું: 'તમારા કિસ્સામાં એવું લાગે છે કે તમે નાગરિકતા અરજી પ્રક્રિયા દરમિયાન કેનેડામાંથી તમારી ગેરહાજરી છુપાવીને નિવાસસ્થાન વિશે ખોટું નિવેદન આપ્યું હતું.

## 'મોદીએ અમેરિકા સાથે દેશ વેચવાની ડીલ કરી'

રાહુલે ભોપાલમાં કહ્યું, સંસદમાં મને બોલવા ન દીધો; તેમના પર એપસ્ટીન અને અદાણીના કેસનું દબાણ



ભોપાલ | લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે કહ્યું હતું કે વડાપ્રધાન મોદીએ અમેરિકા સાથે દેશ વેચવાની ડીલ કરી. તેમના પર એપસ્ટીન અને અદાણીના કેસનું દબાણ છે. આ કારણોસર તેમણે હિન્દુસ્તાન અને ખેડૂતોનો ડેટા અમેરિકાને વેચી દીધો.રાહુલ મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં બોલી રહ્યા હતા. કોંગ્રેસે ભારત અને અમેરિકા વચ્ચે થયેલી ટ્રેડ ડીલના વિરોધમાં કિસાન ચૌપાલ બોલાવી હતી. આ દરમિયાન રાહુલે કહ્યું,હિન્દુસ્તાનના ઈતિહાસમાં પહેલીવાર લોકસભામાં વિપક્ષના નેતાને બોલવા દેવામાં આવ્યા નથી. હું ચીની ઘૂસણખોરીના મુદ્દે વાત રાખવા માગતો હતો.રાહુલે કહ્યું- મેં લોકસભામાં પૂર્વ આર્મી ચીફ નરવણેની વાત રાખી હતી.

### રાહુલના ભાષણમાં આ ત્રણ મોટી વાતો કરી...

1. આ વર્ષે ભારતીય ઈતિહાસમાં પહેલીવાર વિરોધપક્ષના નેતાને લોકસભામાં બોલવાની મંજૂરી આપવામાં આવી ન હતી. મેં મારું ભાષણ શરૂ કર્યું. 2. મને અટકાવવામાં આવ્યો. મેં ફરીથી શરૂઆત કરી, પછી ફરીથી અટકાવવામાં આવ્યો.યુએસ સુપ્રીમ કોર્ટે કહ્યું કે ટ્રમ્પ ટેરિફ રદ કરશે અને તેમણે કર્યું.3. અન્ય દેશોએ પણ કર્યું, પરંતુ નરેન્દ્ર મોદીએ એકપણ શબ્દ ઉચ્ચાર્યો નહીં.હું નરેન્દ્ર મોદીને પડકાર ફેંકું છું. જો તમારામાં હિંમત હોય તો અમેરિકા અને અમેરિકા વચ્ચેનો સોદો રદ કરો.

### કોંગ્રેસના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ

સભા સ્થળ સુધી પહોંચવા અંગે કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો પોલીસ સાથે દલીલ કરી રહ્યા છે. કોંગ્રેસના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઝપાઝપી થઈ.ટ્રાફિક એસીપી અજય વાજપેયીએ જણાવ્યું હતું કે કાર્યક્રમમાં ભાગ લેનારાઓને પ્લેટિનમ પ્લાઝા અને વીઆઈપી રોડ ડેપોથી પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. ટ્રાફિક જવાહર ચોક, માતા મંદિર અને ન્યૂ માર્કેટ દ્વારા ડાયવર્ટ કરવામાં આવ્યો છે.આમ છતાં કોંગ્રેસના કાર્યકરો અનેક માર્ગો પર ઊભા રહે છે. પ્રવેશ ન આપવાથી કાર્યકરોમાં ગુસ્સો ફેલાઈ રહ્યો છે.

મુસ્લિમોએ નમાઝ કરી તો કોઈ પગલાં નહીં, હનુમાન ચાલીસા કરનારાની અટકાયત

## નમાઝ V/s હનુમાન ચાલીસા: લખનઉ યુનિવર્સિટીના બિલ્ડિંગમાં 3 દિવસથી બબાલ

લખનઉ

લખનઉ યુનિવર્સિટીમાં આજે સતત ત્રીજા દિવસે પણ હોબાળો ચાલુ છે. કેમ્પસમાં મુસ્લિમ વિદ્યાર્થીઓના નમાઝ પઢવાના વિરોધમાં આજે બીજા ગ્રુપના વિદ્યાર્થીઓ હનુમાન ચાલીસા કરવા પહોંચ્યા હતા. તેઓ ભેગા થતાં જ પોલીસ પણ પહોંચી ગઈ. વિદ્યાર્થીઓને પકડી-પકડીને ગાડીમાં ધકેલી દીધા હતા.



ચાલીસા પાઠ કરવા ગયેલા વિદ્યાર્થીઓનું કહેવું છે કે જ્યારે અહીં નમાઝ પઢવામાં આવી, ઈફ્તાર પાર્ટી કરવામાં આવી ત્યારે કોઈ કાર્યવાહી કરવામાં આવી નહીં. આજે હનુમાન ચાલીસા પર કાર્યવાહી શા માટે કરવામાં આવી રહી છે? જેમણે યુનિવર્સિટીની બિલ્ડિંગ પર કુહાડી ચલાવી, તેમના પર દેશદ્રોહનો કેસ થવો જોઈએ. અમે જેમ તેમના, એ જ રીતે અમારા ધર્મનું પણ સન્માન કરીએ છીએ.

ઘણા વિદ્યાર્થીઓને કસ્ટડીમાં લીધા પછી કેટલાક વધુ વિદ્યાર્થીઓ લાલ બારાદરી બિલ્ડિંગ પહોંચ્યા. ત્યાં બિલ્ડિંગ પર ગંગાજળ છાંટ્યું.

## AI સમિટ હોબાળો: યૂથ કોંગ્રેસ-અધ્યક્ષ ઉદય ભાનુની ધરપકડ

નવી દિલ્હી | દિલ્હીમાં AI ઈમ્પેક્ટ સમિટના હોબાળાના કેસમાં ઈન્ડિયન યૂથ કોંગ્રેસ (IYC)ના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉદય ભાનુની ધરપકડ કરવામાં આવી છે. 23 ફેબ્રુઆરીના રોજ દિલ્હી પોલીસે તેમને પૂછપરછ માટે બોલાવ્યા હતા, જે 20 કલાક ચાલી હતી. મધ્યપ્રદેશના ગ્વાલિયરથી પણ કોંગ્રેસના 3 નેતાની ધરપકડ કરવામાં આવી છે. ઘટનાના દિવસે જ 4 આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં અત્યારસુધીમાં 8 ધરપકડ થઈ ચૂકી છે. IYCના રાષ્ટ્રીય મહાસચિવ શેષ નારાયણ ઓઝાએ કહ્યું હતું કે જ્યારે યૂથ કોંગ્રેસના નેતાઓએ સમિટમાં પ્રદર્શન કર્યું, ત્યારે તેમને દેશવિરોધી કહેવામાં આવ્યા. આ એ જ રીત છે.

## સ્પાઈસજેટની ફ્લાઈટનું ઈમર્જન્સી લેન્ડિંગ:દિલ્હીથી લેહ જતી હતી

150 મુસાફરો સવાર હતા; એન્જિનમાં ખામી સર્જાઈ; આંદામાનમાં પવન હંસ હેલિકોપ્ટરનું ઈમર્જન્સી લેન્ડિંગ

(એજન્સી) નવી દિલ્હી | તા 24

એરલાઈન કંપની સ્પાઈસજેટના બોઈંગ 737 પ્લેને દિલ્હીમાં ઈમર્જન્સી લેન્ડિંગ કર્યુ હતું. ફ્લાઈટ SG-121એ મંગળવારે સવારે દિલ્હીના જ IGI એરપોર્ટ પરથી લેહ માટે ઉડાન ભરી હતી.

ઉડાન ભર્યા થોડી મિનિટો બાદ પ્લેનના એન્જિન-2માં ખામી સર્જાઈ હતી. આ પછી પાઈલટે પ્લેનને પાછું દિલ્હી તરફ વાળ્યું અને ઈમર્જન્સી લેન્ડિંગ કરાવ્યું હતું. ફ્લાઈટમાં 150 મુસાફરો-ક્રૂ સવાર હતા.

ઘટના અંગે એરલાઈને જણાવ્યું છે કે ફ્લાઈટે સુરક્ષિત લેન્ડિંગ કર્યું છે. કોકપિટમાં કોઈ પણ પ્રકારની આગનું




### આંદામાનમાં પવન હંસ હેલિકોપ્ટરનું ઈમર્જન્સી લેન્ડિંગ

મંગળવારે સવારે આંદામાન અને નિકોબારમાં એક મોટી દુર્ઘટના ટળી ગઈ. પોર્ટ બ્લેરથી ઉડાન ભરેલા પવન હંસ હેલિકોપ્ટરને ટેકનિકલ ખામી સર્જાવાના કારણે માયાબંદર નજીક ઈમર્જન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. સદનસીબે, હેલિકોપ્ટરમાં રહેલા તમામ મુસાફરો અને ક્રૂ મેમ્બર સુરક્ષિત છે. સ્થાનિક માછીમારો અને પોલીસ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

એલર્ટ મળ્યું ન હતું. તમામ મુસાફરો સુરક્ષિત છે. પવન હંસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે પવન હંસ હેલિકોપ્ટર સવારે 8:45 વાગ્યે પોર્ટ બ્લેરથી માયાબંદર માટે ઉડાન ભરી હતી, પરંતુ લેન્ડિંગ દરમિયાન ટેકનિકલ ખામી સર્જાઈ હતી. પરિણામે, હેલિકોપ્ટરને માયાબંદર હેલિપેડથી આશરે 300 મીટર દૂર દરિયામાં ઈમર્જન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. મળતી માહિતી મુજબ, સ્પાઈસજેટની ફ્લાઈટ SG-121 એ મંગળવારે સવારે દિલ્હીથી લેહ જવા માટે ઉડાન ભરી હતી. જોકે, ટેક-ઓફની થોડી જ મિનિટો બાદ પ્લેનના એન્જિન નંબર-2 માં ટેકનિકલ ખામી સર્જાઈ હોવાનું માલૂમ પડ્યું હતું.

## હવે ધોરણ 8ના બાળકો ભણશે ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર શું છે

નવી દિલ્હી | નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT)એ 8મા ધોરણની નવી સોશિયલ સાયન્સની પાઠ્યપુસ્તકમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર પર એક વિભાગ શરૂ કર્યો છે. આ પહેલીવાર છે જ્યારે 8મા ધોરણના બાળકો ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર શું હોય છે તે વિશે ભણશે.આ પ્રકરણમાં સુપ્રીમ કોર્ટના 81 હજાર, હાઈકોર્ટના 62 લાખ 40 હજાર, જિલ્લા અને સબઓર્ડિનેટ કોર્ટના 4 કરોડ 70 લાખ પેન્ડિંગ કેસની સંખ્યા પણ જણાવવામાં આવી છે.આ અગાઉની એડિશનની સરખામણીમાં એક મોટો બદલાવ છે. અગાઉના પ્રકરણમાં મોટાભાગે કોર્ટના માળખા અને ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

### અટકાવેલા બ્રિજ, રોડ અને રિસરફેસિંગના કામો શરૂ કરવા ગૃહમાં રજૂઆત, ભાગીયા ખેડૂતોને પણ માવઠા માવઠાંનું વળતર ચૂકવવામાં આવે

# ચૈતર વસાવાએ અનેક પ્રજાલક્ષી મુદ્દે વિધાનસભામાં માંગો રજુ કરી

અમદાવાદ : આમ આદમી પાર્ટીના દેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ આજે વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, અમે વિધાનસભા ગૃહ સમક્ષ જણાવ્યું કે જે પણ રોડ નિર્માણના કામો જ્યારે અમારા જંગલના વિસ્તારમાં થતા હોય છે, ત્યારે વન વિભાગ દ્વારા અલગ અલગ કારણો બતાવીને એનઓસી આપવામાં આવતી નથી અને રોડના કામકાજને અટકાવી દેવામાં આવે છે. ઘણી જગ્યાએ કોન્ટ્રાક્ટરોના વાહનોને પણ જપ્ત કરવામાં આવેલા છે અને લાખોના દંડ પણ ફટકારવામાં આવ્યા છે. જીતગઢથી જુનારાજ જતો જે રસ્તો છે તેને 2020-21થી મંજૂર કરવામાં આવેલ છે, છતાં પણ તેનું કામ ફોરેસ્ટ વિભાગ દ્વારા કરવા દેવામાં આવતું નથી. માટે અમે ગૃહમાં રજૂઆત કરી કે તાત્કાલિક અસરથી આ કામને શરૂ કરી દેવામાં આવે. જુનારાજ 700 વર્ષ જૂનું એક પૌરાણિક ગામ છે અને આ પર્યટક સ્થળમાં જવા માટે બનતા રોડને વન વિભાગ પરવાનગી આપતું નથી અને ચાર વર્ષથી રોડ પેન્ડિંગ છે તો તેના કામને શરૂ કરવા માટે અમે ગૃહમાં રજૂઆત કરી. આ સિવાય બીજા બ્રિજોના કામ અટકાવેલા છે, રોડના કામો અટકાવેલા છે અને રિસરફેસિંગના કામ પણ અટકાવેલા છે, તો આ તમામ કામો શરૂ કરવામાં આવે એ માંગણી કરી છે.વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, નર્મદા પરિયોજનાનું પાણી કચ્છથી લઈને સમગ્ર સૌરાષ્ટ્રમાં સુજલામ સુફલામ અને સૌની યોજના દ્વારા પહોંચાડવામાં આવે છે. તો આ પાણી નર્મદા જિલ્લા સહિત સમગ્ર આદિવાસી વિસ્તારોમાં સિંચાઈ માટે અને પીવાના પાણી માટે પહોંચાડવામાં આવે એ મુદ્દાની રજૂઆત કરી. જરવાણી પાણી પુરવઠા યોજના છેલ્લા ચાર વર્ષથી ચાલે છે, 90 ટકા રકમની ચુકવણી થઈ ગઈ છે અને 54 ગામમાં પાણી પૂરું પાડવાની યોજના છે છતાં આજ દિન સુધી એ યોજના પૂર્ણ થઈ નથી. માટે એ યોજનાને સત્વરે પૂર્ણ કરવામાં આવે એ મુદ્દે અમે આજે વાત કરી. કુદરતી આફતોમાં જે પણ આગજન્ય ઘટનાઓ ઘટે છે અને જે લોકોના ઘર બળીને નાશ પામે છે, એવા પરિવારોને પણ મુખ્યમંત્રી રાહત ફંડમાંથી સહાય ચૂકવવામાં આવે એ મુદ્દાને માંગ કરી છે. વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, જ્યારે માવઠું આવ્યું ત્યારે ગુજરાત સરકારે 11 હજાર કરોડના ફંડની જાહેરાત કરી તેની રકમ ખાતામાં ડાયરેક્ટ જમા થાય છે તો અમે આજે રજૂઆત કરી કે જે પણ ખેડૂત ભાગ્યા ખેતીના ભાગરૂપે ખેડૂત સાથે મળીને ખેતી કરતા હતા, એમને પણ ગુજરાત સરકાર સહાય આપે એવી અમે માંગ કરી છે.



# સરકાર વિધાનસભામાં વાહવાહી કરે છે, પરંતુ અનેક ખેડૂતો સહાય વંચિત: ગોપાલ ઈટાલિયા



અમદાવાદ : વિધાનસભામાં ખેડૂતોના મુદ્દે રજૂઆત કરવા અંગે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે 24 ફેબ્રુઆરી, 2026ના વિધાનસભાના દિવસે નાણામંત્રીએ બજેટ સાથે પૂરક બજેટ પણ રજૂ કર્યું હતું. આજનો દિવસ પૂરક માંગણીઓ પર ચર્ચાનો હતો. ચર્ચા દરમિયાન નાણામંત્રીએ તથા સરકાર તરફના અન્ય આગેવાનોએ સરકારની વાહવાહી કરતાં નિવેદનો આપ્યા કે ભાજપ સરકારે ખેડૂતોને માવઠામાં ખૂબ સહાય આપી અને તેમને આબાદ કરી દીધા વગેરે પ્રકારની વાતો ગૃહમાં કરવામાં આવી. પરંતુ મેં મારા વિસાવદર મતવિસ્તારના ખેડૂતોના પ્રશ્નો રજૂ કર્યા. માવઠા દરમિયાન થયેલ નુકસાનમાં અનેક કિસ્સાઓમાં ફોર્મ ભરાયા નથી, કેટલાક કિસ્સાઓમાં ફોર્મની પહોંચ આપવામાં આવી નથી, તો ક્યાંક ઈરાદાપૂર્વક સરકારના ઓનલાઈન પોર્ટલમાં ખોટા આંકડા દાખલ કરવામાં આવ્યા છે. પરિણામે વિસાવદર સહિત સમગ્ર ગુજરાતના હજારો ખેડૂતોને હજી સુધી માવઠાની સહાય મળી નથી. વિસાવદરના સરદારપુર ગામના કેશુભાઈ શંભુભાઈ કાછડિયા, કુબરાવનીના અજયભાઈ પિપલિયા, ભેંસાણના મનજીભાઈ ઉડાણી, વલ્લભભાઈ કડવાભાઈ રૂપારેલિયા, ખાખરાના સુરેશભાઈ આસોદરિયા, અરણીયાના ધીરુભાઈ જીવનભાઈ ભાયાણી, મોણિયાના ગોવિંદભાઈ પંજાભાઈ ગાજીપરા સહિત અનેક ખેડૂતોને સહાય મળી નથી. હસનાપુર ગામમાં તો આખા ગામે ફોર્મ ભર્યા છતાં એકપણ ખેડૂતને નવેમ્બર-ડિસેમ્બરના માવઠાની સહાય મળેલી નથી. છતાં વિધાનસભામાં એવી વાહવાહી થાય છે જાણે ખેડૂતોને ખજાનો લૂંટાવી દીધો હોય. આ માત્ર વિસાવદરનો દાખલો છે. સમગ્ર ગુજરાતના અનેક ખેડૂતોને માવઠાની સહાય મળી નથી. આ મુદ્દે પૂરક માંગણીઓ પર ચર્ચા દરમિયાન મેં વિગતવાર રજૂઆત કરી.ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે સ્વ. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના" જાહેર કરી હતી. આ યોજના હેઠળ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અથવા કમોસમી વરસાદ (માવઠું)થી થયેલ પાક નુકસાનનું ટૂંક સમયમાં વળતર ચૂકવવાનું હતું. પરંતુ આજદિન સુધી આ યોજના અમલમાં મુકાઈ નથી. પરિણામે ખેડૂતોને નુકસાનનું વળતર હકરૂપે નહીં પરંતુ પેકેજ સ્વરૂપે મળે છે. ખેડૂતો ભીખ નથી માંગતા, તેઓ પોતાનો અધિકાર માંગે છે. યોજનાના અમલના અભાવે ખેડૂતોને 100 ટકા વળતર મળતું નથી. હાલ પેકેજની જાહેરાત કરીને સરકાર પોતાની વાહવાહી કરે છે. ઉપરાંત, જે ખેડૂતો બીજાનું ખેતર ભાગે રાખીને ખેતી કરે છે તેમને કોઈ વળતર મળતું નથી. આ ઉપરાંત, વિસાવદર તાલુકાના ભરડિયા ગામના સરકારી દવાખાનામાં શૌચાલયના નળની ગેરવ્યવસ્થા જેવા મુદ્દા પણ વિધાનસભા સુધી લાવવા પડે છે, જે દુઃખદ છે. એક તરફ કરોડોની વાતો થાય છે અને બીજી તરફ મૂળભૂત સુવિધાઓ પણ યોગ્ય રીતે ઉપલબ્ધ નથી.

# ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસિસ બાસ્કેટબોલ ટુર્નામેન્ટ 2025-26: રિજનલ સ્પોર્ટ્સ બોર્ડ (RSB) અમદાવાદ પ્રથમ વખત વિજેતા બની ઈતિહાસ રચ્યો




અમદાવાદ : ગુજરાતના સિવિલ સર્વિસિસ રમતજગત માટે એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ હાંસલ કરતા, RSB અમદાવાદે અખિલ ભારતીય સિવિલ સર્વિસિસ બાસ્કેટબોલ ટુર્નામેન્ટમાં પ્રથમ વખત ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો છે. પ્રતીક પરમારના નેતૃત્વ હેઠળ, RSB અમદાવાદે અત્યંત રસાકસી ભરેલી ફાઈનલ મેચમાં અદભૂત સંયમ અને વ્યૂહાત્મક શ્રેષ્ઠતાનું પ્રદર્શન કર્યું હતું. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ટીમનું પ્રદર્શન આક્રમક સંરક્ષણ (defense), ઝડપી સંક્રમણ અને સચોટ ફિનિશિંગ દ્વારા વિશિષ્ટ રહ્યું હતું. ટુર્નામેન્ટના સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકે એમ. કાસી રાજન ઉભરી આવ્યા હતા, જેમને તેમના સતત સ્કોરિંગ અને કોર્ટ પરના પ્રભાવશાળી પ્રદર્શન માટે 'મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર' (MVP) તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ટીમના ખેલાડી મીરાંતને તેમના સર્વગ્રાહી યોગદાન બદલ 'બેસ્ટ પ્લેયર' તરીકે નવાજવામાં આવ્યા હતા, જેણે ટીમની સફળતામાં વધુ એક છોગું ઉમેર્યું હતું. વિજેતા ટીમમાં હરપાલસિંહ વાઘેલા, શફીક શેખ, સ્નેહલ બાયડે, વિનય કૌશિક, ધવલ ઉલવા, સ્વપ્નિલ ઠાકોર, કુલદીપ, સહજ પટેલ અને દિશાંત શાહનું પણ મહત્વનું યોગદાન રહ્યું હતું. ટીમના દરેક સભ્યની એકતા અને અતૂટ સંકલ્પશક્તિ દરેક મેચમાં જોવા મળી હતી, જેના પરિણામે તેઓ અપરાજિત રહી ચેમ્પિયન બન્યા હતા. આ વિજય માત્ર રાષ્ટ્રીય સ્તરે સિવિલ સર્વિસિસ રમતોમાં ગુજરાતના વધતા વર્ચસ્વનું પ્રતીક નથી, પરંતુ બાસ્કેટબોલ રમત ક્ષેત્રે મળેલી એક મોટી સિદ્ધિ પણ છે. RSB અમદાવાદનું આ પ્રથમ ટાઈટલ એક મોટી સફળતા તરીકે યાદ રાખવામાં આવશે, જે આગામી વર્ષોમાં અનેક નવી સિદ્ધિઓ માટે પાયો નાખશે.






## પ્રજાના પ્રશ્નોને સાંભળવાની જગ્યાએ જીવલેણ હુમલા કરવામાં આવે છે: મનોજ સોરઠીયા

અમદાવાદ : આમ આદમી પાર્ટીના નેતા પર ભાજપ દ્વારા હુમલો કરવામાં આવતા આપ પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે આજે ગોંડલમાં આમ આદમી પાર્ટીના નેતા જીગીશાબેન પટેલ ઉપર જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. એમનો વાંક માત્ર એટલો હતો કે ગોંડલમાં લોકોની ફરિયાદ સાંભળવા માટે જ્યારે લોકોએ તેમને બોલાવ્યા, ત્યારે તેઓ ત્યાં ગયા હતા. તેમણે ભાજપના કોર્પોરેટરને બોલાવી આ મુદ્દા પર રજુઆત કરી હતી.આજે ગુજરાતમાં ભાજપના નેતાઓનો અહંકાર એટલો વધી ગયો છે કે તેઓને હવે લોકોની વાત સાંભળવી પણ ગમતી નથી. કોઈ સવાલ પૂછે, કોઈ તેમના કામ અંગે પ્રશ્નો કરીને તેમને ઘેરવાની કોશિશ કરે તો તેઓ સહન કરી શકતા નથી. સત્તામાં ત્રીસ વર્ષથી હોવા છતાં લોકોના પ્રશ્નોનું સમાધાન કરવાની જગ્યાએ આવા જીવલેણ હુમલા કરવાનું કામ કરવામાં આવે છે. ખૂબ દુઃખની વાત છે. AAP નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું હતું કે હું ભગવાનને પ્રાર્થના કરું છું કે બહેનને શક્તિ આપે અને તેઓ જલ્દી સાજા થાય. સાથે સાથે ભાજપના અહંકારી નેતાઓને પણ સદબુદ્ધિ આપે, કારણ કે ગુજરાતની રાજનીતિમાં આવા હુમલાઓનું કોઈ સ્થાન નથી. ગુજરાતના લોકો તમને સારી રીતે ઓળખી ગયા છે.

# સોમનાથથી AAPની "પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા"નો પ્રારંભ,ઘૂંસીયા ગામે પ્રથમ સભા યોજાઇ

સોમનાથ : આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂતોના પ્રશ્નોને લઈને "પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા"ની શરૂઆત સોમનાથથી કરવામાં આવી. યાત્રાની શરૂઆત પહેલાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા સહિત આગેવાનો અને કાર્યકર્તાઓએ ભગવાન સોમનાથ મહાદેવના દર્શન કરીને આશીર્વાદ લીધા અને ત્યારબાદ AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. જેની પ્રથમ સભા ઘૂંસીયા ગામે યોજાઈ હતી. આ તકે સભાને સંબોધન કરતા પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ખેડૂત હિત અને યુવાનોના અધિકારો માટે શરૂ કરવામાં આવેલી આ યાત્રા સંઘર્ષ અને સંકલ્પની યાત્રા છે. તેમણે જણાવ્યું કે ૧૦૮ દિવસની તપશ્ચર્યા પૂર્ણ કરીને યુવાનો હવે નવી ઉર્જા અને દ્રઢ નિશ્ચય સાથે મેદાનમાં ઉતર્યા છે અને અન્યાય સામે લડવા તૈયાર છે. યાત્રાનો પ્રારંભ દાદા સોમનાથના આશીર્વાદ સાથે કરવામાં આવ્યો છે. પ્રવીણભાઈ અને મનોજભાઈની આગેવાનીમાં શરૂ થયેલી આ યાત્રાને સ્થાનિક કાર્યકરો અને ગામજનોએ ઉત્સાહભેર સમર્થન આપ્યું હતું. પ્રદેશ પ્રમુખે જણાવ્યું કે ખેડૂતોના પ્રશ્નો અંગે યોગ્ય અને પૂરતા નિર્ણય ન લેવાતા હવે જનતા પોતાનો નિર્ણય મતપેટી દ્વારા આપશે. AAP પ્રદેશ પ્રમુખે જણાવ્યું કે ખેડૂતો માટે અવાજ ઉઠાવનાર આગેવાનો પર કાર્યવાહી કરવામાં આવી, જેલવાસ ભોગવવો પડ્યો અને આંદોલનો દરમિયાન કડક વલણ અપનાવવામાં આવ્યું. તેમ છતાં, ખેડૂતો અને યુવાનોનો સંકલ્પ અડગ રહ્યો છે.આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ "પરિવર્તન લાવો, ખેડૂત બચાવો" છે. તેમણે કાર્યકરોને અપીલ કરી કે તેઓ ગામે-ગામે જઈ લોકોને સાચી માહિતી પહોંચાડે અને આવનારી તાલુકા તથા જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં ખેડૂતોના હિતમાં નિર્ણય લેવા જનજાગૃતિ ફેલાવે. આ તકે સભાને સંબોધન કરતા ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામે જણાવ્યું હતું કે



ગુજરાતના ખેડૂતો હાલ ગંભીર પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. ખેડૂતોને પાકનો યોગ્ય ભાવ મળતો નથી, બિયારણની ગુણવત્તા અંગે ફરિયાદો છે, ખાતર સમયસર મળતું નથી અને પાક વીમાની રકમ સમયસર ચૂકવાતી નથી. સરકારની ખોટી નીતિઓના કારણે ખેડૂતો આર્થિક રીતે નબળા પડી રહ્યા છે. તેમણે વધુમાં આક્ષેપ કર્યો કે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલી કેટલીક વેપાર નીતિઓ ભારતીય ખેડૂતો માટે અન્યાયકારક છે. આયાત-નિકાસ નીતિઓમાં અસમાનતા હોવાથી સ્થાનિક ખેડૂતોને સ્પર્ધામાં નુકસાન વેઠવું પડે છે. "પરિવર્તન લાવો, ખેડૂત બચાવો" માત્ર નારો નથી, પરંતુ ખેડૂતોને ન્યાય અપાવવાનો સંકલ્પ છે. રાજ્યભરમાં આ યાત્રા દ્વારા ખેડૂતોના પ્રશ્નો જનતા સુધી પહોંચાડવામાં આવશે અને સરકારને જવાબદાર બનાવવામાં આવશે. ખેડૂતોને યોગ્ય ભાવ, સમયસર બિયારણ-ખાતર અને પાક વીમાની સુવિધા મળે તે માટે આ લડાઈ લડવામાં આવશે. તેમણે જણાવ્યું કે પોતાના જિલ્લામાંથી, પોતાના ગામમાંથી અને કાર્યકર્તાઓના આશીર્વાદ સાથે અમે આ યાત્રા શરૂ કરી છે અને ખેડૂતો માટે ન્યાય મળ્યા વગર અટકવાના નથી. આમ આદમી પાર્ટીની "પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા" દરમિયાન પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે આ યાત્રા એક હવન સમાન છે, જેમાં ગુજરાતના લોકો પોતાની ભાગીદારી આપી રહ્યા છે.

### ગ્રાન્ટ મળ્યા છતાં સુવિધાઓ નથી, AAP નેતાએ પ્રશ્ન ઉઠાવતા હુમલો કેમ?

# ગોંડલમાં AAP નેતા પર જીવલેણ હુમલો, કડક કાર્યવાહી કરવા ગૌરી દેસાઈની માંગ

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈએ જણાવ્યું હતું કે આજે ગોંડલમાં ભગતપુરા પાર્ક ખાતે આવેલા સરસંગ પાર્કમાં રોડ,રસ્તા અને પાણીના પ્રશ્નો સ્થાનિક લોકો દ્વારા ઉઠાવવામાં આવ્યા હતા. આ પ્રશ્નો જીગીશાબેન પટેલ સુધી પહોંચ્યા હતા અને તેઓ સ્થાનિક લોકો સાથે વાતચીત કરવા ત્યાં ગયા હતા. તે દરમિયાન અમુક તત્વો દ્વારા તેમની પર હુમલો કરવામાં આવ્યો. ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટરને મોટી મોટી ગ્રાન્ટ મળવા છતાં પણ ત્યાં સ્થાનિક લોકોને મૂળભૂત સુવિધાઓ મળી રહી નથી. પ્રશ્નો હલ થતા નથી. અને જ્યારે કોઈ નેતા સ્થાનિક લોકોના પ્રશ્નો હલ કરવાની ભાવના સાથે આગળ વધે છે, ત્યારે આવી રીતે હુમલા કરાવવામાં આવે છે. હું આ વિડિયોના માધ્યમથી કહેવા માંગું




છું કે ભારતીય જનતા પાર્ટીના નેતાઓ જનતાના પૈસાનો દુરુપયોગ કરે છે. પરંતુ જ્યારે આજે જીગીશાબેન પટેલે પ્રશ્નો હલ કરવા માટે સ્થાનિક કોર્પોરેટરને ફોન કર્યો, ત્યારે તેમની ત્યાં જવાની જાણ માત્ર તે કોર્પોરેટરને જ હતી. ત્યારબાદ અમુક લોકો દ્વારા તેમના પર હુમલો કરવામાં આવ્યો. અમારી એક જ માંગ છે કે જેમણે આ હુમલો કર્યો છે તેમના સામે તાત્કાલિક કાયદેસરની ફરિયાદ નોંધાઈ અને કડક કાર્યવાહી કરવામાં આવે. લોકો આમ આદમી પાર્ટીને ખૂબ પ્રેમ આપે છે. આમ આદમી પાર્ટી કોઈ પણ હુમલાથી કે કેસોથી ડરવાની નથી. અમે જનતાના પ્રશ્નો માટે હંમેશા ઊભા રહી લડત લડતા રહીશું અને લોકોના વિશ્વાસને જાળવી રાખીશું. ભારતીય જનતા પાર્ટીએ જે પણ કુકર્મો કર્યા છે તેના સામે અમે કાનૂની અને લોકશાહી રીતે લડત ચાલુ રાખીશું.

# જૂનાગઢમાં પ્રાકૃતિક કૃષિ સંદર્ભે ખેડૂત વૈજ્ઞાનિક વાર્તાલાપ : ૩૭ ખેડૂતોની બે દિવસીય તાલીમ શરૂ

નરેન્દ્ર દવે જૂનાગઢ : જૂનાગઢમાં ખેડૂત વૈજ્ઞાનિક વાર્તાલાપ અંતર્ગત આજથી બે દિવસીય તાલીમનો પ્રારંભ થયો છે. જેમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પેદાશોનું બજાર વ્યવસ્થાપન, જમીનના આરોગ્યની સુધારણા સહિતના મુદ્દે કૃષિ તજજ્ઞો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જૂનાગઢ પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્માની કચેરી દ્વારા આયોજિત બે દિવસીય પ્રાકૃતિક કૃષિ સંદર્ભેની તાલીમમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસરશ્રી સુનિલ છોડવડીયાએ પ્રાકૃતિક કૃષિના આધાર સ્તંભરૂપ પાંચ આયામો, જમીનનું આરોગ્ય અને પોષક તત્વોનું સંચાલન વિશે માર્ગદર્શન કર્યું હતું, ઉપરાંત આસિસ્ટન્ટ પ્રોફેસરશ્રી કેવલ હિરપરાએ પણ પ્રાકૃતિક કૃષિમાં પિયત વ્યવસ્થાપન અને જળસંચય તથા બાયો ઈનપુટ બનાવવાની પદ્ધતિઓ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.સંયુક્ત ખેતી નિયામકશ્રી એસ.એમ. ગધેસરિયા ની પણ પ્રેરક ઉપસ્થિતિમાં જૂનાગઢ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી ડી.જી રાઠોડે પણ પ્રાકૃતિક કૃષિના મહત્વ વિશે ખેડૂતોને અવગત કર્યા હતા, આત્માના ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી સંદીપ પરમાર પ્રાકૃતિક કૃષિ પેદાશોના બજાર વ્યવસ્થાપન વિશે જાણકારી આપી હતી. ઉપરાંત બાગાયત અધિકારી શ્રી રાજેશ ચૌહાણે પણ પ્રાકૃતિક કૃષિમાં બાગાયત ખેતીનું મહત્વ અને બાગાયત ખેતી વિશેની યોજનાકીય માહિતી આપી હતી. જૂનાગઢમાં સરદાર બાગ ખાતે પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્માની કચેરી ખાતે આયોજિત આ તાલીમમાં જિલ્લાના ૩૭ જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો. આ તાલીમ તા.૨૫- ૨-૨૦૨૬ના રોજ સંપન્ન થશે.

# જૂનાગઢની બહાઉદ્દીન સરકારી આટર્સ કોલેજ ખાતે "એક ભારત શ્રેષ્ઠ ભારત" વિષય પર રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સંલગ્ન જૂનાગઢની ઐતિહાસિક બહાઉદ્દીન સરકારી આટ્ર્સ કોલેજના IQAC વિભાગ દ્વારા તાજેતરમાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત' વિષય પર એક ભવ્ય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG) ના આર્થિક સહયોગથી તા.૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ આયોજિત આ સેમિનારમાં વિવિધ કોલેજોના આચાર્યો, અધ્યાપકો અને આશરે ૩૦૦ જેટલા પ્રતિભાગીઓએ ઉત્સાહભેર ભાગ લઈ રાષ્ટ્રીય એકતાના મંત્રને ગુંજતો કર્યો હતો. સેમિનારના મુખ્ય વક્તા તરીકે રાજસ્થાન વિદ્યાપીઠ, ઉદયપુરના કુલાધિપતિ પ્રો.ડૉ. બળવંત જાનીએ ભારતીય જ્ઞાન પરંપરા અને બંધારણીય પાસાઓ દ્વારા રાષ્ટ્રને એકસૂત્રે બાંધતા પરિબળો પર પ્રકાશ પાડ્યો હતો. બીજા મુખ્ય વક્તા પ્રો. મહેશભાઈ ઓઝાએ યુવાનોને રાષ્ટ્રીય એકતાના 'રાજદૂત' બનવા આહ્વાન કરી આંતર-રાજ્ય સાંસ્કૃતિક વિનિમયનું મહત્વ સમજાવ્યું હતું. બપોરના સત્રમાં સંશોધન પત્રોની પ્રસ્તુતિ માટે ચાર સમાંતર (પેરેલલ) ટેકનિકલ સેશન યોજાયા હતા. જેમાં વિદ્યાર્થીઓ અને સંશોધકોએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' ના વિવિધ પાસાઓ પર પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. આ સત્રોનું સંચાલન કોલેજના જ નિષ્ણાત અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. જે. આર. વાંઝાએ મહેમાનોનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, સાંસ્કૃતિક આદાન પ્રદાન અને વિવિધતામાં એકતા જ ભારતની સાચી શક્તિ છે. વિશેષ ઉપસ્થિત બહાઉદ્દીન સાયન્સ કોલેજના આચાર્ય ડૉ.આર. પી. ભટ્ટે ૧૯૦૨થી ચાલી આવતા કોલેજના ઐતિહાસિક વારસાને રાષ્ટ્રીય ચેતના સાથે જોડી પ્રેરણાદાયી ઉદબોધન આપ્યું હતું. ઉદ્ઘાટન સત્રનું સંચાલન ડૉ. દીપિકા કેવલાણીએ કર્યું હતું. આ રાષ્ટ્રીય કક્ષાના આયોજનમાં સૌરાષ્ટ્રની વિવિધ કોલેજોના પ્રતિષ્ઠિત આચાર્યશ્રીઓ સર્વશ્રી ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડ, ડૉ.રાજેશ રાઠોડ, ડૉ.કે.એસ. મેઘનાથી, ડૉ.બલરામ ચાવડા, ડૉ.મગનભાઈ ત્રાડા, ડૉ.દિનેશ ડઢાણિયા, ડૉ.જમકુબેન સોજિત્રા, ડૉ. પરવેઝ બ્લોચ, ડૉ.એ. પી. મ્યાત્રા અને ડૉ. ડી. વી. દવે સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા.

# જૂનાગઢ મા સંસ્કૃતિ એપાર્ટમેન્ટમાં રશિયાના કાર્યક્રમ સાથે હિન્દુ સંમેલનનું આયોજન થયું





નરેન્દ્ર દવે જૂનાગઢ

તા. ૨૩,૨,૨૦૨૬ના રોજ જૂનાગઢમા સંસ્કૃતિ એપાર્ટમેન્ટમાં રશિયાના કાર્યક્રમ સાથે હિન્દુ સંમેલનનું આયોજન થયું હતું જેમાં આસપાસના લોકો બહોળી. સંખ્યામાં જોડાયા હતા. આ હિન્દુ સંમેલનમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના જૂનાગઢ વિભાગના સહ કાર્યવાહજીશ્રી જીતેશભાઇ પનારા દ્વારા પંચ પરિવર્તન અંગે ની વિસ્તૃત માહિતી આપી હતી.બાવાશ્રીની પણ વિશેષ ઉપસ્થીતી રહી હતી. સાથે સાથે જૂનાગઢ નગર સહ કાર્યવાહશ્રી અમિતભાઈ જસાણી અને ઉપનગરની ટીમની પણ ઉપસ્થિતિ રહી હતી.આ કાર્યક્રમ નું સફળ આયોજન શ્રી રાજભાઈ વિઠલાણી. શ્રી કમલભાઈ રાજા તેમજ શ્રી દીપકભાઈ રાજા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઈડરમાં ઈન્ટરનેશનલ કોલ સેન્ટર પર SMCના દરોડા, 40 મોબાઈલ, 12 લેપટોપ જપ્ત

અમદાવાદ : SMCની ટીમે દરોડા 15 કલાકથી વધુ સમય સુધી ચલાવ્યા. દરોડા દરમિયાન 40 મોબાઈલ, 12 લેપટોપ, 4 હાઈસ્પીડ રાઉટર, હેડફોન, ચાર્જર, કેબલ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઉપરાંત 10 આરોપીઓની અટકાયત કરવામાં આવી છે અને મોંઘીદાટ કાર પણ કબજે લેવામાં આવી છે. ઈડર ખાતે સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC)ની ટીમે મોટી કાર્યવાહી કરીને એક ગેરકાયદેસર ઈન્ટરનેશનલ કોલ સેન્ટર પર દરોડા પાડ્યા છે. આ કોલ સેન્ટર ઈડર બરવાવ રોડ પર ભાજપના પૂર્વ ઉપપ્રમુખ મુકેશ સોલંકીના કોમ્પ્લેક્સમાં સ્થિત હતું અને છેલ્લા ત્રણ વર્ષથી ભાડાના મકાનમાં ચાલતું હતું. આ કોલ સેન્ટરમાં કામ કરતા લોકો વિદેશોમાં લોન આપવાના બહાને લોકો સાથે છેતરપિંડી કરતા હતા, જેમાં ડોલરમાં લોન લીધા પછી તેને ભારતીય કરન્સીમાં કન્વર્ટ કરીને લાખો કરોડો રૂપિયાની છેતરપિંડી થતી હોવાનું સામે આવ્યું છે. SMCની ટીમે દરોડા 15 કલાકથી વધુ સમય સુધી ચલાવ્યા. દરોડા દરમિયાન 40 મોબાઈલ, 12 લેપટોપ, 4 હાઈસ્પીડ રાઉટર, હેડફોન, ચાર્જર, કેબલ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# મંજૂરી વગર ખેતરોમાં વીજપોલ નાખી દેવાતા બાવળાના 6 ગામના ખેડૂતોનો હોબાળો

અમદાવાદ : અમદાવાદના બાવળામાં છ ગામ - રૂપાલ, આદરોડા, ઝેકડા, સાકોડ વાસના, કોચરિયા, સાલજડાના ખેડૂતોએ વીજ કંપનીઓ સામે મોરચો ખોલ્યો છે. ખેડૂતોએ આરોપ મૂક્યો છે કે ખેતરોમાં ઊભા પાકનો સોથવાળી વીજ કંપનીઓએ ખેડૂતોને વિશ્વાસમાં લીધા વગર બળજબરી પૂર્વક વીજપોલ નાખી દીધા છે. જેથી પાકને નુકસાન થયું છે અને વળતર પણ ઓછું આપ્યું છે. વીજ કંપનીઓની મનમાનીથી પંથકના ખેડૂતોમાં રોષ ફેલાયો છે. જે બાબતે આજે છ ગામના ખેડૂતોએ ભેગા મળીને વીજ કંપનીઓ પર કાર્યવાહીની માગ અને યોગ્ય વળતર માટે બાવળા મામલતદાર અને પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું. કચેરી બહાર આક્રોશ ઠાલવી 'હાય રે દલાલો, હાય હાય'ના સૂત્રોચ્ચાર કર્યા હતા. ખેડૂતોએ બાવળા પ્રાંત અને મામલતદારને રજૂઆત કરી છે કે, બાવળા તાલુકાના ગામોમાં અને બાવળા સિમમાં ખેતીની જમીનમાં વીજપોલ કંપનીઓ દ્વારા કોઈપણ ખેડૂત પરિવાર સાથે વાતચીત કર્યા વગર પિયત પાક તથા બાગાયતી પાકના વૃક્ષો કાપી નાખવામાં આવ્યા છે. આ કંપનીઓએ પોલીસ રક્ષણ મેળવી ખેડૂતની ખેતીની જમીનમાં બળજબરી પૂર્વક વીજપોલ નાખ્યા છે. ભારત સરકાર દ્વારા આપેલ નીતિ નિયમો અને કાયદાનો સરેઆમ ઉલ્લંઘન કરેલો છે. વધુમાં ખેડૂતોએ નુકસાનનો દાવો કરતાં મુખ્ય ત્રણ માગ મૂકી છે, વીજપોલ કંપનીઓ દ્વારા ખેડૂતોના ખેતરમાં પિયત પાક અને બાગાયતી વૃક્ષોનો નાશ કર્યો. તેનું વળતર આપવામાં આવે, ખેડૂતોને વીજપોલ થાંભલા (બેઇઝ) અને વાયર(કોરીડોર)નું વળતર બજાર કિંમતના અનેક ગણું વધારે આપવામાં આવે અને થાંભલા(બેઇઝ) દીઠ રૂપિયા 50,000/- માસિક ભાડું ચુકવવામાં આવે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## જંગલેશ્વરમાં હિસ્ટ્રીશીટરો સામે કાર્યવાહી કરી તંત્ર સાબદું થયું

# રાજકોટમાં ગેરકાયદે દબાણ પર બુલડોઝર ફરી વળ્યું હાહાકાર

(એજન્સી) રાજકોટ । તા. 24

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં ગુનેગારો અને મવાલી તત્વો દ્વારા ખડકી દેવામાં આવેલા ગેરકાયદે સામ્રાજ્ય પર સરકારી તંત્રએ જોરદાર હથોડો વીંઝ્યો છે. રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત ઓપરેશનમાં ૧૧ જેટલા ખતરનાક હિસ્ટ્રીશીટરોની ૯૭ ઓરડીઓ અને ૮ પાકાં મકાનોને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા છે. વહીવટીતંત્રે સવારથી જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે બુલડોઝર ફેરવીને ગુંડાતત્વોની શાન ઠેકાણે લાવી દીધી છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે.

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી જગદીશ બાંગરવાએ આ કાર્યવાહી અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, અનેક નામચીન હિસ્ટ્રીશીટરો સરકારી જમીન પર ગેરકાયદે ઓરડીઓ બાંધીને ગરીબ ભાડૂતો પાસેથી દર મહિને મોટી રકમ વસૂલતા હતા. આ ગુનેગારો ગુનાખોરી દ્વારા વસાવેલી મિલકતોનો ઉપયોગ ગેરકાયદે પ્રવૃત્તિઓ માટે કરતા હતા. ડિમોલેશન દરમિયાન ૮ પાકા મકાનો, ૯૭ ઓરડીઓ, ૨ દુકાનો અને એક મોટા વંડા પર કરવામાં આવેલું ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવ્યું છે.



તંત્રની આ કાર્યવાહીમાં અનેક મોટા માથાઓની મિલકતો સાફ થઈ ગઈ છે. જેમાં મુખ્યત્વે:

રહેમત ઉર્ફે રમા જુણેજા: આ ગાંજા પેડલરના ૩ મકાન અને ૪૮ ઓરડીઓ તેમજ ૩૦૦૦ સ્ક્વેર ફૂટના વંડાને તોડી પડાયો છે.

સમીર ઉર્ફે મુરઘો: ગુજસીટોક સહિત ૧૪ ગુનામાં સંડોવાયેલા આ શખ્સની ૩ ઓરડીઓ તોડી પડાઈ છે.

ઈમરાન ઉર્ફે ટીકડો: ૨૭ ગુનાઓમાં જેનું નામ છે તેવા આ ગુનેગારનું મકાન અને દુકાન જમીનદોસ્ત કરાયા છે.

તોસીફ ઉર્ફે બાઘો અને અસીમ ઉમરેટીયા: બુટલેગિંગ અને પ્રોહિબિશનના ગુના હેઠળ આ શખ્સોના મકાનો અને ડઝનબંધ ઓરડીઓ હટાવાઈ છે.

### પોલીસનો સખત બંદોબસ્ત અને તંત્રનો મક્કમ નિર્ધાર

આ ડિમોલેશનની કામગીરી દરમિયાન કોઈ અઘટિત ઘટના ન બને તે માટે જંગલેશ્વર વિસ્તારને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ગુજસીટોક હેઠળના ગુનેગારો અને પ્રોહિબિશનના રીઢા ગુનેગારો દ્વારા પચાવી પાડેલી સરકારી જમીનોને ખુલ્લી કરાવવામાં આવી છે. તનવીર ઉર્ફે તનીયો અને વિનુ સિંધવ જેવા બુટલેગરોની દુકાનો અને ઓરડીઓ પર પણ તંત્રએ સપાટો બોલાવ્યો છે.

રાજકોટ પોલીસ અને વહીવટીતંત્રના આ સખત વલણથી સ્પષ્ટ સંકેત મળ્યો છે કે હવે ગુનેગારોનું કોઈપણ ગેરકાયદે બાંધકામ ચલાવી લેવામાં આવશે નહીં. મીડિયા અહેવાલ મુજબ, આગામી દિવસોમાં શહેરના અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં પણ આ પ્રકારે સર્વે કરીને ગેરકાયદે દબાણો હટાવવાની કામગીરી તેજ કરવામાં આવશે. સ્થાનિક લોકોએ તંત્રની આ કામગીરીને વધાવી લીધી છે, કારણ કે આ ગુનેગારોના ત્રાસથી સામાન્ય જનતા પરેશાન હતી.

## રાજકોટ એસ.ટી. બસ પોર્ટમાં ચોકીદાર જ ચોર નીકળ્યા, ખિસ્સાકાતરુઓને આપતા હતા 'ટીપ'



રાજકોટ | રાજકોટના અત્યાધુનિક એસ.ટી. બસ પોર્ટ અને માધાપર બસ સ્ટેન્ડમાં છેલ્લા ઘણા સમયથી મુસાફરોના ખિસ્સા કપાઈ જવાની ફરિયાદો ઉઠી રહી હતી. આ મામલે એ-ડિવિઝન પોલીસે ઊંડી તપાસ હાથ ધરી પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. આ તપાસમાં જે સૌથી ચોંકાવનારી વિગતો સામે આવી છે તે મુજબ, મુસાફરોની સુરક્ષા માટે રાખવામાં આવેલા સિક્યોરિટી ગાર્ડ જ ચોર ટોળકીને મુસાફરોની માહિતી અને લોકેશનની 'ટીપ' આપતા હતા. રાજકોટ બસ પોર્ટ અને માધાપર બસ સ્ટેન્ડમાં મુસાફરોના અંદાજે ૧.૨૧ લાખ રૂપિયાની ચોરી અંગે એ-ડિવીઝન અને ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદો નોંધાઈ હતી. પીઆઈ બી. વી. બોરીસાગર અને તેમની ટીમે સીસીટીવી ફૂટેજ તપાસતા જામનગરની એક શાતિર ટોળકીના છેડા રાજકોટ સુધી મળ્યા હતા. પોલીસે જામનગરના અમિન અબ્દુલ તરૈયા અને મુકેશ જશુ વાળાની ધરપકડ કરી છે, જેઓ ખાસ ચોરી કરવા માટે જ રાજકોટ આવતા હતા. પોલીસ તપાસમાં બહાર આવ્યું કે રાજકોટના અમિન અજીત નાગરિયા અને સંજય દેત્રોજા આ ગેંગને સહયોગ આપતા હતા.

## ખૌફનાક! રાજકોટમાં ઓફિસમાં ઘૂસી યુવક પર છરીના ૭ ઘા ઝીંકી જીવલેણ હુમલો

(એજન્સી) રાજકોટ । તા. 24

રાજકોટ શહેરના હસનવાડી વિસ્તારમાં સોમવારે (૨૩મી ફેબ્રુઆરી) મોડી રાત્રે કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતી એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. વિસ્તારમાં આવેલી એક કુરિયર ઓફિસમાં કામ કરી રહેલા અમન સંધી નામના યુવક પર બે હુમલાખોરોએ આયોજનબદ્ધ રીતે જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ યુવકના શરીર પર ઉપરાછાપરી છરીના ૭ ઘા ઝીંકી દેતા સમગ્ર વિસ્તારમાં દહેશતનો માહોલ છવાઈ ગયો છે.

### ઓફિસમાં કામ કરતા યુવક પર કાળ બનીને ત્રાટક્યા

અમન સંધી પોતાની ઓફિસ પર રૂટિન કામકાજમાં વ્યસ્ત હતો. રાત્રિના સમયે અચાનક જ બે શખસો ઓફિસની અંદર ઘસી આવ્યા હતા. કોઈ પણ પ્રાથમિક સંવાદ વગર હુમલાખોરોએ અમન સાથે ગાળાગાળી અને બોલાચાલી શરૂ કરી હતી. મામલો ઉગ્ર બનતા જ એક શખસે છરી કાઢી અમન પર આડેધડ હુમલો શરૂ કર્યો હતો. લોહીલુહાણ હાલતમાં અમન ત્યાં જ ઢળી પડ્યો હતો અને હુમલાખોરો નાસી છૂટ્યા હતા.

### દારૂ પીવા જેવી સામાન્ય બાબતે અદાવત!

ભક્તિનગર પોલીસની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. પોલીસને શંકા છે કે હુમલા પાછળ 'ભૂરીયો' અને 'ભગત' નામના બે શખસો સામેલ છે. તપાસ મુજબ, થોડા દિવસો પહેલા ઈજાગ્રસ્ત અમન અને આ બંને શખસો વચ્ચે દારૂ પીવા બાબતે ઉગ્ર ઝઘડો થયો હતો. આ જૂની અદાવતનો ખાર રાખીને બંને શખસોએ અમન પર ઓફિસમાં ઘૂસીને હુમલો કરવાનું કાવતરું ઘડ્યું હોવાનું માનવામાં આવે છે. ઘટના બાદ આસપાસના લોકો અને ઓફિસ માલિક દોડી આવતા અમનને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની હાલત અત્યંત નાજુક હોવાનું કહેવાય છે.




## સેન્ટ્રલ જેલના 14 કેદીઓ આપશે બોર્ડની પરીક્ષા, જેલ પ્રશાસન સજ્જ

(એજન્સી) વડોદરા । તા. 24

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૬મી ફેબ્રુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. આ શૈક્ષણિક યજ્ઞમાં વડોદરાની મધ્યસ્થ જેલના કેદીઓ પણ પોતાની પ્રતિભા સાબિત કરવા તૈયાર થયા છે. જેલના બંધનો વચ્ચે રહીને પણ અભ્યાસ પ્રત્યે રુચિ દાખવનાર ૧૪ જેટલા કેદીઓ આ વર્ષે બોર્ડની પરીક્ષા આપશે. વડોદરા સેન્ટ્રલ જેલમાંથી મળતી માહિતી મુજબ, આ વર્ષે કુલ ૧૪ કેદી પરીક્ષાર્થીઓ નોંધાયા છે. જેમાં વડોદરા જેલના ધોરણ ૧૦ ના ૮ કેદીઓ અને ધોરણ ૧૨ ના ૪ કેદીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત દાહોદ જેલના અન્ય ૨ કેદીઓ પણ વડોદરા સેન્ટ્રલ જેલ ખાતેથી જ પરીક્ષા આપશે. જેલ પ્રશાસન દ્વારા આ તમામ કેદીઓ માટે જેલ સંકુલમાં જ ખાસ પરીક્ષા કેન્દ્ર અને બેઠક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

જેલ અધિક્ષક ઉષા રાડાએ આ તૈયારીઓ અંગે જણાવ્યું હતું કે, પરીક્ષા દરમિયાન કેદીઓને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. ઉનાળાની શરૂઆત હોવાથી પરીક્ષાર્થીઓને તાપ ન લાગે તે માટે વાતાનુકૂલિત જેવું સાનુકૂળ વાતાવરણ, શુદ્ધ પીવાના પાણીની સુવિધા અને શાંત વાતાવરણની ખાતરી કરવામાં આવી છે.

## ઊના: ટ્રકના ટાયર નીચે બાઈક સવાર કચડાયો, શરીરના ટુકડા થતા થેલીમાં ભરીને હોસ્પિટલ ખસેડાયા

(એજન્સી) ઊના । તા. 24

ગીર સોમનાથ જિલ્લાના ઊના તાલુકામાં આજે સવારના સમયે એક કમકમાટીભરી અકસ્માતની ઘટના બની છે. તડ થી પાલડી જતા રોડ પર આગળ જઈ રહેલા એક ટ્રકની પાછળ બાઈક ઘૂસી જતાં ૪૦ વર્ષીય યુવાનનું અત્યંત દર્દનાક મોત નીપજ્યું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે યુવાનનું શરીર ટ્રકના ટાયર નીચે આવી જવાથી તેના ટુકડે-ટુકડા થઈ ગયા હતા. પાલડી ગામના રહેવાસી ભરતભાઈ રૂપાભાઈ બાબરીયા (ઉ.વ. ૪૦) તડ ગામે ફર્નિચર બનાવવાનું કામ પતાવીને આજે સવારે પોતાના બાઈક પર ગામ પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન તડ-પાલડી રોડ પર આગળ જઈ રહેલા ટ્રકના પાછળના ભાગે તેમનું બાઈક અથડાયું હતું. અકસ્માત બાદ ભરતભાઈ ટ્રકના પાછળના જોટા (ટાયર) નીચે આવી ગયા હતા. ટ્રકનું વ્હીલ તેમના માથા અને પેટ પર ફરી વળતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું.

### હૃદયદ્રાવક દ્રશ્યો: અવશેષો થેલીમાં ભરવા પડ્યા

અકસ્માતને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા, પરંતુ દ્રશ્યો એટલા ભયાનક હતા કે કોઈની જોવાની હિંમત ચાલતી નહોતી. ભરતભાઈના શરીરના ટુકડે-ટુકડા થઈ ગયા હોવાથી તેમના અવશેષોને પાવડા અને હાથની મદદથી ભેગા કરવા પડ્યા હતા. ત્યારબાદ આ અવશેષોને એક થેલીમાં ભરીને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતા.

### પોલીસ કાર્યવાહી અને ફરાર ટ્રક ચાલક

ઘટનાની જાણ થતાં જ નવાબંદર મરીન પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. અકસ્માત સર્જીને ટ્રક ચાલક પોતાનું વાહન મૂકીને સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. પોલીસે ટ્રક કબજે કરી ફરાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. પાલડી ગામના પરિવારે એક કમાતા યુવાનને ગુમાવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

## વડોદરા: અકોટામાં તંત્રના પાપનો ઘડો ફૂટ્યો! અગાઉની જગ્યાએ જ ફરી મસમોટો ભૂવો



વડોદરા | વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા અકોટા ગામ પાસે ફરી એકવાર જમીન માર્ગ ગરકાવ થવાની ઘટના સામે આવી છે. અકોટા ચાર રસ્તાથી મુજમહુડા તરફ જવાના મુખ્ય માર્ગ પર, દુલા શેઠ ગાર્ડન પાસે બરાબર એ જ જગ્યાએ ભૂવો પડ્યો છે જ્યાં થોડા દિવસો પહેલા જ પાલિકાએ મરામત કરી હતી. વારંવાર એક જ સ્થળે ભૂવો પડતા વડોદરા મહાનગર પાલિકાની કામગીરીની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, થોડા સમય પહેલા આ જ જગ્યાએ મોટો ભૂવો પડ્યો હતો ત્યારે વાહનચાલકોની સુરક્ષાને ધ્યાને રાખી પાલિકા દ્વારા ત્યાં રિપેરિંગની કામગીરી હાથ ધરાઈ હતી. જોકે, તંત્રએ માત્ર માટી અને રોડા નાખીને રસ્તો સમતલ કરી દીધો હતો. પાકા ડામર કામ કે નીચેની ડ્રેનેજ લાઈનની યોગ્ય તપાસ વગર કરાયેલી આ 'કામચલાઉ' કામગીરીને કારણે આજે ફરી એ જ સ્થળે રસ્તો બેસી ગયો છે. અકોટાનો આ વ્યસ્ત માર્ગ હવે રહીશોમાં 'ભૂવા માર્ગ' તરીકે ઓળખાવા લાગ્યો છે.

## વડોદરા: GSFC પાસે ચેતવણીનું બોર્ડ જોઈ કાર ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો, વૃદ્ધનું મોત



વડોદરા | વડોદરા શહેરના છાણી વિસ્તારમાં આજે વહેલી સવારે એક ગમખ્વાર અને વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જીએસએફસી (GSFC) થી દુમાડ તરફ જતા સર્વિસ રોડ પર એક કાર ઝાડ સાથે અથડાતા પાછળની સીટ પર બેઠેલા ૭૫ વર્ષીય વૃદ્ધનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. માર્ગ પર ચાલી રહેલા કામકાજને કારણે મુકવામાં આવેલી આડશ અને સાઈનબોર્ડને છેલ્લી ઘડીએ બચાવવા જતા આ કરુણાંતિકા સર્જાઈ હતી. કાર વહેલી સવારે સર્વિસ રોડ પરથી પસાર થઈ રહી હતી. આ માર્ગ પર સમારકામ ચાલતું હોવાથી તંત્ર દ્વારા ચેતવણીના બોર્ડ લગાવવામાં આવ્યા હતા. કાર ચાલકનું ધ્યાન છેલ્લી ઘડીએ આ બોર્ડ પર પડતા, તેણે અકસ્માત ટાળવા માટે અચાનક સ્ટેયરિંગ ફેરવી 'શાર્પ ટર્ન' લીધો હતો. આ પ્રયાસમાં કાર બેકાબૂ બની રોડની સાઈડમાં આવેલા એક મજબૂત ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી.

**પુત્રની સામે પિતાની હત્યા, હત્યારા સાળા-બનેવીની શોધખોળ**

# વડોદરા: ગોરવા પોલીસ સ્ટેશનની બહાર જ પુત્રની નજર સામે પિતાની કરપીણ હત્યા

(એજન્સી) વડોદરા । તા. 24

સંસ્કારી નગરી વડોદરામાં ગુનેગારોને પોલીસનો જરા પણ ડર રહ્યો ન હોય તેમ ગઈકાલે રાત્રે ગોરવા પોલીસ સ્ટેશનની બહાર જ એક આધેડની હત્યા કરવામાં આવતા સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ છે. ગોરવા ગામમાં રહેતા ૪૫ વર્ષીય અમીજી ઉર્ફે અબ્દુલભાઈ ઘાંચીની તેમના જ પુત્ર આરીફની નજર સામે હત્યા કરવામાં આવી છે. આ મામલે પોલીસે ફરાર આરોપી સાળા-બનેવી વિરુદ્ધ ગુનો નોંધી તેમની શોધખોળ હાથ ધરી છે.

ઘટનાની વિગતો મુજબ, સોમવારે રાત્રે દસેક વાગ્યે અબ્દુલભાઈ તેમના પુત્ર આરીફ પાસે આવ્યા હતા અને રડતા રડતા જણાવ્યું હતું કે સોહિલ રાણાએ તેમને કોઈ કારણ વગર ગાળો આપી બે લાફા માર્યા છે. પુત્રએ પિતાને શાંત પાડી ઘરે જવા કહ્યું હતું, પરંતુ અન્યાય સામે ફરિયાદ કરવાના ઈરાદે અબ્દુલભાઈ પોલીસ સ્ટેશન તરફ જવા નીકળ્યા હતા. પુત્ર પણ તેમની પાછળ દોડ્યો હતો.

અબ્દુલભાઈ પોલીસ સ્ટેશન પહોંચે તે પહેલા જ ગોરવા ગામના પ્રવેશ દ્વાર પાસે સોહિલ રાણા અને તેના બનેવી સંદીપ વાઘેલાએ તેમને આંતર્યા હતા. પુત્ર આરીફ કંઈ સમજે તે પહેલા જ સંદીપે કોઈ બોથડ પદાર્થ વડે અબ્દુલભાઈના માથામાં ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. ગંભીર ઈજાને કારણે પિતા ત્યાં જ ઢળી પડ્યા હતા. પુત્રએ પિતાને બચાવવા પમ્પિંગ પણ કર્યું, પરંતુ શરીરે કોઈ પ્રતિસાદ આપ્યો નહીં. આખરે હોસ્પિટલ લઈ જતા ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.



ગોરવા પોલીસે મૃતકના પુત્રની ફરિયાદના આધારે સોહિલ રાણા અને સંદીપ રાણા (વાઘેલા) સામે હત્યાનો ગુનો નોંધ્યો છે. પોલીસ સ્ટેશનની બિલકુલ નજીક બનેલી આ ઘટનાથી પોલીસના પેટ્રોલીંગ અને સુરક્ષા સામે સવાલો ઉઠી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, પોલીસે બંને હત્યારાઓને ઝડપી લેવા માટે અલગ-અલગ ટીમો બનાવી છે અને તેમના સંભવિત ઠેકાણાઓ પર દરોડા પાડવાનું શરૂ કર્યું છે.

**જિલ્લા એલસીબીએ 500 અને 200ના દરની નકલી નોટો જપ્ત કરી**

# સાવલીના આસોજમાં નકલી નોટો છાપવાનું કૌભાંડ ઝડપાયું

(એજન્સી) સાવલી । તા. 24

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના આસોજ ગામેથી ડુપ્લીકેટ ચલણી નોટો છાપવાનું એક વ્યવસ્થિત રેકેટ ઝડપાયું છે. જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે ચોક્કસ બાતમીના આધારે આસોજ ગામની સીમમાં આવેલા એક ભાડાના મકાન પર દરોડો પાડીને આ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. પોલીસે સ્થળ પરથી બે મુખ્ય સૂત્રધારોની ધરપકડ કરી છે અને નોટો છાપવાના સાધનો કબજે કર્યા છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આ ભેજાબાજોએ પોલીસ અને લોકોની નજરથી બચવા માટે આસોજ ગામમાં એક શાંત અને એકાંતવાળું મકાન ભાડે રાખ્યું હતું. આ મકાનમાં તેઓ અત્યાધુનિક કલર પ્રિન્ટરની મદદથી ૫૦૦ અને ૨૦૦ના દરની આબેહૂબ નકલી નોટો છાપતા હતા. પોલીસે દરોડા દરમિયાન મકાનમાંથી કલર પ્રિન્ટર, નોટો છાપવા માટે વપરાતા ખાસ પ્રકારના કાગળ અને શાહી (ઈન્ક) કબજે કરી છે. પોલીસે ઘટનાસ્થળેથી ૫૦૦ના દરની ૧૪ નોટો અને ૨૦૦ના દરની ૨ નોટો મળી કુલ ૧૬ નકલી નોટો જપ્ત કરી છે. પકડાયેલા બંને આરોપીઓની હાલ ઘનિષ્ઠ પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે, અત્યાર સુધીમાં આ ટોળકીએ કેટલી નકલી નોટો છાપી છે અને તેને કયા કયા બજારોમાં વટાવવામાં આવી છે. આ કૌભાંડમાં અન્ય કોઈ સ્થાનિક કે બહારના શખસો સામેલ છે કે કેમ તે દિશામાં પણ તપાસ લંબાવવામાં આવી છે.

આ ઘટના બાદ જિલ્લા પોલીસ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં ભાડે રહેતા શંકાસ્પદ લોકો પર નજર રાખવા અપીલ કરવામાં આવી છે. સામાન્ય રીતે ભીડભાડવાળા બજારો કે નાના વેપારીઓને નિશાન બનાવીને આવી નકલી નોટો બજારમાં ફરતી કરવામાં આવતી હોય છે.

## અર્ધનગ્ન હાલતમાં દેખાવ કરી સરકારની નીતિઓનો વિરોધ કર્યો

# રાજકોટમાં NSUIનો વિરોધ અર્ધનગ્ન હાલતમાં કાર્યકરો રસ્તા પર

(એજન્સી) રાજકોટ । તા. 24

સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટમાં આજે વિરોધ પ્રદર્શનનો એક અનોખો અને આક્રમક નજારો જોવા મળ્યો હતો. ગુજરાતમાં દિન-પ્રતિદિન વકરતા જતા ડ્રગ્સના નેટવર્ક અને દારૂબંધીના લીરેલીરા ઉડતી હોવાના આક્ષેપ સાથે નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI) ના કાર્યકરોએ મંગળવારે મોરચો માંડ્યો હતો. શહેરના અતિ વ્યસ્ત એવા કિશાનપરા ચોક ખાતે કાર્યકરોએ અર્ધનગ્ન હાલતમાં રસ્તા પર ઉતરી આવીને સૂત્રોચ્ચાર કરતા સમગ્ર વિસ્તારમાં ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. યુવાધનને નશાના રવાડે ચડાવતા તત્વો સામે કડક કાર્યવાહીની માંગ સાથે થયેલા આ પ્રદર્શનમાં અંતે પોલીસે દરમિયાનગીરી કરીને અનેક કાર્યકરોની અટકાયત કરી હતી.

રાજ્યમાં પકડાઈ રહેલા ડ્રગ્સના મોટા જથ્થા અને કથિત દારૂના વેચાણ સામે અવાજ ઉઠાવવા માટે NSUI ના કાર્યકરોએ અનોખો રસ્તો અપનાવ્યો હતો. કિશાનપરા ચોક ખાતે પહોંચેલા કાર્યકરોએ પોતાના શરીર પરથી કપડાં ઉતારી અર્ધનગ્ન હાલતમાં સરકાર વિરોધી નારા લગાવ્યા હતા. પ્રદર્શનકારીઓનું કહેવું હતું કે ગુજરાતમાં શિક્ષણના ધામો સુધી હવે નશો પહોંચી રહ્યો છે, જે આવનારી પેઢી માટે ઘાતક સાબિત થશે. સરકાર આ દૂષણને રોકવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ હોવાના આક્ષેપ સાથે કાર્યકરોએ રસ્તા પર બેસીને ચક્કાજામ કરવાનો પ્રયાસ કર્યો હતો.

વ્યસ્ત વિસ્તારમાં અચાનક થયેલા આ વિરોધ પ્રદર્શનને કારણે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો અને મોટી સંખ્યામાં લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. ટ્રાફિક જામની સ્થિતિ ગંભીર બનતા જ પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સમજાવટથી કાર્યકરોને હટાવવા પ્રયાસ કર્યો હતો, પરંતુ કાર્યકરો પોતાની માંગ પર અડગ રહ્યા હતા. અંતે પોલીસે બળપ્રયોગ કરીને તમામ દેખાવકારોને બળજબરીપૂર્વક પોલીસ વાનમાં બેસાડી દીધા હતા. જાહેર માર્ગ પર અવરોધ ઉભો કરવા અને કાયદો-વ્યવસ્થા જાળવવાના ભાગરૂપે પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી હતી.



NSUI ના હોદ્દેદારોએ ચીમકી આપી છે કે જો ડ્રગ્સના પેડલરો અને દારૂના બુટલેગરો સામે તાત્કાલિક કડક પગલાં લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સમગ્ર રાજ્યમાં આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે. મીડિયા અહેવાલ મુજબ, અટકાયત દરમિયાન પણ કાર્યકરોએ 'ડ્રગ્સ મુક્ત ગુજરાત' અને 'નશા મુક્ત શિક્ષણ' ના નારા લગાવીને પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ ઘટનાને પગલે રાજકીય વર્તુળોમાં પણ ચર્ચાઓ તેજ થઈ છે.

### તંત્ર સામે આકરા સવાલો

આ વિરોધ પ્રદર્શન દ્વારા NSUI એ સીધો જ પ્રહાર પોલીસ તંત્ર અને સરકારની કામગીરી પર કર્યો છે. કાર્યકરોએ સવાલ ઉઠાવ્યો હતો કે રાજ્યમાં દારૂબંધી હોવા છતાં આટલી મોટી માત્રામાં નશીલા પદાર્થો ક્યાંથી આવે છે? અત્યારે રાજકોટ પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે અને અટકાયત કરાયેલા કાર્યકરો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ ફરી એકવાર ગુજરાતમાં નશાખોરીના વધતા પ્રભાવ સામે લાલબત્તી ધરી દીધી છે.

## અકોટા બ્રિજ પાસે મૃત મગર મળ્યો

# વિશ્વામિત્રી નદીમાં વધુ એક મગરનું રહસ્યમય મોત, જીવદયા પ્રેમીઓ ચિંતિત

(એજન્સી) વડોદરા । તા. 24

સંસ્કારી નગરી વડોદરાની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં મગરોના વસવાટ માટે અનુકૂળ વાતાવરણ હોવા છતાં, છેલ્લા કેટલાક સમયથી મગરોના મૃતદેહ મળી આવવાના બનાવો વધ્યા છે. ગઈકાલે અકોટા બ્રિજ નીચેથી વધુ એક સાડા ત્રણ ફૂટના મગરનો મૃતદેહ મળી આવતા જીવદયા પ્રેમીઓમાં શોકની લાગણી છવાઈ છે. ફોરેસ્ટ વિભાગ દ્વારા મગરના મોતનું સચોટ કારણ જાણવા માટે કવાયત શરૂ કરવામાં આવી છે.

તાજેતરમાં જ વન વિભાગ દ્વારા વિશ્વામિત્રી નદીમાં મગરોની ગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં દુમાડથી તલસટ સુધીના ૧૭ કિમીના વિસ્તારમાં કુલ ૪૧૭ મગરો હોવાનું નોંધાયું હતું. એક તરફ મગરોની સંખ્યામાં વધારો થવો તે આનંદની વાત છે, પરંતુ બીજી તરફ અવારનવાર મળી આવતા મૃતદેહો વન વિભાગની ચિંતામાં વધારો કરી રહ્યા છે.

જીવદયા સંસ્થાના કાર્યકરોએ અકોટા બ્રિજ નીચેથી મગરના મૃતદેહને બહાર કાઢી ફોરેસ્ટ વિભાગને સોંપ્યો હતો. જે બાદ ભૂતડીઝાંપા પશુ આરોગ્ય કેન્દ્ર ખાતે ડો. વિમલ પટેલ દ્વારા મગરનું પોસ્ટ મોર્ટમ કરવામાં આવ્યું હતું. ડોક્ટરે જણાવ્યું હતું કે, મગરનો મૃતદેહ બે દિવસ જૂનો હોવાથી અને તે ડીકંપોઝ (સડી) થઈ ગયો હોવાથી પ્રાથમિક દ્રષ્ટિએ મોતનું કારણ જાણવું મુશ્કેલ છે. મગરના મોત પાછળ નદીનું ઝેરી પાણી કારણભૂત છે કે અન્ય કોઈ બીમારી, તે જાણવા માટે નમૂનાઓ લેવામાં આવ્યા છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ, લાલચ, જોડાણ, અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું.

**વૃષભ : બ. વ. ઉ.**

તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી.

**મિથુન : ક. છ. ઘ.**

કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે.

**કર્ક : ડ. હ.**

વાહન ચલાવતી વખતે ચેતતા રહેજો ખાસ કરીને વળાંક પર. અન્ય કોઈકની બેદરકારી તમારી માટે સમસ્યા ઊભી કરે શકે છે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે.

**સિંહ : મ. ટ.**

તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે.

**કન્યા : પ. ઠ. ણ.**

બહાર જવું-પાર્ટીઓ તથા જલસાઘર તમને આજે આનંદિત મિજાજમાં રાખશે. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે.

**તુલા : ર. ત.**

કામનું દબાણ આજે તાણ તથા ટેન્શન લાવી શકે છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. પ્રેમ જીવનમાં સારો વળાંક આવશે કેમ કે તમે સારો સંબંધ વિકસાવશો.

**વૃશ્ચિક : ન. ય.**

તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો નર્યો વેડફાટ છે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. તમને કોઈક સારા સમચાર મળશે જે તમને જ નહીં પણ તમારા પરિવારના સભ્યોને પણ ખુશખુશાલ કરી મુકશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો.

**મકર : ખ. જ.**

તમારૂં સ્મિત હતાશા સામે સંકટ-મોચક જેવું કામ કરશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો તમારા ઉદાર વર્તનનો લાભ તમારા બાળકોને ન લેવા દો.

**મીન : દ. ચ. ઝ. થ.**

મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારામાંના કેટલાક દાગીના અથવા હોમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. આજે તમે ડેટ પર જવાના હો તો, વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો.

### પોલીસે સખવદર તથા સર ગામની સીમમાંથી રૂ. 10.86 કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો

# સિહોરના સખવદર ગામે 3 વીઘા જમીનમાં વાવેતર કરેલ 1132.72 કિલોગ્રામ અફીણ-ગાંજો ઝડપાયો

(એજન્સી) સિહોર | તા.24

ભાવનગર અને ગુજરાતના ઈતિહાસમાં સૌથી મોટો અફીણ અને ગાંજાનો જથ્થો સિહોર પોલીસે ઝડપી પાડયો છે. સિહોર તાલુકાના સખવદર ગામે મરબીવાળો ઢોરો વિસ્તારમાં આવેલી વાડીના ત્રણ વીઘા જમીનમાં વાવેતર કરેલા ૧૧૩૨.૭૨ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે સખવદર ગામના બે શખ્સોને સિહોર પોલીસે ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. રવિવારે વહેલી સવારે શરૂ થયેલી કામગીરી ગત મોડી રાત સુધી ચાલી હતી. ભાવનગર અને ગુજરાતના ઈતિહાસમાં સૌથી મોટો અફીણ અને ગાંજાનો જથ્થો સિહોર પોલીસે ઝડપી પાડયો છે. સિહોર તાલુકાના સખવદર અને સર ગામના સીમાડે મરબીવાળું ઢોળાવાળી વાડીમાં બોઘા રૂપાભાઈ ચૌહાણ અને તેના ભાઈ સંજય ઉર્ફે મનુ ઉર્ફે સંઘા રૂપાભાઈ ચૌહાણે પોતાની વાડીમાં ગાંજા તથા અફીણના છોડનું વાવેતર કર્યું હોવાની બાતમીના આધારે સિહોર ડિવાય. એસ.પી. જે.એચ. દહિયાની સુચનાથી સિહોર પી.આઈ. બી.ડી. જાડેજા અને તેમની ટીમે ગતરોજ વહેલી સવારે બાતમીવાળી વાડીમાં તપાસ કરતા સંજય ચૌહાણના ખેતરમાંથી ગેરકાયદે ૪૮૭.૦૬ કિલોગ્રામ પોષ ડોડા અફીણના છોડ, ૨૨.૪૬૦ કિલોગ્રામ સુકવેલ પોષ ડોડા અને ૩.૩૦૦ કિલોગ્રામ લીલા ગાંજાના છોડ મળી કુલ રૂ.૪,૯૦,૭૭,૯૦૦ની કિંમતનો મુદ્દામાલ તથા બોઘા ચૌહાણની વાડીમાંથી ૫૯૯.૯૨ કિલોગ્રામ પોષ ડોડા અફીણના લીલા છોડ ૩.૬૦૦ કિલોગ્રામ સુકવેલ પોષ ડોડા અને ૧૫.૮૪૦ કિલોગ્રામ લીલા તથા સુકાગાંજાના છોડ મળી કુલ રૂ.૬,૦૨,૦૭,૪૦૦ની કિંમતના મુદ્દામાલ સાથે બન્નેને ઝડપી લઈ સિહોર પોલીસ મથકમાં એનડીપીએસની જુદી-જુદી કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



#### તપાસમાં જે નામ ખુલશે તેની સામે કાર્યવાહી થશે : એસપી

સિહોરના સખવદર ગામની સીમમાંથી કરોડોની કિંમતમાં અફીણ અને ગાંજાનો જથ્થો મળી આવવા અંગે જિલ્લા પોલીસવડાએ જણાવ્યું હતું કે, ગુજરાત અને ભાવનગરનો અફીણનો આ મોટો કેસ છે. આ લોકો નશાના આ જથ્થાનો ઉપયોગ કેવી રીતે કરતા હતા અને કોને વેચતા હતા. અગાઉ વાવેતર કરી મોટી માત્રામાં ગાંજો કેટલીવાર વેચ્યો છે કે નહી તેની દિશામાં તપાસ ચાલી રહી છે. તપાસમાં જે નામ ખુલશે તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

## સીરપમાં આરોપીનું નામ ખોલાવાની દાઝે પોલીસ કોન્સ્ટેબલ પર 3 શખ્સનો હુમલો

(એજન્સી) ભાવનગર | તા.24

બગદાણા યુવકના હુમલા પ્રકરણમાં ભાવનગર પોલીસ શંકાના દાયરામાં આવી ગઈ છે.તો ક્યાંક પોલીસ અધિકારી પર પોતાનાજ પોલીસ મથકના કોન્સ્ટેબલ પર ત્રાસ ગુજારવાની ફરિયાદ નોંધાઈ છે.તો ખૂંટવડા ના પીએસઆઈ પર યુવાનને માર મારવાનો ગુનો નોંધાયો છે.તેવામાં પોલીસ કોન્સ્ટેબલને માર મારવાની ઘટના સામે આવી છે. જેમાં ઘોઘા તાલુકાના નેસવડ ગામે રહેતા અને ભરતનગર પોલીસ મથકમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા લાલજીભાઈ વલ્લભભાઈ ડાભી ગઇ તા.૨૦ ફેબુરઆરી ૨૦૨૬ ના રોજ બપોરના આશરે પોણા ત્રણેક વાગ્યે નેસવડ ગામ ડાભીના મઢની વાડી પાસે કુટુંબી ભાઈ અતુલભાઈ બટુકભાઈ ડાભી તથા ત્વિકભાઈ જેન્તીભાઈ ડાભી ત્રણેય ઉભા હતા ત્યારે ગામના આકાશ વેલજીભાઈ ડાભી બુલેટ તથા લક્ષમણ વેલજીભાઈ ડાભી તેનુ મોટરસાયકલ તથા વીજય જગાભાઈ ડાભી ચાલીને ધસી આવ્યા હતા.અને ભત્રીજાઓને સીરપમાં નામ ખોલાવી કેમ પુરાવ્યા તેમ કહી ગાળો આપી લાકડાના ધોકા ,પાઈપ અને રસની સોટી વડે માર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. ત્રણેય જણા એ કહેલકે આ વખતે તો જવા દઈએ છીએ હવે જો અમારી કોઇ મેટરમાં દખલગીરી કરીશે તો જીવતો નહી રહે વા દઈએ તેમ કહી મને જાનથી મારી નાખવાની ધમકી આપી મોટર સાયકલો લઈને ભાગી ગયેલ હતા. ઈજાગ્રસ્ત પોલીસ કોન્સ્ટેબલને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ભાવનગરની સર.ટી.હોસ્પીટલમાં સારવાર.માટે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### પૈસા કમાવવાની ઓફર

## લિંક્ડઈન પર નોકરી શોધી રહેલા પીજના યુવક સાથે રૂપિયા 1.16 લાખની ઠગાઈ

નડિયાદ : વસો તાલુકાના પીજ ગામના લિંક્ડઈન પર નોકરીની શોધ કરી રહેલા યુવકને સાયબર ગઠિયાએ શોભા રિયાલિટી કંપનીના નામે ટાસ્ક આપી વિશ્વાસમાં લઈ ઓનલાઇન રૂ.૧,૧૬,૬૦૯ ટ્રાન્સફર કરી છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે છેતરપિંડીનો ભોગ બનનાર યુવાને વસો પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. વસો તાલુકાના પીજ ગામે આધ્યવિલા સોસાયટીમાં રહેતા અને મુંબઈ ખાતે ટેલી પરફોર્મન્સ કંપનીમાં નોકરી કરતા જયેશભાઈ નટવરલાલ કાપડિયા છેલ્લા ત્રણેક માસથી ઘરે હતા. તેઓએ નવી નોકરી મેળવવા માટે લિંક્ડઈન એપ્લિકેશન પર પોતાનું રિઝ્યુમ મૂક્યું હતું. આ દરમિયાન તા.૨૯-૧૨-૨૫ના રોજ શોભા રિયાલિટી નામની કંપની તરફથી જયેશભાઈને ઘરે બેઠા ટાસ્ક પૂરા કરીને પૈસા કમાવવાની ઓફર કરતો મેસેજ મળ્યો હતો. જેથી જયેશભાઈએ સંમતિ દર્શાવતા અજાણ્યા મોબાઈલ પરથી ફોન કરી તેમનું ઈન્ટરવ્યુ લઈને ટેલિગ્રામ પર 'રિયલ એસ્ટેટ આસિસ્ટન્ટ' નામના ગુરૂપમાં જયેશભાઈને જોઈન કરવામાં આવ્યા હતા.

## ભૂમેલ ગામેથી વિદેશી દારૂ સાથે એક મહિલા ઝડપાઈ

નડિયાદ : ખેડા એલસીબીએ ભૂમેલ ગામેથી પુળામાં સંતાડેલા વિદેશી દારૂની બોટલો સાથે મહિલાને ઝડપી પાડી હતી. આ બનાવ અંગે વડતાલ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ખેડા એલસીબી પેટ્રોલિંગમાં નીકળી હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે, ભૂમેલ ગામે ફાટક પાસે રહેતી જયાબેન ઘનશ્યામભાઈ ઉર્ફે મનુભાઈ પરમાર વિદેશી દારૂ સંતાડી રાખી છૂટક વેચાણ કરે છે. જેથી પોલીસે રેડ પાડતા ઘર આગળથી મળી આવેલ મહિલાની પૂછપરછ કરતા જયાબેન પરમાર હોવાનું જણાવ્યું હતું.

### રિમાન્ડ મેળવ્યા

## ભાવનગરમાં લોભામણી સ્કીમ બતાવી કરોડોની છેતરપિંડી આચરનાર શખ્સ ગિરફ્તાર

ભાવનગર : ભાવનગરમાં લોકો સાથે છેતરપિંડી આચરનાર શખ્સને ભાવનગર સીઆઈડી ક્રાઈમ એ ઝડપી લઇ ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. જીગરકુમાર ભટ્ટ તથા તેની માતા રેખાબેન ભટ્ટ સાથે વિવેક નાથાણી તથા તેનો પાર્ટનર પ્રતીકભાઈ ગલચટએ શરૂઆતમાં વિશ્વાસ સંપાદન કરવા શરૂઆતમાં જે નાણા રોકેલા તે જીગરકુમાર ને કરેલ વાયદા મુજબ પરત આપેલા અને વધુ નાણા રોકાવાની લોભામણી લલચામણી જાહેરાતો આપવાનું ચાલુ રાખતા જીગરકુમારએ વધુ નાણાનું રોકાણ કરેલ અને બન્ને શખ્સે દ્વિજા ફાઈનાન્સ સોલ્યુશન પ્રેમ્ફલેટ બતાવી મંથલી ૭ ટકા સુધીના વળતર આપવાની લોભામણી લલચામણી જાહેરાતો બતાવી જીગરકુમાર પાસેથી રૂ. ૬,૫૦,૫૪,૦૦૦ તથા અન્ય ૪૧ ભોગબનનાર /રોકાણકારો પાસેથી રૂ.૩,૯૨,૮૭,૩૭૮ નું રોકાણ મેળવી લઇ તે પૈકી આજદીન સુધી ફરી.ને રૂ. ૩,૦૨,૩૮.૫૦૦. તથા બીજા રોકાણકારોની રૂ.૧,૧૭,૯૨,૨૭૩ મળી કુલ રૂ.૪,૨૦,૩,૦૭,૭૩ જેટલી રકમ મેળવી લઇ જીગરકુમાર તથા અન્ય રોકાણકારોને પાકતી મુદતે નાણાની ચુકવણી નાણાકીય વિશ્વાસઘાત અને છેતરપીડી આચરી હતી.

### કંતાનના કોથળાની આડમાં દારૂ કાઠિયાવાડ તરફ લઈ જવાતો હતો

## તારાપુર-વટામણ હાઈવે પરના ટોલ ગામ નજીકથી 345 પેટી વિદેશી દારૂ ઝડપાયો



તારાપુર : તારાપુર-વટામણ હાઈવે પર ટોલ ગામના બ્રિજ પાસેથી પોલીસે વિદેશી દારૂની ૩૪૫ પેટી (૧૩,૨૧૨ બોટલ) સાથેનો જથ્થો ઝડપી પાડયો હતો. પોલીસે રૂ.૧૬.૪૬ લાખનો દારૂ, આઈસર ટ્રક, મોબાઈલ,રોકડ સહિત રૂ.૨૪.૫૭ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોને ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે દારૂ ભરેલી આઈશર આપનાર લાલુભાઈ પટેલ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

તારાપુર પોલીસ સ્ટાફ ટ્રાફિક નિયંત્રણમાં ફરજ પર હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે, વાસદ તરફથી આવતું બ્રાઉન કલરનું આઈસર કંતાનના કોથળા નીચે ભારતીય બનાવટનો વિદેશી દારૂ છુપાવી કાઠિયાવાડ તરફ લઈ જવામાં આવી રહ્યો છે. પોલીસે બાતમી મળેલું આઈસર આવતા અટકાવી તપાસ હાથ કંતાનના કોથળા જોવા મળ્યા હતા. વધુ તપાસ માટે ટ્રકને તારાપુર પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યો હતો. જ્યાં તપાસ દરમિયાન કંતાનના કોથળા નીચે છુપાવેલી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૩૪૫ પેટીઓ મળી આવી હતી. જેમાં કુલ ૧૩,૨૧૨ બોટલો હોવાનું બહાર આવ્યું હતું. ઝડપાયેલા દારૂની અંદાજિત કિંમત રૂ. ૧૬.૪૬ લાખ ગણવામાં આવી છે.પોલીસે ટ્રકમાં સવાર બે શખ્સોના નામઠામ સહિત વધુ તપાસ કરતા, એક શખ્સ સુમિતભાઈ અર્જુનભાઈ પટેલ બીજો શખ્સે ભરતભાઈ રમણભાઈ પટેલ અને બંને આરોપીઓએ દારૂની પેટીઓ ભરેલી આઈસર ટ્રક લાલુભાઈ પટેલ પાસેથી નવસારી મુકામેથી લીધેલી અને ગોંડલ પહોંચી લાલુને ફોન કરી લાલુના જણાવ્યા મુજબ, તેના માણસને દારૂ ભરેલી આઈસર ટ્રક આપી દેવા જણાવ્યું હતું, તેવી કબૂલાત કરી હતી.લાલુ ફોન પર અવાર નવાર માહિતી આપતો હોવાનું પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યુ છે.

### 15 દિવસ માં તૈયાર થયેલા રોડ પર પડ્યા ભષ્ટ્રાચારના ગાબડાં

# ચાણસ્મા નગર ના રેલવે નાળાથી બેચરાજી હાઈવે ને જોડતા 1 કિમીના લિંક નું રીશર્ફિંગ



| નિતીન ઠાકર | ચાણસ્મા.

પાટણ જિલ્લાના ગ્રામીણ વિસ્તારના તેમજ જોડતા કેટલાક લિંક રોડ પર ગાબડાં પડી જવા ના કારણો આ રસ્તાઓની હાલત નગર પીઠ સમાન બની જતાં રોડ પર પસાર થતા વાહનચાલકો માટે આવા રોડ પરથી પસાર થવું માથાના દુખાવા સમાન હતું ત્યારે સરકાર દ્વારા આવા જર્જરીત બનેલા પાકા રોડનું રીશર્સિંફિંગ કરવાની હાથ ધરવામાં આવતાં ચાણસ્મા નગરના રેલવે નાળાથી જસલપુર થઈ બેચરાજી હાઈવેને જોડતા 1 કિલોમીટરના રોડનું અંદાજે 15 દિવસ પહેલાં જ રીપેરીંગ કામ કરાયું હતું પરંતુ 15 દિવસમાં રોડમાં ગાંબડાં પડવાની શરૂઆત થઈ જતાં આ રોડ રીપેરીંગ કામની ગુણવત્તા સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે જ્યારે રોડની બાજુમાં તળાવનું પાણી હોવાથી ભેજના કારણે રોડ તુટતો હોવાનું ચાણસ્મા માર્ગ મકાન વિભાગના એસ.ઓ અર્જુનભાઈએ જણાવી જાણે કામના ભ્રષ્ટાચારને દબાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો હોવાનું જોવા મળ્યું હતું ચાણસ્મા તાલુકામાં બનતા આવા રોડના કામોની તપાસ થાય તો મોટો રોડની કામની ગુણવત્તામાં મોટો ભ્રષ્ટાચાર બહાર આવી શકે તેમ લોકોમાં ચર્ચાએ જોર પકડ્યું છે

## વહેરાખાડી પાસે હીટ એન્ડ રનમાં બાઈક ચાલકનું મોત

(એજન્સી) આણંદ | તા.24

આણંદ તાલુકાના વહેરાખાડી નજીક રવિવારે બનેલી એક હીટ એન્ડ રનની ઘટનામાં અજાણ્યા પિકઅપ ડાલાના ચાલકે એક બાઈકને ટક્કર મારતા બાઈક ચાલકનું સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે મૃતકના પત્ની ઈજાગ્રસ્ત થયા હતા. જે મામલે ખંભોળજ પોલીસે પિકઅપ ડાલાના ચાલક સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. મૂળ બિહારના વતની અને હાલ બોરસદના પામોલ રોડ ઉપર આવેલા અક્ષર નગર ખાતે રહેતા જય પ્રકાશ સુરેશ રામ પુરોહિતના બનેવીના પડોશી રાજુભાઈ ગત તારીખ ૨૨મી ફેબુરઆરીના રોજ તેઓના ઘરે આવ્યા હતા અને સંબંધીના લગ્ન પ્રસંગ વહેરાખાડી ખાતે હોવાથી ત્યાં જવાનું કહેતા જયપ્રકાશ ભાઈના બહેન બનેવી અને ભાણો સિદ્ધાર્થ બાઈક લઈને વહેરાખાડી જવા માટે નીકળ્યા હતા. લગ્ન પ્રસંગ પતાવી તેવો વેરાખાડીથી ઘરે પરત આવતા હતા.

## મોરબીની ઘટનાના વિરોધમાં મહુવામાં સોની બજાર સજ્જડ બંધ રહી

(એજન્સી) ભાવનગર | તા.24

મોરબીના સોની યુવાનની હત્યાના બનાવના વિરોધમાં મહુવામાં સોમવારે સોની વેપારીઓએ સંપૂર્ણપણે જડબેસલાક બંધ પાળ્યો હતો આ સાથે મહુવા શરાફ બજાર સોની એસો. ઉપરાંત ભાવનગર શહેરના ત્રણ જ્વેલર્સ એસો. દ્વારા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરાયુ હતુ. જયારે આગામી તા.૨૬-૨ ને ગુરૂવારે ભાવનગરના છ પૈકીના ત્રણ વેપારી મંડળો દ્વારા બપોર બાદ બંધ પાળવામાં આવશે. ગત તા.૧૯ ફેબુરઆરીના રોજ મોરબીના સોની યુવાનના ઘેર વાસ્તુનો પ્રસંગ હોવાથી રાજકોટ બહેનને તેડીને પરત આવી રહ્યા હતા. ત્યારે ઓવરટેક કરવા જેવી નજીવી બાબતે ઉશ્કેરાયેલા બે શખ્સે છરીના ઘા ઝીંકી હત્યા કરતા તેના ગુજરાતભરના સોની વેપારીઓમાં ઘેરા પ્રત્યાઘાતો



પડયા છે. રાજયમાં ઠેર ઠેર વેપારી મંડળો દ્વારા ધંધા રોજગાર બંધ રાખી હત્યારાને ઝડપી કડક સજા આપવાની માંગ કરાઈ રહી છે. મોરબીની ઘટનાના વિરોધમાં ભાવનગર શહેરના પીરછલ્લા શેરી, વોરાબજાર અને ભગાતળાવના સોની વેપારીઓ દ્વારા આગામી તા. ૧૯ ફેબુરઆરીને ગુરૂવારે બપોરે ૨ થી અડધો દિવસ સંપૂર્ણપણે દુકાનો બંધ રાખવામાં આવશે.

### સ્પેશિયલ પોક્સો કોર્ટનો ચુકાદો

## સગીરા પર દુષ્કર્મ ગુજારનાર વસોના રામોલના આરોપીને 20 વર્ષની સજા

નડિયાદ : નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે સગીર વયની બાળકી પર દુષ્કર્મ ગુજારવાના ગંભીર ગુનામાં વસો તાલુકાના રામોલ વિસ્તારમાં રહેતા આરોપી દશરથ ભીખાભાઈ સોલંકીને ૨૦ વર્ષની સખત કેદની સજા અને કુલ ૩૫,૦૦૦નો દંડ ફટકારતો મહત્વનો ચુકાદો આપ્યો છે. આ કેસની વિગત એવી છે કે, વસો તાલુકાના રામોલ વિસ્તારમાં રહેતા આરોપી દશરથ સોલંકીએ ગત તારીખ ૧૯-૦૪-૨૦૨૪ના રોજ નડિયાદ તાલુકાના ગંગાપુર ગામની ૧૪ વર્ષ અને ૪ માસની સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. આરોપી આ સગીરાને નડિયાદ બારકોશિયા રોડ પર આવેલા ઉસ્માનભાઈ અહેમદભાઈ સિનોરવાલાના લીમડાવાળા ખેતરમાં આવેલા છાપરામાં લઈ ગયો હતો અને ત્યાં તેની મરજી વિરુદ્ધ વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. આ બનાવ સંદર્ભે વસો પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. આ કેસ નડિયાદના સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલવા ઉપર આવ્યો હતો. જેમાં સરકારી વકીલે રજૂઆતો કરતા જણાવ્યું હતું કે, દેશમાં સગીર બાળકીઓ સાથેની આવી ઘટનાઓ વધી રહી છે અને સુપ્રીમ કોર્ટે પણ આવી ઘટનાઓ સામે લાલ આંખ કરી છે. સમાજમાં મજબૂત સંદેશો જાય તે માટે આરોપીને કડકમાં કડક સજા થવી અનિવાર્ય છે. કોર્ટે ૧૨ સાક્ષીઓ અને ૧૭ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈ આરોપી દશરથ સોલંકીને કસૂરવાર ઠેરવ્યો હતો. અદાલતે આરોપીને ઈ.પી.કો. કલમ ૩૬૩ મુજબના ગુનામાં ૫ વર્ષની સખત કેદ અને ૫,૦૦૦ દંડ, ઈ.પી.કો. કલમ ૩૬૬ મુજબના ગુનામાં ૫ વર્ષની સખત કેદ અને ૫,૦૦૦ દંડ તેમજ પોક્સો એક્ટની કલમ ૬ મુજબના ગુનામાં ૨૦ વર્ષની સખત કેદ અને ૨૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ કેદની સજાનો પણ હુકમ કરવામાં આવ્યો છે.

### નિરંકારી મિશન દ્વારા 'પ્રોજેક્ટ અમૃત' અંતર્ગત દેશભરમાં

## 'પાણીની રક્ષા, સૃષ્ટિની સુરક્ષા' માટે ૧૬૦૦ થી પણ વધારે સ્થળો પર અને અમદાવાદ/ ગાંધીનગર ખાતે 3 સ્થળ પર જળ સ્ત્રોતોની સફાઈનું અભિયાન

(એજન્સી) અમદાવાદ | તા.24

પ્રોજેક્ટ અમૃતના હેઠળ 'સ્વચ્છ જળ, સ્વચ્છ મન' અભિયાનના ચોથા તબક્કાનું ભવ્ય તથા પ્રેરણાસ્પદ આયોજન સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ અને નિરંકારી રાજપિતા રમિત જીના માર્ગદર્શન હેઠળ ભારતભરના ૨૫ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૯૩૦ શહેરોમાં ૧૬૦૦થી વધુ સ્થળોએ સફળતાપૂર્વક પૂર્ણ થયું, જેમાં લગભગ ૧૨ લાખ સ્વયંસેવકોએ ભાગ લીધો. ગાંધીનગર જીલ્લા ના કારોલી (દહેગામ જીલ્લા) ખાતે આવેલ વારહોલ તળાવ અને અમદાવાદ જીલ્લા ના વેજલપુર ખાતે આવેલ માલવ તળાવ તથા સિંગરવા ગામ નું તળાવ જેવા પાણી ના સ્ત્રોતોની સફાઈ કરવામાં આવી હતી. આ સ્થળો પર સંત નિરંકારી મંડળના ગાંધીનગર ના ઝોનલ ઈન્ચાર્જ સોહનસિંગ બાલ્યાનજી અને અમદાવાદ ના ઝોનલ ઈન્ચાર્જ ધર્મપાલ મોટવાનીજી ની હાજરીમાં કુલ ૪૦૦ થી ૫૦૦ સ્વયંસેવક હાજર રહ્યા હતા અને સફાઈ અભિયાન ને સફળ બનાવ્યો હતો.

સંત નિરંકારી મિશનની સામાજિક શાખા સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનના નેતૃત્વ હેઠળ, બાબા હરદેવ સિંહ જીની અનેક શિક્ષાઓથી પ્રેરણા લઈને 'પ્રોજેક્ટ અમૃત'નું આયોજન કરવામાં આવ્યું. આ પરિયોજના માનવને પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ બનાવીને



જળ સંરક્ષણ, સ્વચ્છતા અને પર્યાવરણ સંતુલન પ્રત્યે સામૂહિક સંકલ્પનો સંદેશ આપે છે.આ અવસર પર દિલ્હીમાં આયોજિત વિશેષ સત્સંગ કાર્યક્રમમાં સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજે તેમના અમૃતમય પ્રવચનોમાં કહ્યું કે બાબાજીની શિક્ષાઓ માત્ર યાદ રાખવા માટે નથી, પરંતુ જીવનમાં ઉતારવા માટે છે. સત્ગુરુ માતા જીએ કહ્યું કે સાચી શ્રદ્ધાંજલિ શબ્દોમાં નહીં, કર્મો થી આપવામાં આવે છે. જો આપણે પોતાને તેમના અનુયાયી કહીએ છીએ, તો આપણે આત્મમંથન કરવું પડશે કે શું આપણે ખરેખર પ્રેમ, સેવા, કરુણા અને સમદૃષ્ટિ જેવા માનવીય ગુણોને જીવનમાં ધારણ કરી રહ્યા છીએ. બાબા હરદેવ સિંહ જી મહારાજનું સમગ્ર જીવન માનવ કલ્યાણને સમર્પિત રહ્યું. તેમણે શીખવ્યું કે સેવા, સુમિરણ અને સત્સંગ જીવનનો આધાર છે. ભક્તિ માત્ર વાણી સુધી મર્યાદિત ન રહે, પરંતુ વ્યવહારમાં ઝળકે - આ જ તેમનો સ્પષ્ટ સંદેશ હતો.સત્સંગમાં આ અહ્વાન કરવામાં આવ્યું કે દરેક શ્રદ્ધાળુ તન-મન-ધનને નિરાકારની ભેંટ માનીને નિષ્કપટ ભાવથી સેવામાં જોડાય. જ્યારે સેવા સ્વાર્થરહિત હોય, ત્યારે જ તે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવે છે. અંતમાં એ જ કામના કરવામાં આવી કે બાબા જીની શિક્ષાઓ દરેક હૃદયમાં જીવંત રહે અને હેલ્થ સિટી જેવા પ્રકલ્પ માનવતાની ભલાઈ માટે નવા આયામ સ્થાપિત કરે.સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનના સચિવે વિગતવાર માહિતી આપતાં જણાવ્યું કે આ અભિયાનનો શુભારંભ સેવાદળના પ્રાર્થના ગીતથી થયો, જેથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક ઊર્જાથી ભરપૂર થઈ ઊઠ્યું.

### બાઈક અને ટાયરો બળીને ખાખ થઈ ગયા

## નડિયાદના રામ તલાવડી પાસે બે બંધ ગેરેજમાં ભીષણ આગ ભભૂકી

નડિયાદ : નડિયાદના રામ તલાવડી વિસ્તારમાં આવેલા બે બંધ ગેરેજમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા બાઈક અને ટાયરો બળીને ખાખ થઈ ગયા છે. મિશન રોડ પર એલીમ ચર્ચ સામે બનેલી આ ઘટનામાં ફાયર બ્રિગેડે સમયસર પહોંચી આગ પર કાબૂ મેળવતા મોટી જાનહાની ટળી છે.

નડિયાદ શહેરના રામ તલાવડી વિસ્તારમાં આવેલા બે બંધ ગેરેજમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. મિશન રોડ પર એલીમ ચર્ચની સામે આવેલા આ ગેરેજમાં આગ લાગવાની ઘટનાને પગલે વિસ્તારમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. આ આગમાં ગેરેજની અંદર પાર્ક કરેલી એક



બાઈક અને મોટા જથ્થામાં રાખેલા જૂના ટાયરો આગની ઝપેટમાં આવી ગયા હતા. ટાયરો સળગવાના કારણે આકાશમાં ધુમાડાના ગોટેગોટા દેખાયા હતા અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટના અંગે સ્થાનિકો દ્વારા નડિયાદ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર ફાયટરોની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર કર્મીઓએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

ભારતીય બજારમાં સ્વદેશી હોળીનો દબદબો વધ્યો છે | આર્થિક તેજી અને વોકલ ફોર લોકલ અભિયાન સફળ

# હોળી વેપાર ટર્નઓવર આ વર્ષે એંસી હજાર કરોડે પહોંચશે

(એજન્સી) અમદાવાદ | તા.24

દેશભરમાં રંગોના પર્વ હોળીને લઈને અત્યારે અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જેની સીધી અસર ભારતીય અર્થતંત્ર પર દેખાઈ રહી છે. ચાલુ વર્ષે હોળીના તહેવાર દરમિયાન દેશના બજારોમાં કુલ વેચાણનો આંકડો 80,000 કરોડ રૂપિયાને પાર કરી જવાની પ્રબળ શક્યતા છે. વેપારી સંગઠનોના જણાવ્યા અનુસાર, ગત વર્ષની સરખામણીએ આ વખતે ટર્નઓવરમાં 25 ટકા જેટલો તોતિંગ વધારો નોંધાશે. ખાસ કરીને 'વોકલ ફોર લોકલ' અભિયાનને કારણે ચાઈનીઝ વસ્તુઓનો સફાયો થયો છે અને સ્થાનિક કારીગરો દ્વારા નિર્મિત સ્વદેશી ચીજવસ્તુઓની માંગ આસમાને પહોંચી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતીય ગ્રાહકોની માનસિકતામાં મોટું પરિવર્તન આવ્યું છે. એક સમય હતો જ્યારે હોળીના બજારોમાં ચીની પિચકારીઓ અને રાસાયણિક રંગોનું આધિપત્ય હતું, પરંતુ વર્ષ 2021 થી આ ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. અત્યારે બજારમાં 100 ટકા ભારતીય બનાવટની વસ્તુઓ જોવા મળી રહી છે. કુદરતી રંગો, હર્બલ ગુલાલ, ચંદન અને સ્થાનિક સ્તરે બનેલી પૂજા સામગ્રીની ખરીદીમાં ગ્રાહકો વધુ રસ દાખવી રહ્યા છે. આ પરિવર્તનને કારણે દેશના કુટીર ઉદ્યોગો અને નાના વેપારીઓના વ્યવસાયમાં પ્રાણ ફૂંકાયા છે.વર્તમાન સમયમાં લોકો પોતાની ત્વચા અને સ્વાસ્થ્ય પ્રત્યે વધુ સજાગ બન્યા છે. જેના પરિણામે બજારમાં રાસાયણિક રંગોનું સ્થાન હવે હર્બલ અને ઓર્ગેનિક ઉત્પાદનોએ લીધું છે. માત્ર રંગો જ નહીં, પરંતુ કપડાંના બજારમાં પણ ભારે તેજી જોવા મળી રહી છે. હોળીની ઉજવણી માટે ખાસ કરીને સફેદ સુતરાઉ કુર્તા, પાયજામા અને પરંપરાગત વસ્ત્રોની માંગમાં મોટો ઉછાળો આવ્યો છે. ફેશન ઈન્ડસ્ટ્રીની સાથે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ઘર સજાવટની વસ્તુઓના વેચાણમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે.દેશની રાજધાની દિલ્હીમાં આ



વર્ષે અંદાજે 15,000 કરોડ રૂપિયાનો વેપાર થવાની ધારણા છે. ખાણી-પીણીના ક્ષેત્રમાં, ખાસ કરીને મીઠાઈની દુકાનો પર પરંપરાગત 'ગુજિયા' અને ડ્રાયફ્રૂટ્સના પેકેટ ખરીદવા માટે લોકોની લાંબી કતારો જોવા મળી રહી છે. કરિયાણા, ફળો અને ભેટ-સોગાદોના વ્યવસાયમાં પણ ગત વર્ષ કરતા વધુ તેજી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. મોટા શહેરોમાં વેપારી સંગઠનો આ આર્થિક ઉછાળાને વેપાર જગત માટે ખૂબ જ સકારાત્મક સંકેત ગણાવી રહ્યા છે.હોળી માત્ર આર્થિક લેવડ-દેવડનો વિષય નથી, પરંતુ તે સામાજિક એકતાનું પણ પ્રતીક છે. મીડિયા અહેવાલ મુજબ, એકલા દિલ્હીમાં જ ત્રણ હજારથી વધુ સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રકારના મોટા પાયે થતા આયોજનોને કારણે ઈવેન્ટ મેનેજમેન્ટ, કેટરિંગ અને ટેન્ટ હાઉસ જેવા આનુષંગિક વ્યવસાયોને પણ મોટો આર્થિક લાભ મળી રહ્યો છે. સમગ્ર દેશમાં અત્યારે ઉત્સવની સાથે આર્થિક સમૃદ્ધિનો રંગ પણ ઘેરો બન્યો છે.

## આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડેકલેરેશન પર હવે એકાણું દેશોની મહોર વાગી

નવી દિલ્હી: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના સુરક્ષિત અને જવાબદાર ઉપયોગ માટે ભારતના નેતૃત્વમાં લેવાયેલ આંતરરાષ્ટ્રીય પહેલને વિશ્વભરમાં વ્યાપક સમર્થન મળી રહ્યું છે. નવી દિલ્હીમાં યોજાયેલી 'એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026' ના અંતે વધુ ત્રણ દેશો - બાંગ્લાદેશ, કોસ્ટા રિકા અને ગ્વાટેમાલાએ 'નવી દિલ્હી ડેકલેરેશન' પર હસ્તાક્ષર કર્યા છે. આ સાથે જ આ ઘોષણાપત્રને ટેકો આપનારા દેશો અને આંતરરાષ્ટ્રીય સંગઠનોની કુલ સંખ્યા વધીને 91 પર પહોંચી ગઈ છે, જે ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતની વધતી જતી વૈશ્વિક પકડ દર્શાવે છે. ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ ઘોષણાપત્ર સાત વિશિષ્ટ સ્તંભો પર નિર્મિત છે, જેને 'ચક્રો' તરીકે ઓળખવામાં આવે છે. આ માળખાનો મુખ્ય ઉદ્દેશ્ય એઆઈ સંસાધનોનું લોકશાહીકરણ કરવું, આર્થિક વૃદ્ધિ અને સામાજિક કલ્યાણને પ્રોત્સાહન આપવું તેમજ સુરક્ષિત અને ભરોસાપાત્ર એઆઈ સિસ્ટમ્સનો વિકાસ સુનિશ્ચિત કરવાનો છે. વિજ્ઞાન, સામાજિક સશક્તિકરણ અને માનવ સંસાધન વિકાસ જેવા ક્ષેત્રોમાં એઆઈનો મહત્તમ ઉપયોગ કેવી રીતે કરી શકાય તેના પર આમાં ભાર મૂકવામાં આવ્યો છે.સમિટ દરમિયાન લેવાયેલા નિર્ણયોને વાસ્તવિક સ્વરૂપ આપવા માટે કેટલાક મહત્વના પગલાંની જાહેરાત કરવામાં આવી છે. 'ચાર્ટર ફોર ધ ડેમોક્રેટિક ડિફ્યુઝન ઓફ એઆઈ' હેઠળ સસ્તા દરે એઆઈ સંસાધનોની સુવિધા પુરી પાડવામાં આવશે.

## News Brief

### નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન દેશના જીડીપીમાં ચાલીસ લાખ કરોડ ઉમેરશે

નવી દિલ્હી: ભારત સરકાર દ્વારા દેશના આર્થિક વિકાસને નવી ગતિ આપવા માટે 'નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન' (NMP 2.0) ના બીજા તબક્કાની જાહેરાત કરવામાં આવી છે. નીતિ આયોગના તાજા અહેવાલ મુજબ, આ યોજના હેઠળ આગામી 5 થી 10 વર્ષમાં ભારતનો કુલ જીડીપી આશરે 40 લાખ કરોડ રૂપિયા જેટલો વધી શકે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા શરૂ કરવામાં આવેલી આ પહેલનો મુખ્ય હેતુ હાલની જાહેર સંપત્તિઓમાંથી આર્થિક મૂલ્ય છૂટું કરી તેને નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં પુનઃરોકાણ કરવાનો છે. એનએમપી 2.0 અંતર્ગત નાણાકીય વર્ષ 2026 થી 2030 દરમિયાન કેન્દ્ર સરકારને આશરે 4.6 લાખ કરોડ રૂપિયા પ્રાપ્ત થવાની અપેક્ષા છે. આ રકમમાંથી લગભગ 70 ટકા એટલે કે 3.2 લાખ કરોડ રૂપિયા સીધા જ નવા જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં વાપરવામાં આવશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત મુજબ, બાકીની રકમ પીપીપી (જાહેર-ખાનગી ભાગીદારી) પ્રોજેક્ટ્સમાં રોકાણ કરવામાં આવશે, જે બજારમાંથી વધારાનું ભંડોળ મેળવીને અર્થતંત્ર પર 4.2 લાખ કરોડ રૂપિયા જેટલી મોટી અસર પેદા કરશે.માત્ર કેન્દ્ર સરકાર જ નહીં, પરંતુ જાહેર ક્ષેત્રના એકમો (PSUs) પણ આ મોનેટાઈઝેશન પ્રક્રિયામાં મહત્વનો ભાગ ભજવશે. અહેવાલ અનુસાર, પીએસયુ દ્વારા અંદાજે 1.6 લાખ કરોડ રૂપિયા મેળવવામાં આવશે, જેને લીવરેજ કરીને કુલ 4.9 લાખ કરોડ રૂપિયાનું નવું મૂડીરોકાણ ઊભું કરવામાં આવશે.

### ભારતીય કોમર્શિયલ વ્હીકલ ઉદ્યોગ જાન્યુઆરીમાં ૨૭ ટકા ઉછળ્યો

નવી દિલ્હી: ભારતના ઓટોમોબાઈલ ક્ષેત્ર માટે જાન્યુઆરી મહિનો અત્યંત લાભદાયી પુરવાર થયો છે. રેટિંગ એજન્સી ઈકરા (ICRA) ના અહેવાલ મુજબ, ભારતીય કોમર્શિયલ વ્હીકલ (CV) ઉદ્યોગમાં વાર્ષિક ધોરણે ૨૭ ટકાનો જંગી વધારો નોંધાયો છે. જાન્યુઆરી ૨૦૨૬માં ઘરેલું હોલસેલ વેચાણ ૯૯,૫૪૪ યુનિટ્સ પર પહોંચી ગયું છે, જે ગત વર્ષના સમાન ગાળાની સરખામણીએ નોંધપાત્ર સુધારો દર્શાવે છે. આ ઉછાળા પાછળ મુખ્યત્વે સરકાર દ્વારા જીએસટી દરમાં કરવામાં આવેલો ઘટાડો અને માલસામાનના પરિવહનમાં આવેલી તેજી જવાબદાર માનવામાં આવે છે.સપ્ટેમ્બર ૨૦૨૫થી અમલમાં આવેલા જીએસટી દરમાં ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવાના નિર્ણયની અસર હવે બજારમાં સ્પષ્ટપણે દેખાઈ રહી છે. આ કર કપાતને કારણે વાહનોની કિંમતોમાં ઘટાડો થયો છે, જેના પરિણામે ખાસ કરીને નાના વેપારીઓ અને ટ્રાન્સપોર્ટરોમાં વાહનો ખરીદવાનો ઉત્સાહ વધ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, ડિસેમ્બર ૨૦૨૫માં ૯૭,૬૮૨ યુનિટ્સની સરખામણીએ જાન્યુઆરીમાં વેચાણમાં ૧.૯ ટકાનો ક્રમિક વધારો પણ જોવા મળ્યો છે.મધ્યમ અને ભારે કોમર્શિયલ વ્હીકલ (M&HCV) સેગમેન્ટમાં છૂટક વેચાણમાં વાર્ષિક ૧૫.૪ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. જોકે, હળવા કોમર્શિયલ વ્હીકલ (LCV) સેગમેન્ટમાં આ ઉછાળો વધુ પ્રભાવશાળી રહ્યો છે. એલસીવી સેગમેન્ટમાં જાન્યુઆરીમાં છૂટક વેચાણ ૧૪.૯ ટકા વધ્યું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત મુજબ, આ સેગમેન્ટ કિંમત પ્રત્યે વધુ સંવેદનશીલ હોવાથી જીએસટીમાં ઘટાડાનો સૌથી ઝડપી ફાયદો અહીં જોવા મળ્યો છે. જોકે, ઊંચા વ્યાજદર હજુ પણ આ સેગમેન્ટ માટે એક મોટો પડકાર બની રહ્યા છે.ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ દસ મહિનામાં (એપ્રિલ-જાન્યુઆરી) કોમર્શિયલ વાહનોના હોલસેલ વેચાણમાં ૧૧.૩ ટકાનો વધારો નોંધાયો છે.

### અદાણી પાવર સપ્લાય હવે તમિલનાડુને પાંચ વર્ષ માટે મળશે

અમદાવાદ: ભારતની અગ્રણી ખાનગી વીજ ઉત્પાદક કંપની અદાણી પાવર લિમિટેડ માટે દક્ષિણ ભારતમાંથી મોટા સમાચાર આવ્યા છે. કંપનીની પેટા કંપની 'મોક્સી પાવર જનરેશન લિમિટેડ' (MPGL) ને તમિલનાડુ પાવર ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિમિટેડ (TNPDCL) તરફથી 558 મેગાવોટ વીજળી પૂરી પાડવા માટે 'લેટર ઓફ એવોર્ડ' (LoA) પ્રાપ્ત થયો છે. આ કરાર પાંચ વર્ષના સમયગાળા માટે કરવામાં આવ્યો છે, જે કંપનીની લાંબા ગાળાની મહેસૂલ સ્થિરતામાં મહત્વનો ભાગ ભજવશે.અદાણી પાવરની પેટા કંપનીએ આ પાવર સપ્લાય માટે યોજાયેલી હરાજીમાં સૌથી નીચો ભાવ (L1) ઓફર કર્યો હતો. કંપની દ્વારા પ્રતિ યુનિટ 5.910 રૂપિયાના ટેરિફ સાથે આ બિડ જીતવામાં આવી છે. કરાર મુજબ, વીજળીનો આ જથ્થો તમિલનાડુને 1 એપ્રિલ, 2026 થી પૂરો પાડવાનું શરૂ કરવામાં આવશે. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રોજેક્ટ તમિલનાડુના તુતીકોરીનમાં આવેલા 1,200 મેગાવોટના પાવર પ્લાન્ટ દ્વારા કાર્યરત કરવામાં આવશે. તુતીકોરીન ખાતે સ્થિત આ પ્લાન્ટમાં 600-600 મેગાવોટના બે એકમો આવેલા છે. નવા કરાર સાથે, હવે આ પ્લાન્ટના બંને એકમો માટે પાવર સપ્લાય એગ્રીમેન્ટ (PPA) પૂર્ણ થઈ ગયા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, અદાણી પાવરની કુલ 18.15 ગીગાવોટની સંચાલન ક્ષમતામાંથી હવે 95 ટકાથી વધુ ક્ષમતા મધ્યમ અને લાંબા ગાળાના કરારો હેઠળ સુરક્ષિત થઈ ગઈ છે. આનાથી કંપનીને બજારની અસ્થિરતા સામે રક્ષણ મળશે અને કેશ ફ્લો જળવાઈ રહેશે.આ કરારથી માત્ર અદાણી પાવરને જ નહીં, પરંતુ તમિલનાડુના વીજ ગ્રાહકોને પણ મોટો ફાયદો થવાની અપેક્ષા છે. વધારાની 558 મેગાવોટ વીજળી મળવાથી રાજ્યમાં ગ્રીડની સ્થિરતા વધશે અને ઉદ્યોગો તેમજ ઘરોને અવિરત વીજ પુરવઠો મળી શકશે. સ્પર્ધાત્મક ભાવે વીજળી મળવાથી રાજ્યના નાગરિકોને ભવિષ્યમાં પરવડે તેવા ભાવે વિશ્વસનીય ઉર્જા પ્રાપ્ત થશે.

ડોમેસ્ટિક પેસેન્જર ટ્રાફિક ગ્રોથ આઠ ટકા વધશે

## ભારતીય એવિએશન ઉદ્યોગ આગામી વર્ષે મોટી ઉડાન ભરી શકે

નવી દિલ્હી: ભારતીય ઉડ્ડયન ક્ષેત્ર માટે આગામી નાણાકીય વર્ષ આશાનું નવું કિરણ લઈને આવી રહ્યું છે. રેટિંગ એજન્સી ઈકરા (ICRA) ના તાજા અહેવાલ મુજબ, વર્ષ 2026-27 માં ભારતીય એવિએશન ઉદ્યોગની નેટ લોસમાં એક તૃતીયાંશ જેટલો મોટો ઘટાડો જોવા મળી શકે છે. દેશમાં ઘરેલું હવાઈ મુસાફરોની સંખ્યામાં 6 થી 8 ટકાનો સુધારો થવાની અપેક્ષા છે, જેના કારણે ઉદ્યોગની કુલ ખોટ જે ચાલુ વર્ષે 170-180 અબજ રૂપિયા છે, તે ઘટીને 110-120 અબજ રૂપિયા સુધી આવી શકે છે.ચાલુ નાણાકીય વર્ષ 2025-26 એવિએશન ઉદ્યોગ માટે પડકારજનક રહ્યું છે. જૂન 2025 માં થયેલ વિમાન અકસ્માત, ખરાબ હવામાન અને આંતરરાષ્ટ્રીય સ્તરે વધતા તણાવને કારણે મુસાફરોની સંખ્યામાં માત્ર 0-3 ટકાનો સામાન્ય વધારો થયો હતો. જોકે, હવે સ્થિતિ થાળે પડી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, વર્ષ 2026-27 દરમિયાન ઘરેલું હવાઈ મુસાફરોનો આંકડો 17.5 કરોડ થી 17.9 કરોડ સુધી પહોંચવાની સંભાવના છે. ફ્લાઈટ ઓપરેશન સામાન્ય થતા એરલાઈન્સ કંપનીઓની આવકમાં વૃદ્ધિ થશે.એવિએશન ક્ષેત્ર માટે સૌથી મોટી સમસ્યા એન્જિન ફેલ્યોર અને સપ્લાય ચેઈનની ખામીને કારણે ગ્રાઉન્ડ થયેલા વિમાનોની હતી. સપ્ટેમ્બર 2023 માં ઉદ્યોગના કુલ કાફલાના 20-22 ટકા વિમાનો જમીન પર હતા, જે ફેબ્રુઆરી 2026 સુધીમાં ઘટીને 13-15 ટકા (આશરે 117 વિમાનો) પર આવી ગયા છે. જેમ જેમ ગ્રાઉન્ડેડ વિમાનો ફરી આકાશમાં ઉડશે અને નવા વિમાનોની સપ્લાય વધશે.

## એનએસઈ ટ્રેડિંગ સ્પીડ હવે નેનોસેકન્ડના સ્તરે પહોંચશે

(એજન્સી) અમદાવાદ | તા.24

ભારતીય શેરબજારના ઈતિહાસમાં ટેકનોલોજીના ક્ષેત્રે એક નવો અધ્યાય લખાવા જઈ રહ્યો છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) આગામી 11 એપ્રિલથી પોતાની સિસ્ટમમાં ક્રાંતિકારી ફેરફાર કરીને ટ્રેડિંગ સ્પીડને 1000 ગણી વધારવા જઈ રહ્યું છે. હાલમાં માઈક્રોસેકન્ડમાં થતા સોદાઓ હવે નેનોસેકન્ડના અબજમાં ભાગની ગતિએ પૂર્ણ થશે. આ અપગ્રેડને કારણે એક્સચેન્જની ટ્રાન્ઝેક્શન પ્રોસેસ કરવાની ક્ષમતા પ્રતિ સેકન્ડ 5-6 મિલિયનથી વધીને સીધી 100 મિલિયન સુધી પહોંચી જશે. એક્સચેન્જના વડા આશિષ કુમાર ચૌહાણના જણાવ્યા મુજબ, આ ફેરફારથી ભારત હવે સાચા અર્થમાં રીઅલ-ટાઈમ ફાઈનાન્સના યુગમાં પ્રવેશ કરશે. ટેકનિકલ ભાષામાં સમજીએ




તો, એક સેકન્ડમાં 10 લાખ માઈક્રોસેકન્ડ હોય છે, જ્યારે નેનોસેકન્ડ એ એક સેકન્ડનો એક અબજમો ભાગ છે. આટલી અસાધારણ ગતિને કારણે ઓર્ડર આપવા અને તેના અમલીકરણ વચ્ચેનો સમયગાળો (લેટન્સી) વ્યવહારિક રીતે શૂન્ય થઈ જશે, જેનાથી ટ્રેડર્સને વધુ ચોકસાઈ અને ઝડપનો લાભ મળશે. ભારતીય બજારમાં છેલ્લા કેટલાક સમયથી ટ્રેડિંગ વોલ્યુમમાં સતત વધારો થઈ રહ્યો છે. વિવિધ સેગમેન્ટમાં વધતી રોકાણકારોની સંખ્યાને કારણે એક્સચેન્જ પર દબાણ વધી રહ્યું હતું. આ નવા ટેકનોલોજીકલ અપગ્રેડથી એક્સચેન્જ કોઈપણ પ્રકારના વિલંબ વગર કરોડો ટ્રાન્ઝેક્શનનું સંચાલન કરી શકશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત મુજબ, આ પ્લેટફોર્મ ઉચ્ચ ટ્રેડિંગ વોલ્યુમ ધરાવતા દિવસોમાં પણ સિસ્ટમમાં જામિંગ થવાની સમસ્યાને જડમૂળથી નાબૂદ કરી દેશે.

AI ડેટા સેન્ટર્સ, સ્ટીલ પ્લાન્ટ્સ અને શહેરો ભારતમાં ઉર્જાની માંગમાં વધારો કરશે

## એન્જિનિયરોએ ઉત્સર્જન પર નિયંત્રણ રાખવું પડશે, MIT-WPU ખાતે વૈશ્વિક નિષ્ણાતોનું મંતવ્ય



પુણે | મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો વિસ્તાર અને AI-સંચાલિત ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વૃદ્ધિને કારણે આગામી બે દાયકામાં ભારતની વીજળીની માંગ લગભગ બમણી થવાની અપેક્ષા છે, પરંતુ ઉદ્યોગ નિષ્ણાતોનું કહેવું છે કે અસલી પડકાર ઉર્જા ઉત્પાદનનો નહીં પણ કાર્બન ઉત્સર્જનને નિયંત્રિત કરવાનો રહેશે. પુણેમાં MIT વર્લ્ડ પીસ યુનિવર્સિટી (MIT-WPU) દ્વારા આયોજિત ૨૯મા 'એન્યુઅલ ઈન્ડસ્ટ્રી-ઈન્સ્ટિટ્યૂટ ઈન્ટરેક્શન પ્રોગ્રામ' (AIIIP-26) માં આ મુખ્ય સંદેશ આપવામાં આવ્યો હતો. ભારત હાલમાં વિશ્વનો ત્રીજો સૌથી મોટો ઉર્જા વપરાશકાર દેશ છે અને તેણે ૨૦૦૫ ના સ્તરથી ઉત્સર્જનની તીવ્રતામાં ૪૫% ઘટાડો કરવા સાથે ૨૦૭૦ સુધીમાં 'નેટ-ઝીરો' ઉત્સર્જન હાંસલ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. તે જ સમયે, સ્ટીલ, સિમેન્ટ, પરિવહન અને ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા ક્ષેત્રો ઝડપથી વિસ્તરી રહ્યા છે. જેના કારણે ડિકાર્બોનાઈઝેશન એ માત્ર નીતિગત વિષય નહીં પણ એન્જિનિયરિંગ અને ટેકનોલોજીનો પ્રશ્ન બની ગયો છે. ચર્ચાની શરૂઆત કરતા, BP ટેકનિકલ સોલ્યુશન્સ ઈન્ડિયાના હેડ સુશ્રી મોલી ક્રોમાએ ઉર્જા પરિવર્તનની જટિલતા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું, 'વિશ્વને ઉર્જાના તમામ સ્વરૂપોની જરૂર છે.' તેમણે નોંધ્યું હતું કે લો-કાર્બન પ્રણાલીઓ તરફ જવાની ગતિ દરેક પ્રદેશમાં અલગ-અલગ હશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઉત્સર્જન ઘટાડવાની શરૂઆત કાર્યક્ષમતા સુધારવાથી થાય છે: 'મૂળભૂત બાબતો બદલાઈ નથી. આજના તમારા જ્ઞાનનો ઉપયોગ એવી રીતે કરવાની જરૂર છે કે જેથી પર્યાવરણ પરની અસરમાં ઘટાડો થાય અને કામગીરીમાં સુધારો થાય.

## ભારતમાં સોનાનું ઉત્પાદન વધારવા લાયસન્સ પ્રક્રિયા ઝડપી બનાવવી જરૂરી

નવી દિલ્હી: ભારત વિશ્વમાં સોનાના સૌથી મોટા ગ્રાહકોમાંનું એક છે, પરંતુ સ્થાનિક સ્તરે ઉત્પાદનના અભાવે દેશે હંમેશા આયાત પર નિર્ભર રહેવું પડે છે. ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલ (GJC) ના પૂર્વ ચેરમેન અનંત પદ્મનાભનના જણાવ્યા અનુસાર, જો દેશમાં સોનાના ખનન અને સંશોધનની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવે, તો ભારત દર વર્ષે 50 થી 100 ટન સોનાનું ઉત્પાદન કરી શકે છે. હાલમાં લાયસન્સ આપવામાં થઈ રહેલો વિલંબ અને ધીમી પ્રક્રિયા ભારતની આ ક્ષમતાને અવરોધી રહી છે.

દેશના મધ્યપ્રદેશ અને ઝારખંડ જેવા રાજ્યોમાં સોનાના મોટા ભંડાર હોવાની ઓળખ કરવામાં આવી છે. જોકે, પદ્મનાભને ટકોર કરી છે કે આ ભંડારોની ઓળખ થયા બાદ પણ વાસ્તવિક ખનન કામગીરી શરૂ કરવામાં સરકાર ખૂબ જ ધીમી રહી છે. જો સરકાર વિદેશી કંપનીઓ સહિતના મોટા પ્લેયર્સને પારદર્શક રીતે લાયસન્સ ફાળવે, તો જ મોટા પાયે સોનું જમીનમાંથી બહાર કાઢી શકાશે. આનાથી રિઝર્વ બેંકના અનામત ભંડારમાં વધારો થશે અને વિદેશી મુદ્રાની મોટી બચત થશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણના નિવેદનનો ઉલ્લેખ કરતા પદ્મનાભને જણાવ્યું કે, સરકાર અત્યારે સોનાની માત્રા કરતા તેની આયાત પાછળ ખર્ચાતી રકમ અંગે વધુ ચિંતિત છે. ઊંચા વૈશ્વિક ભાવો અને ઓછી સ્થાનિક માંગને કારણે ચાલુ નાણાકીય વર્ષમાં સોનાની આયાતમાં 30 થી 35 ટકાનો ઘટાડો નોંધાય તેવી શક્યતા છે. જો સરકાર આયાત પર 2013 જેવા કડક પ્રતિબંધો લાદશે, તો બજારમાં ગ્રે-માર્કેટ સક્રિય થવાનો ભય રહેલો છે. વર્તમાન સમયમાં સોનાના ભાવમાં જોવા મળતી ભારે વધઘટ માટે આંતરરાષ્ટ્રીય કારણો જવાબદાર છે. ડોનાલ્ડ ટ્રમ્પના અનિશ્ચિત નિર્ણયો અને ભૌગોલિક રાજકીય તણાવને કારણે સોનું 14,000 થી 18,000 રૂપિયા પ્રતિ ગ્રામ (24 કેરેટ) ની વચ્ચે રહી શકે છે. મીડિયા અહેવાલ મુજબ, જો રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સમજૂતી થાય, તો ભાવમાં 20 ટકા સુધીનો ઘટાડો આવી શકે છે, પરંતુ હાલમાં આવી કોઈ શક્યતા દેખાતી નથી. સૂત્રોના મતે આગામી મહિનાઓમાં ભાવમાં 10-12 ટકાનો ઉછાળો જોવા મળી શકે છે.

ભારતીય શેરબજારમાં પારિવારિક રોકાણ પચાસ લાખ કરોડને પાર

## રિટેલ ઈક્વિટી હોલ્ડિંગ નવ માસમાં દસ લાખ કરોડે પહોંચ્યું

મુંબઈ: દેશના સામાન્ય પરિવારોના આર્થિક અભિગમમાં મોટું પરિવર્તન આવ્યું છે, જેની સીધી અસર શેરબજાર પર જોવા મળી રહી છે. વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં ભારતીય પરિવારોના ઈક્વિટી હોલ્ડિંગ્સમાં રૂપિયા 10 લાખ કરોડનો જંગી વધારો થયો છે. સ્ટોક એક્સચેન્જના તાજા અહેવાલ મુજબ, એપ્રિલ 2020થી અત્યાર સુધીમાં પારિવારિક રોકાણનો કુલ આંકડો રૂપિયા 57 લાખ કરોડ વધ્યો છે, જે ભારતીય રોકાણકારોની બજાર પર વધતી પકડ મજબૂત બનાવે છે.



કોરોના કાળ બાદ દેશમાં બચત અને રોકાણની પરંપરાગત પદ્ધતિઓમાં મોટો બદલાવ જોવા મળ્યો છે. અગાઉ લોકો બેંક થાપણો કે બોન્ડ જેવા સુરક્ષિત ગણાતા સાધનોમાં નાણાં રોકતા હતા, પરંતુ ત્યાં વ્યાજદર નીચા રહેતા હોવાથી હવે મધ્યમ વર્ગ ઈક્વિટી અને સોના તરફ વળ્યો છે. આકર્ષક વળતર મળવાને કારણે રિટેલ રોકાણકારો સીધી રીતે અથવા મ્યુચ્યુઅલ ફંડ દ્વારા શેરબજારમાં સક્રિય બન્યા છે. ડિસેમ્બર 2025ના અંતે કુલ પારિવારિક ઈક્વિટી હોલ્ડિંગ વધીને રૂપિયા 88 લાખ કરોડના સ્તરે પહોંચ્યું છે.તાજેતરના આંકડાઓ અનુસાર, રિટેલ રોકાણકારો હવે વ્યાવસાયિક રીતે સંચાલિત રોકાણના સાધનોને વધુ પસંદ કરી રહ્યા છે. વર્ષ 2019થી આડકતરા ઈક્વિટી હોલ્ડિંગમાં ઝડપી ગતિએ વધારો થયો છે. સૂત્રો દ્વારા મળેલી માહિતી મુજબ, લિસ્ટેડ કંપનીઓમાં ઘરેલુ સંસ્થાકીય રોકાણકારોનો હિસ્સો વધીને 19 ટકા થયો છે, જ્યારે નાના રોકાણકારોનું સીધું હોલ્ડિંગ 9.30 ટકા જેટલું નોંધાયું છે. રસપ્રદ વાત એ છે કે, ઉંચા ભાવે નફો બુક કરવાના આશયથી ડિસેમ્બર ત્રિમાસિકમાં રિટેલ રોકાણકારોએ રૂપિયા 24,964 કરોડનું વિક્રમી વેચાણ પણ કર્યું હતું.

ભારતીય બજારમાં એક સમયે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) ની માલિકીનું જે વર્ચસ્વ હતું તે હવે ઘટતું જણાય છે. નિફ્ટી-50 ઈન્ડેક્સના શેરોમાં વિદેશી રોકાણકારોનો હિસ્સો ઘટીને 24.30 ટકા થયો છે, જે છેલ્લા આઠ ત્રિમાસિક ગાળાની નીચી સપાટી છે. તેની સામે ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો (DII) એ પોતાની પકડ મજબૂત કરી 24.80 ટકા હિસ્સો હાંસલ કર્યો છે. આ પરિવર્તન સૂચવે છે કે ભારતીય શેરબજાર હવે માત્ર વિદેશી ભંડોળ પર નિર્ભર નથી.

ગ્રાહક હિત | નાણામંત્રીની બેંકોને ચેતવણી મૂળભૂત કાર્યો પર ધ્યાન આપો

## બેંકોમાં વીમા મિસ-સેલિંગ હવે ગંભીર ગુનો ગણાશે

નવી દિલ્હી: ભારતના બેંકિંગ ક્ષેત્રમાં ગ્રાહકોને છેતરીને બિનજરૂરી પ્રોડક્ટ્સ પધરાવી દેવાની પ્રથા સામે કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવ્યું છે. રિઝર્વ બેંકના કેન્દ્રીય બોર્ડની બેઠક બાદ નાણામંત્રી નિર્મલા સીતારમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, ગ્રાહકોને બળજબરીથી વીમો વેચવો એ ગુનો છે. તેમણે બેંકોને ચેતવણી આપી છે કે 'મિસ-સેલિંગ'ની પ્રવૃત્તિ સરકાર અને આરબીઆઈ કોઈપણ સંજોગોમાં ચલાવી લેશે નહીં. બેંકોએ વીમો વેચવાને બદલે લોન આપવા અને ડિપોઝિટ એકત્રિત કરવા જેવા પોતાના મુખ્ય કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.ઘણીવાર જોવા મળે છે કે જ્યારે કોઈ ગ્રાહક બેંકમાં લોન લેવા જાય છે, ત્યારે બેંક કર્મચારીઓ તેને લોનની શરત તરીકે મોંઘી વીમા પોલિસી લેવા મજબૂર કરે છે. નાણામંત્રીએ આ બાબતે ટકોર કરતા કહ્યું કે, જો ગ્રાહક પાસે પૂરતી ગેરંટી ઉપલબ્ધ હોય, તો તેને વધારાનો વીમો લેવા માટે દબાણ કરવું તે અનૈતિક છે. બેંકોએ ગ્રાહકોનો વિશ્વાસ સંપાદિત કરવા માટે સેવિંગ્સ અને કરન્ટ એકાઉન્ટ (CASA) વધારવા પર ભાર મૂકવો જોઈએ, નહીં કે ગેરમાર્ગે દોરીને વીમો વેચવા પર. અમેરિકા દ્વારા તાજેતરમાં લાદવામાં આવેલી નવી ટેરિફ નીતિઓ અંગે પણ નાણામંત્રીએ મહત્વનું નિવેદન આપ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકાના આર્થિક નિર્ણયો પર ભારતનું ઉદ્યોગ મંત્રાલય ઝીણવટભરી નજર રાખી રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે જાહેર કરેલા નવા ટેક્સ માળખાથી વિશ્વના દેશો મૂંઝવણમાં છે, પરંતુ ભારત પોતાના વ્યાપારી હિતોને સુરક્ષિત રાખવા માટે ઓસ્ટ્રેલિયા, યુએઈ અને યુરોપિયન યુનિયન જેવા દેશો સાથે સતત સંપર્કમાં છે. ભારત વૈશ્વિક બજારો સાથે જોડાઈને પોતાની અર્થવ્યવસ્થાને વધુ મજબૂત કરવા કટિબદ્ધ છે.



સોનાના સતત વધતા ભાવ અંગે નાણામંત્રીએ દેશવાસીઓને આશ્વાસન આપ્યું છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે વિશ્વભરની કેન્દ્રીય બેંકો દ્વારા સોનાની મોટી ખરીદીને કારણે ભાવમાં ઉછાળો આવ્યો છે, પરંતુ તે હજુ ચિંતાજનક સ્તરે પહોંચ્યા નથી. ભારતીય પરિવારો માટે સોનું એ માત્ર રોકાણ નથી પણ પરંપરા છે. લગ્ન અને તહેવારોની મોસમમાં સોનાની માંગ હંમેશા રહેતી હોય છે. આરબીઆઈ અને સરકાર સતત બજારની વધઘટ પર વોચ રાખી રહી છે જેથી સામાન્ય જનતાને મુશ્કેલી ન પડે.નાણામંત્રીની આ કડક સૂચના બાદ હવે બેંકોએ પોતાની કાર્યપ્રણાલીમાં મોટા ફેરફારો કરવા પડશે. ગ્રાહકોના અધિકારોનું રક્ષણ એ સરકારની પ્રાથમિકતા છે. બેંકોમાં થતી ગેરરીતિઓ અટકાવવા માટે આગામી સમયમાં આરબીઆઈ દ્વારા વધુ કડક માર્ગદર્શિકા બહાર પાડવામાં આવે તેવી શક્યતા છે. આ પગલાથી બેંકિંગ ક્ષેત્રમાં પારદર્શિતા આવશે અને સામાન્ય માણસનો બેંકો પ્રત્યેનો ભરોસો વધુ દ્રઢ બનશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ફાગણ સુદ-08

# ભારત અને આરબ દેશો સાથે મળીને ઇઝરાયલ હેક્સાગન ગઠબંધન બનાવશે

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુએ ભારત અને આરબ દેશો સાથે મળીને નવુ હેક્સાગન ગઠબંધન બનાવવાની જાહેરાત કરી છે. ઇઝરાયલએ કહ્યું છે કે આ ગઠબંધન કટ્ટરવાદીઓ વિરુદ્ધ લડત આપશે. ઇઝરાયલનો ઈશારો વિશ્વ આખામાં વધી રહેલા ઇસ્લામીક કટ્ટરપંથ તરફ છે. નેતન્યાહુએ વડાપ્રધાન મોદીને નજીકના મિત્ર ગણાવીને તેઓ ફોન પર વારંવાર વાત કરતા રહે છે એમ પણ કહ્યું હતું. નેતન્યાહુએ કહ્યું હતું કે, 'ઇઝરાયલ અને ભારત તાકાતવર છે. નરેન્દ્ર મોદી અને મારી વચ્ચે ખાસ સંબંધ છે. અમે અંગત મિત્રો છીએ. હું ભારત જઈ આવ્યો છું અને મોદી પણ અહીં આવી ગયા છે. અમે મેડિટેરેનિયનમાં સાથે કેટલાક દિવસો પસાર કર્યા હતા ત્યાર પછી મેડિટેરેનિયન અને ગંગા નદીમાં ઘણા પાણી વહી ચૂક્યા છે. બંને દેશો વચ્ચે કોઓપરેશન, ઈકોનોમિક કોઓપરેશન, પોલીટીકલ કોઓપરેશન અને સિક્યુરીટી કોઓપરેશન મજબૂત કરીશું.દિલ્હીની જવાહરલાલ નેહરૂ વિશ્વ વિદ્યાલયમાં રાત્રે ૧.૩૦ વાગ્યે એબીવીપી અને ડાબેરી છાત્રો વચ્ચે મારામારી થઈ હતી. બંને જૂથો એક બીજા પર મારપીટનો આક્ષેપ કરી રહ્યા છે. જેએનયુમાં રાત્રે જેએનયુના વાઇસ ચાન્સેલરનું રાજીનામું માંગવા માટે સરઘસ કાઢવામાં આવ્યું હતું. જેએનયુ વિદ્યાર્થી સંગઠનના હોદ્દેદારો પણ યુનિવર્સિટીના કમ્પાઉન્ડમાં ધરણા કરી રહ્યા હતા. વિદ્યાર્થી સંગઠનના હોદ્દેદારો પર પથ્થરબાજી અને લાઠીથી માર મારવાનો આક્ષેપ પણ થયો છે. વિદ્યાર્થી યુનિયનના સહમંત્રી વૈભવ મીણાના કહેવા પ્રમાણે ડાબેરી છાત્રોની હડતાળ છેલ્લા સાત-આઠ દિવસોથી ચાલી રહી છે. ૩૦૦ - ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓની ભીડએ બીજા વિદ્યાર્થીઓને સ્ટડી રૂમમાંથી હાંકી કાઢ્યા હતા. આ બાબતે દિલ્હી પોલીસે કોઈ પગલા લીધા નથી. બીજી તરફ એબીવીપી મીડિયા કન્વીનર વિજય જાયસ્વાલએ ડાબેરી વિદ્યાર્થી સંઘ ગુંડાગીરી કરતો હોવાનો આક્ષેપ કર્યો હતો.દિલ્હીમાં આયોજીત એઆઇ સમીટ વખતે યુથ કોંગ્રેસના કાર્યકરોએ ટીશર્ટ ઉતારીને જે પ્રદર્શન કર્યું હતું એનો બચાવ કોંગ્રેસે કર્યો છે. કોંગ્રેસ સોશ્યલ મીડિયા સેલના પ્રમુખ સુપ્રિયા શ્રીનેતએ કહ્યું હતું કે, 'યુથ કોંગ્રેસે શું ખોટું કામ કર્યું છે? યુથ કોંગ્રેસ દેશના યુવાનોનું પ્રતિનિધિત્વ કરે છે.' બીજી તરફ બહુજન સમાજ પાર્ટીના પ્રમુખ માયાવતીએ યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓએ કરેલા દેખાવોને અશોભનીય કહ્યા હતા. એમણે સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે, 'દિલ્હીમાં આયોજીત એઆઇ સમીટમાં દેશ તેમજ વિદેશના ઘણા પ્રમુખો આવ્યા હતા. એ વખતે જે લોકોએ અર્ધનગ્ન થઈને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે એની નિંદા કરવી જોઈએ. જો આ સંમેલન આંતરરાષ્ટ્રીય સ્તરનું નહીં હોતે તો વાત અલગ હતી. આપણા દેશની ગરીમા અને ઈમેજને બગાડવામાં આવે એ યોગ્ય નથી.' સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે પણ કહ્યું હતું કે, 'આ સરકાર જૂઠુ બોલે છે. દગો આપે છે. આ આંતરીક બાબત છે અને અમે લડતા રહીશું. પરંતુ જે રીતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું એ દેશનું અપમાન કહેવાય.' વાયએસઆર કોંગ્રેસના પ્રમુખ જગન મોહન રેડ્ડીએ પણ આ પ્રદર્શનને દેશનું અપમાન ગણાવ્યું છે. દિલ્હી પોલીસએ રીટાયર્ડ જનરલ નરવણેનું અપ્રકાશિત પુસ્તક કઈ રીતે બજારમાં ફરી રહ્યું છે એની તપાસ કરવા એફઆઈઆર દાખલ કરી છે. દિલ્હી પોલીસ તપાસ કરી રહી છે કે હજી સુધી પ્રકાશિત નહીં થયેલા પુસ્તકના કેટલાક અંશ કઈ રીતે સાર્વજનિક થયા. એ માટે કોણ જવાબદાર છે. દિલ્હીમાં એવી વાત ચાલી રહી છે કે, સરકાર કદાચ એવો નિયમ લાગુ કરશે કે સૈન્યના રીટાયર્ડ અધિકારી ૨૦ વર્ષ સુધી પુસ્તક પ્રકાશિત કરી શકશે નહીં. એટલે કે ૨૦ વર્ષ સુધી 'કુલીંગ ઓફ' પીરિયડ લાગુ કરવામાં આવશે. જોકે ભારતના રક્ષામંત્રી રાજનાથ સિંહે આ વાતનો રદીયો આપ્યો છે. રાજનાથ સિંહના કહેવા પ્રમાણે આ સંબંધનો કોઈ પ્રસ્તાવ કેબિનેટ સમક્ષ આવ્યો નથી. પહેલાથી જ એવો નિયમ છે કે સૈન્યના વરિષ્ઠ અધિકારીઓ નિવૃત્તિ પછી દેશની સુરક્ષાને નુકસાન થાય એવી ખાનગી વાત જાહેર કરી શકતા નથી. દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલ તામિલનાડુના તિરૂપુર ખાતેથી ૬ બાંગ્લાદેશીઓને પકડીને દિલ્હી લઈ આવી છે. આ લોકો પર દિલ્હીમાં પાકિસ્તાનનું સમર્થન કરતા પોસ્ટરો ચોટાડવાનો આરોપ છે. વિરોધ પક્ષ એઆઇએડીએમકેના મહામંત્રી એડપ્પાડી કે. પલાની સ્વામીએ પ્રશ્ન કર્યો છે કે, દિલ્હી પોલીસએ કાર્યવાહી કરી એ પહેલા રાજ્ય પોલીસનું આતંકવાદ વિરોધી દળ શું કરતું હતું? આ તમામ બાંગ્લાદેશીઓ બનાવટી ઓળખપત્ર સાથે પકડાયા હતા. એમની પાસેથી કુલ ૧૨ મોબાઇલ ફોન અને બોગસ દસ્તાવેજો પણ મળી આવ્યા હતા.

ખાણખનીજ વિભાગ ને જાણ કરતા પાંચ વાહનો જપ્ત

# સિસોદરા નર્મદા નદીના પટ્માં ગેરકાયદે રેતી ખનન પર ગ્રામજનોનો હલ્લાબોલ



0000

નર્મદા જિલ્લા મથક રાજપીપલા થી 16 કી. મી. દૂર આવેલ નર્મદા નદી ના પટ માંથી રાત્રી દરમ્યાન ગેરકાયદેસર રેતી ખનન થઇ રહ્યું હોય ગ્રામજનો એ સ્થળ પર હલ્લાબોલ કરી રેતીખનન અટકાવ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ નર્મદા નદીના પટ માં પોઇચા , નરખડી , સિસોદરા જેવા ગામો માં રેતીની કાયદેસર ની લીઝ આવેલી છે પરંતુ કેટલાક રેતી માફિયાઓ નદી ના પટ માં ગેરકાયદે રેતીખનન કરતા હોય છે. સિસોદરા ગામની નર્મદા નદી ના પટ માં પણ ગેરકાયદે રેતખનન થતું હોય ગ્રામજનો એ તે અટકાવવા સ્થળ પર જઈ હલ્લાબોલ કરી ખાન ખનીજ વિભાગ ને જાણ કરતા નર્મદા ખાણખનીજ વિભાગ ની ટીમ ત્યાં પહોંચી જતા રેતી માફિયાઓ નાસી છૂટવા માં સફળ રહ્યા હતા જયારે ખાણ ખનીજ વિભાગે રેતી ખનન માં વપરાતા બે લોડર , ત્રણ ટ્રેક્ટર અને ત્રણ ચારણા જપ્ત કરી આમલેથા પોલીસ મથકે સોંપ્યા હતા . જાણવા મળ્યા મુજબ આ ગેરકાયદેસર ખનન. માં નજીક ના ઓરી ગામના હાર્દિક નામની વ્યક્તિ તથા અન્ય બે ઈસમો સંડોવાયેલા હોવાનું કહેવાય છે . ખાણખનીજ વિભાગે ઘટના સંદર્ભે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે .ત્યારે સિસોદરા ના ગ્રામજનો ની જેમ અન્ય ગામના લોકો પણ જાગૃત રહે તો ગેરકાયદે રેતી ખનન અટકે અને પર્યાવરણ ને થતું નુકશાન ના થાય .

# શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીને ઓર્કિડ,ગુલાબ અને શેવંતીના ફૂલોનો દિવ્ય શણગાર, ૨૦૦ કિલો મોસંબીનો અન્નકૂટ ધરાવાયો



નરેન્દ્ર દવે જૂનાગઢ

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર સ્થિત શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે તા.૨૪-૦૨-૨૦૨૬ને મંગળવારના રોજ દાદાને એક અત્યંત દિવ્ય અને આકર્ષક શણગાર કરવામાં આવ્યો હતો. પરમ પૂજ્ય શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીને વૃંદાવનમાં ખાસ તૈયાર થયેલા સુંદર એમ્બ્રોઇડરી વર્કવાળા વાઘા અર્પણ કરવામાં આવ્યા હતા. દાદાના સિંહાસન અને ગર્ભગૃહને રંગબેરંગી ઓર્કિડ, ગુલાબ અને શેવંતીના સુંદર ફૂલોથી સુશોભિત કરવામાં આવ્યું હતું. દાદાની સમક્ષ ૨૦૦ કિલો મોસંબીનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો, જે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. વહેલી સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી અને ત્યારબાદ સવારે ૭:૦૦ કલાકે પૂજારી સ્વામી દ્વારા શણગાર આરતી ઉતારવામાં આવી હતી.ઉપસ્થિત તમામ ભક્તોએ દાદાના દિવ્ય દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અને શાંતિનો અનુભવ કર્યો હતો.

## રાષ્ટ્રીય કક્ષા ખડક ચઢાણ શિબિરમાં નહેરુ પર્વતારોહણ સંસ્થા ઉત્તરકાશીના મુખ્ય પ્રશિક્ષકશ્રી દશરથ સિંઘ રાવતના માર્ગદર્શનમાં શરૂઆત

નરેન્દ્ર દવે જૂનાગઢ : રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર આયોજિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ સંચાલિત રાષ્ટ્રીય કક્ષા ખડક ચઢાણ શિબિરમાં નહેરુ પર્વતારોહણ સંસ્થા ઉત્તરકાશીના મુખ્ય પ્રશિક્ષકશ્રી દશરથ સિંઘ રાવતના માર્ગદર્શનમાં થઈ શરૂઆત. જેમાં ૩૦ પર્વતારોહકો, ૦૫ વિષય નિષ્ણાત , પ્રશિક્ષક , કોર્સ ઈનચાર્જ જોડાયા છે.

# સ્વ-ચીમનલાલ અંબાલાલ જીવરામની ૬ વાર્ષિકપુણ્ય તિથિ નિમિત્તે પાલનપુરમાં કીર્તિસ્તંભ બ્રાન્ચ શાળા નંબર -૨ ના વિદ્યાર્થીઓને તિથિ ભોજન પીરસાયું



તારીખ 24 ફેબ્રુઆરીના 2026 ના રોજ સ્વ-ચીમનલાલ અંબાલાલ જીવરામ ની ૬ વાર્ષિકપુણ્ય તિથિ નિમિત્તે હસ્તે-વિમુબેન .સી .જીવરામ , સોનું દરજી પરેશદરજી પાલનપુરમાં કીર્તિસ્તંભ વિસ્તારમાં આવેલ બ્રાન્ચશાળા નંબર -૨ નાધોરણ 1 થી 7 ના 220જેટલા બાળકોને તિથિ ભોજન. પૂરી સબ્જી બુંદી અને ઠંડી માજા ની બોટલો .નો ભોજન પ્રસાદ મળતાં તેમના ચહેરા પર આવેલીસ્માઈલ જઅઢળક, અનહદ આનંદઅને બાળકો ખુશ થઈગયા અનેઆશીર્વાદ આપ્યા આજના આ આસેવા કાર્યમાજીવદયા ફાઉન્ડેશન ના ઠાકોરદાસ ખત્રી. સોનુ ભાઈ દરજી. પરેશભાઈ દરજી. નીલુ અગ્રવાલ.ઘનશ્યામભાઈ ખત્રી. પરાગભાઈ સ્વામી. અને ,પે કેન્દ્રઆચાર્ય શ્રી બ્રાન્ચ પે કેન્દ્ર શાળા -પુનમ સર તેમ જસ્ટાફ ગણમિત્રો સહિત તમામનોશાળા વતી ઠાકોર દાસ ખત્રી ખૂબખૂબ આભારમાનવામાં આવ્યો.

# છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં કુલ ૧૪૮ કિમીના રસ્તાઓ માટે રૂ. ૨૪૬ કરોડના કામો મંજૂર: મંત્રી ઋષિકેશ પટેલ

વિધાનસભા ગૃહમાં માર્ગ અને મકાન વિભાગની માહિતી આપતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના છેવાડાના વિસ્તારોમાં રોડ-રસ્તાના નેટવર્કને વધુ મજબૂત કરવાની નેમ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર કામ કરી રહી છે. જે અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં કુલ ૧૪૮ કિમીના રસ્તાઓ માટે રૂ. ૨૪૬ કરોડના કામો મંજૂર કરવામાં આવ્યા છે. ઈકબાલગઢથી સુરેલા-ધનપુરા-વિરમપુર-અંબાજી રોડના નવનિર્માણ અંગે વિગતો આપતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે,અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ અને વિરમપુર થઈને યાત્રાધામ અંબાજીને જોડતા મહત્વના માર્ગ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૯.૮૦ કરોડના ખર્ચે રોડનું નવીનીકરણ કરવામાં આવશે. જેમાં રોડની વાઈડનીંગની કામગીરી, માટીકામ, મેટલકામ, ડામરકામ, સી સી કામ, જરૂરી પ્રોટેકશન વોલ, ગટરકામ તથા રોડ ફર્નીસિંગ સહિતની તમામ કામગીરીનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે, આ રોડના વિકાસથી ઈકબાલગઢના માર્કેટયાર્ડમાં ખેતપેદાશો લઈને આવતા ખેડૂતોને મોટી સુવિધા મળશે. આ ઉપરાંત ૩ પ્રાથમિક શાળાઓ અને એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને આસપાસના ચાર ગામોના અંદાજે ૧૩ હજાર કરતા વધુ નાગરિકોને પરિવહનનો સીધો લાભ મળશે.રોડની પહોળાઈ અને માપદંડો વિશે મંત્રી શ્રી પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા રસ્તાની પહોળાઈ વધારવા માટે આંતરરાષ્ટ્રીય ધોરણો

# ભવન્સકોલેજ,ડાકોરમાં'પર્યાવરણીયસમસ્યાઓ અને જાગૃતિ' અંગેનો રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

અશેષ વ્યાસ | ખેડા

ભારતીય વિદ્યા ભવન ડાકોર કેન્દ્ર સંચાલિત ભવન્સ શ્રી ઈશ્વરલાલ એલ.પી આર્ટસ સાયન્સ એન્ડ જે.શાહ કોમર્સ કોલેજ અને કે.સી.જી. અમદાવાદના સંયુક્ત ઉપક્રમે 'પર્યાવરણીય સમસ્યાઓ અને જાગૃતિ ' અંગેના એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન તારીખ 21 ફેબ્રુઆરી ને શનિવારના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ગુજરાતથી 200 થી વધુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. આ સેમિનારની શરૂઆત ભારતીય વિદ્યાભવન ના સ્થાપક આદરણીય કુલપતિ શ્રી કનૈયાલાલ મુનસીના સ્ટેચ્યુને હાર પહેરાવીને કરવામાં આવી હતી. આખા દિવસ દરમિયાન કુલ ત્રણ સત્રો રાખવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ઉદઘાટન સત્રની શરૂઆત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. આચાર્યશ્રી ડો. ટી. આર. ત્રિવેદી દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું તથા ભારતીય વિદ્યાભવન ડાકોર કેન્દ્રના માનદ મંત્રી શ્રીમતી નિકિતાબેન ગાંધીએ આ સેમિનારની શુભેચ્છાઓ પાઠવી હતી અને સેમિનાર કોર્ડીનેટર ડો. સહજકુમાર ગાંધીએ સેમિનારના વિષય અંગેની પૂર્વે ભૂમિકા બાંધી હતી. આ પ્રસંગે ભવન્સ આર્ટસ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી નીતિનભાઈ ખંભોળજાની ગુજરાત પત્રકાર સંઘના ઉપપ્રમુખ તરીકે વરણી થતા તેમનું પ્રિન્સિપાલ ડૉ. તરુણભાઈ ત્રિવેદી તથા સેમિનારના કન્વીનર ડૉ.એ.કે.ચૌધરીના હસ્તે સાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું. સેમિનારનું બીજરૂપ વક્તવ્ય ડો. પંકજકુમાર ગજ્જર (ગુજરાત યુનિવર્સિટી) સરે "ગો ગ્રીન એન્ડ થીંક ગ્રીન" વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું તથા ટેકનિકલ સેશનના વક્તાઓ ડો. એમ. પી. દેશપાંડે (સરદાર પટેલ યુનિવર્સિટી) અને કેશવભાઈ એલ. અમેટા (સેન્ટ્રલ યુનિવર્સિટી)એ પર્યાવરણીય સમસ્યાઓનો ઉકેલ વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા કેવી રીતે આવશે ?,તેના પર વ્યાખ્યાન આપ્યું હતું. બપોરના ટેકનિકલ સેશનમાં "શોર્ટ ઈન્ટરેક્ટિવ ટોક" દ્વાર ચાર વક્તાઓએ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કરી પર્યાવરણીય વિશે જાગૃતિ આવે અને વિદ્યાર્થીઓ વધુને વધુ ગ્રીન ટેક્નોલોજી તરફ જાય તે માટેનો પ્રયાસ કર્યો હતો. આ નેશનલ સેમિનારમાં 60 જેટલા પોસ્ટર, 18 જેટલા મોડલ અને 14 રિસર્ચ પ્રેઝન્ટેશન સ્પર્ધામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અંતે દરેક સ્પર્ધાના વિજેતાઓને સર્ટિફિકેટ અને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત ભવન્સ કોલેજમાં ચાલતી ઈનોવેશન ક્લબ અંતર્ગત વિદ્યાર્થીઓ પોતાનું સ્ટાર્ટ-અપ શરૂ કરી શકે,તે હેતુથી પસંદ થયેલા વિદ્યાર્થીઓને ચેક આપવામાં આવ્યો હતો. અંતે ડૉ. સહજ કુમાર એ ગાંધી દ્વારા શ્રી દિલીપ રાણા (IAS, કમિશનર શ્રી હાયર એજ્યુકેશન) અને ડો. યોગેશ યાદવ (સ્ટેટ નોડલ ઓફિસર ઋષા અને પીએમ ઉષા), કે.સી.જી. અમદાવાદનો આભાર વ્યક્ત કર્યો હતો, સાથે સાથે કોલેજના અધ્યાપકો અને આ કાર્યક્રમની સફળ બનાવવા જે કોઈ નો પણ સાથ સહકાર મળ્યો હતો, તે સર્વેનો આભાર માન્યો હતો. આ ઉપરાંત કોલેજના આર્ટસ કોર્ડીનેટર ડો. એ. કે. ચૌધરી અને પી. જી. કોર્ડીનેટર ડો. વિરલભાઈ પટેલે સેમિનાર સફળ બનાવવા બદલ શુભેચ્છાઓ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિષયના અધ્યક્ષા ડો. શીતલબેન એ. માછી અને પ્રા. આરતીબેન પટેલે કર્યું હતું.



# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો આદિજાતિ વિસ્તાર નર્મદા જિલ્લામાં રોડ કનેક્ટિવીટી વધુ સુદ્રઢ બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય



પાલનપુર : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના આદિજાતિ વિસ્તાર નર્મદા જિલ્લાના ૧૧ જેટલા ગામોના ૧૮ હજારથી વધુ લોકોને જિલ્લા મુખ્ય મથક અને તાલુકા મથક સાથેની અવર-જવરની સરળ કનેક્ટિવીટી માટેનો એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે . મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર નર્મદા જિલ્લામાં ૨ નવા પૂલોના નિર્માણ માટે ૩૦૨.૪૦ કરોડ રૂપિયાના કામોની મંજૂરી આપી છે. *તદનુસાર, નર્મદા જિલ્લાના રેંગણ ઘાટથી રામપુરા ઘાટ ઉપર પૂલ માટે ૧૨૩.૧૩ કરોડ અને શહેરાવ ઘાટથી તિલકવાડા ઘાટને જોડતા પૂલ માટે ૧૭૯.૨૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આદિજાતિ ક્ષેત્ર નર્મદા જિલ્લામાં આ બે પૂલના નિર્માણથી ઉત્તર અને દક્ષિણ વિસ્તારના તિલકવાડા, વાસણ, રેંગણ, રામપુરા, માંગરોલ અને શહેરાવ સહિતના ગામોમાં વસતા ગ્રામ જનોને પણ અવર-જવર માટે સુગમતા રહેશે તથા આ વિસ્તારમાંથી શાળા-કોલેજોમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓને ચોમાસાના સમય દરમિયાન પણ આવવા-જવામાં સુવિધાયુક્ત રસ્તાની સવલત મળશે. એટલું જ નહિ, નાંદોદ અને તિલકવાડા તાલુકામાં દર વર્ષે ચૈત્ર માસ દરમિયાન યોજાતી ઉત્તરવાહિની પરીક્રમામાં આવતા લાખો પરીક્રમા વાસીઓને ભવિષ્યમાં આ બંન્ને પૂલોનો લાભ મળવાથી કુલ ૧૭ કિલોમીટરનો ફેરાવો ઘટશે અને સમય તથા ઈંધણની પણ બચત થશે.

# સેવાલીયા સી.પી.પટેલ હાઈસ્કૂલમાં ધુરંધર નામે વાર્ષિક ઉત્સવ ની ઉજવણી



અશેષ વ્યાસ | ખેડા

ગળતેશ્વર તાલુકાની અગ્રણી અને પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શ્રેયસ એજ્યુકેશન સોસાયટી સંચાલિતશ્રી.સી.પી. પટેલ હાઈસ્કૂલ તથા તન્મય પ્રાયમરી સ્કૂલ સેવાલીયા દ્વારા "ધુરંધર" નામે ચોથો વાર્ષિકોત્સવ ભવ્યતા અને ભાવભર્યા માહોલમાં ઉજવાયો. શાળાના પ્રમુખશ્રી ડી.સી. પટેલના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ખેડા જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ નયનાબેન વી પટેલ તથા, મહામંત્રી રીટાબેન ઓઝા, ટ્રસ્ટીશ્રી નવીનભાઈ પટેલ, પાર્થભાઈ પટેલ, રોનકભાઈ પટેલ તથા ગામજનોની ઉષ્માભરી ઉપસ્થિતિએ કાર્યક્રમને ગૌરવમય બનાવ્યો. આ સાથે જ મહેમાનોમાં પ્રફિતા એસ બાબુ ઈન્ચાર્જ આચાર્ય સી.પી. પટેલ હાઈસ્કૂલ અંગ્રેજી માધ્યમ સુરેશભાઈ પરમાર (ઈનચાર્જ આચાર્ય, તન્મય પ્રાયમરી સ્કૂલ અંગ્રેજી માધ્યમ), તથા પિયુષભાઈ પટેલ (ઈનચાર્જ આચાર્ય, તન્મય પ્રાયમરી સ્કૂલ ગુજરાતી માધ્યમ) તથા જે.જે. પટેલ (નિવૃત ઓ.એસ.)ની ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ ગૌરવ અપાવ્યું. કાર્યક્રમની શરૂઆત દિગ્દર્શી તથા ઉત્સાહિત અને કંઈક નવુ કરવાની ભાવના વાળાઆચાર્યશ્રી જયવીરસિંહ મહિડા સાહેબે મહેમાનોના હાર્દિક સ્વાગત સાથે કરી. પોતાના પ્રેરક વક્તવ્યમાં તેમણે જણાવ્યું કે પ્રમુખશ્રી ડી.સી. પટેલની સુદ્દઢ દિશા અને સંસ્થાની સંકલ્પશક્તિના પરિણામે શાળા સતત પ્રગતિના નવા શિખરો સર કરી રહી છે. ગત વર્ષે ધોરણ 10 અને 12નું પરિણામ ગળતેશ્વર તાલુકામાં પ્રથમ ક્રમે રહ્યું હતું. રમતગમત, સાહિત્ય અને વિવિધ સહપાઠ્ય પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓએ જિલ્લા અને રાજ્ય કક્ષાએ નોંધપાત્ર સિદ્ધિઓ મેળવી છે. આ પ્રસંગે શાળાના અંગ્રેજી માધ્યમના ઈનચાર્જ આચાર્ય પ્રફિતા એસ. બાબુ દ્વારા વાર્ષિક શાળા અહેવાલ વાચવામાં આવ્યો, જેમાં શાળાની શૈક્ષણિક સિદ્ધિઓ, સહપાઠ્ય પ્રવૃત્તિઓ, નેતૃત્વ વિકાસ અને ભવિષ્યની આયોજનયાત્રાનું સુંદર અને વ્યવસ્થિત પ્રતિબિંબ રજૂ થયું. શાળામાં ઘોડેસવારી, રાયફલ શૂટિંગ, ઘરાટે ડાન્સ જેવી અનોખી પ્રવૃત્તિઓ સાથે સંસ્કારસભર શિક્ષણ આપવામાં આવે છે. નેતૃત્વ ગુણોના વિકાસ માટે સાડા પંચાયત ચૂંટણી, રમતોત્સવ અને વિવિધ રાષ્ટ્રીય દિવસોની ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓને જવાબદારી અને લોકતંત્રના મૂલ્યો શીખવવામાં આવે છે. શાળાની પોતાની ટ્રાન્સપોર્ટેશન સુવિધા પણ ઉપલબ્ધ છે અને ભવિષ્યમાં વધુ આધુનિક સુવિધાઓ ઉમેરવાનો સંકલ્પ વ્યક્ત થયો. સાંસ્કૃતિક કાર્યક્રમ "ધુરંધર"નું મુખ્ય આકર્ષણ રહ્યું ડાન્સ ટીચર ઉત્કર્ષ પંડ્યાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓની ભવ્ય રજૂઆતો. "હનુમાન ચાલીસા", "દુર્ગા એક્ટ" અને "ઓપરેશન સિંદૂર" જેવી પ્રસ્તુતિઓએ દર્શકોને ભાવવિભોર કરી દીધા. નારી સશક્તિકરણ અને મોબાઈલના ગેરફાયદાઓ પર આધારિત નાટકોએ સમાજને સકારાત્મક સંદેશ આપ્યો. સૌથી રોમાંચક ક્ષણ રહી એબાક્સ પ્રવૃત્તિ, જેમાં વિદ્યાર્થીઓએ પ્રેક્ષકોને સીધા જ જોડ્યા. ઓડિયન્સ દ્વારા પૂછાયેલા સરવાળા અને બાદબાકી જેવા ગણિતના પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓએ માત્ર એક સેકન્ડના વિરામ વિના મૌખિક રીતે આપી સૌને આશ્ચર્યચકિત કરી દીધા. આ પ્રસ્તુતિ વિદ્યાર્થીઓની તીવ્ર બુદ્ધિશક્તિ અને આત્મવિશ્વાસનું જીવંત દ્રશ્ય બની રહી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન સિનિયર શિક્ષક શ્રી બી.એસ. પ્રજાપતિ સાહેબે કર્યું, જ્યારે આભારવિધિ આર.ડી. ભોઈ સાહેબે કરી. આમ, "ધુરંધર" વાર્ષિકોત્સવ માત્ર એક ઉજવણી નહીં, પરંતુ સંસ્કાર, સંસ્કૃતિ, શૈક્ષણિક ઉત્તમતા અને પ્રતિભાના તેજસ્વી પ્રદર્શનનો ગૌરવશાળી ઉત્સવ સાબિત થયો.

# મહીસાગર જિલ્લામાં 'જન ભાગીદારીથી જન કલ્યાણ'ના મંત્ર સાથે લુણાવાડા ખાતે નિઃશુલ્ક હેલ્મેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લામાં માર્ગ સલામતી પ્રત્યે જાગૃતિ લાવવા અને માર્ગ અકસ્માતોમાં થતી જાનહાનિ નિવારવાના ઉમદા હેતુ સાથે જિલ્લા રોડ સેફટી કમિટી દ્વારા એક વિશેષ પહેલ કરવામાં આવી છે. લુણાવાડાની શ્રી પી.એન. પંડ્યા કોલેજ ખાતે અમદાવાદના મેઘમણી ફાઉન્ડેશન અને મહીસાગર જિલ્લા પોલીસના સંયુક્ત ઉપક્રમે "એક માત્ર સંકલ્પ - જન ભાગીદારીથી જન કલ્યાણ" ના સૂત્રને સાર્થક કરતો 'નિઃશુલ્ક હેલ્મેટ વિતરણ' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દ્વારા પોલીસ પ્રશાસન અને સેવાભાવી સંસ્થાઓએ સાથે મળીને માર્ગ સુરક્ષાના ક્ષેત્રમાં એક મહત્વનું ડગલું માંડ્યું છે. મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સફીન હસનના અધ્યક્ષ સ્થાને આયોજિત આ કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, "હેલ્મેટ એ કોઈ બોજ નથી, પરંતુ વાહન ચાલકના મસ્તકની સુરક્ષા અને તેના પરિવારની રક્ષાનું અભેદ કવચ છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે અકસ્માત અનિશ્ચિત હોય છે, પરંતુ જો ચાલકે સુરક્ષાના સાધનો પહેર્યા હશે તો તે સુરક્ષિત રીતે પોતાના ઘરે પાછો ફરી શકશે. આ સેવાકીય પ્રકલ્પ અંતર્ગત મેઘમણી ફાઉન્ડેશનના ડાયરેક્ટર શ્રી આશિષભાઈ સોપારકર દ્વારા કુલ ૯૦૦ થી વધુ હેલ્મેટનું અનુદાન આપવામાં આવ્યું છે, જેમાંથી પ્રથમ તબક્કામાં આજે 100 હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને આગામી સમયમાં તબક્કાવાર અન્ય વિતરણ કાર્યક્રમો યોજાશે. આ પ્રસંગે એ.એસ. પી.શ્રી વિકાસ યાદવ, મમતા મશીનરીના ડાયરેક્ટર શ્રી મહેન્દ્રભાઈ પટેલ, કોલેજના ઈન્ચાર્જ આચાર્ય શ્રી અલ્પેશ પંડ્યા, લુણાવાડા પી.આઈ. શ્રી જે.એસ. વળવી સહિત આર.ટી.ઓ. અને પોલીસ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં લાભાર્થીઓએ હેલ્મેટ સ્વીકારી માર્ગ સલામતીના નિયમોના પાલન માટે સંકલ્પ લીધો હતો. કાર્યક્રમના અંતે નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે એક ભવ્ય 'હેલ્મેટ જાગૃતિ રેલી'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.



# GSRTC મહુવા ડેપોના ડ્રાઈવર દ્વારા ડેપો મેનેજર ને મેડિકલ સર્ટિફિકેટ રજૂઆત કરવા છતાં રુડ ઉપર ડ્રાઈવિંગ કરવા દબાણ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

મેડિકલ સર્ટિફિકેટ હોવા છતાં ડ્રાઈવર પર દબાણ યુનિયનની અવગણના નિયમો પર સવાલ ભાવનગર ડિવિઝન હેઠળના મહુવા ડેપોમાં એક ગંભીર અને ચિંતાજનક પ્રકરણ સામે આવ્યું છે. જેમાં ડ્રાઈવર ભગવાન કુવરભાઈ પરમાર (બેઝ નં. 1298) મેડિકલ સર્ટિફિકેટ હોવા છતાં સુરત જેવી લાંબી રૂટ ફરજ દબાણપૂર્વક લાદવામાં આવી હોવાના આક્ષેપો થયા છે. માહિતી મુજબ તારીખ 20/02/2026 ના રોજ મહુવા-સુરત રૂટ માટે તેમનું નામ નક્કી થયું હતું. તેઓ અસ્વસ્થ હોવાને કારણે A.T.I. અંકિત ભોજાણી ને મેડિકલ કારણસર ફરજ બજાવી શકાશે નહીં એવી જાણ કરી હતી.પરંતુ 22/02/2026 ના રોજ મેડિકલ સર્ટિફિકેટ જમા કરવા જતા ડેપો મેનેજર કુલદીપ સિંહ જાડેજા અને A.T.I. અંકિત ભોજાણી દ્વારા તેમને ઓફિસમાં બોલાવી દબાણજનક સ્વરે "તારે જ સુરતની લાઈન ઉપાડવાની છે" એમ કહેવામાં આવ્યું હોવાનું ગંભીર આક્ષેપ છે.માત્ર એટલું જ નહીં, પરંતુ 23/02/2026 માટે ફરી સુરત રૂટ તેમની પાસે જ લખવાની સીધી સૂચના આપવામાં આવી હોવાનું જણાવાયું છે.આ મામલો માત્ર એક ડ્રાઈવરનો નથી, પરંતુ કર્મચારી સુરક્ષા અને તંત્રની મનમાનીનો પ્રશ્ન બની રહ્યો છે. ભગવાન પરમારના જણાવ્યા અનુસાર તેમણે આ મુદ્દો યુનિયન પ્રતિનિધિઓ સમક્ષ પણ રજૂ કર્યો હતો. છતાં યુનિયનની વાતને પણ અવગણવામાં આવી હોવાનું સામે આવ્યું છે.ડેપો મેનેજર દ્વારા "જે લાઈન તમારા દ્વારા ઊભી રાખવામાં આવી છે, એ લાઈન તમારે જ કરવાની છે" એવું કહેવામાં આવ્યું હોવાનું જણાવાયું છે.પ્રશ્ન એ ઊભો થાય છે કે શું GSRTCમાં કોઈ એવો નિયમ છે કે ડેપો મેનેજર પોતાના મનસ્વી નિર્ણયથી લાઈન ફાળવી શકે? શું મેડિકલ સર્ટિફિકેટની કોઈ કીમત નથી? શું કર્મચારી આરોગ્ય અને મુસાફરોની સુરક્ષા તંત્ર માટે ગૌણ છે? મહુવા ડેપોમાં લગભગ 40 જેટલા નવા ડ્રાઈવરો હાજર હોવા છતાં અન્ય કોઈને મોકલવા તૈયાર ન થવું અને "કેટલાક ડ્રાઈવરોને ગાડી ચલાવતાં નથી આવડતી" એવો જવાબ આપવો ભરતી પ્રક્રિયા અને તાલીમ વ્યવસ્થાની પારદર્શિતા પર સીધો સવાલ ઉભો કરે છે. આ એક જ કર્મચારીને નિશાન બનાવી દબાણ કેમ?આ સમગ્ર મામલે ભગવાન કુવરભાઈ પરમારે ઉચ્ચ સત્તાધિકારીઓ સમક્ષ લેખિત રજૂઆત કરી નિષ્પક્ષ તપાસ અને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગણી કરી છે.હવે જોવાનું રહ્યું કે GSRTC તંત્ર આ મુદ્દાને દબાવી દે છે કે પારદર્શક તપાસ કરીને કર્મચારી હિતનું રક્ષણ કરે છે. આ પ્રકરણ તંત્રશાહી અને મનસ્વી નિર્ણયોના વિરુદ્ધ કર્મચારી હિતના સંઘર્ષનું પ્રતિક બની રહ્યું છે. તેવું અખબાર ના મધ્યમાં ભગવાનભાઈ કુવરભાઈ પરમારે જણાવ્યું છે.

# મહીસાગર જીલ્લામાં ૪૧ જેટલા રેડ ઝોન અને યલો ઝોન વિસ્તારોને નો ફલાય ઝોન દર્શાવતું જાહેરનામુ બહાર પડ્યું

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સી.વી. લટા દ્વારા જાહેરનામું બહાર પાડીને જિલ્લામાં આવેલા ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને 'રેડ ઝોન' અને 'યલો ઝોન' તરીકે જાહેર કર્યા છે. મહીસાગર જિલ્લાના કુલ ૪૧ ઝોન પૈકી ૨૨ ને 'રેડ ઝોન' અને ૧૯ ને 'યલો ઝોન' જાહેર કરવામાં આવ્યા છે. યલો ઝોનમાં મહીસાગર ડિસ્ટ્રિક્ટ કોર્ટ (૨૦૦ મીટર), એસ.પી. ઓફિસ અને કલેક્ટર કચેરી મહીસાગર (૨૦૦ મીટર) , લુણાવાડા (૨૦૦ મીટર), કોઠંબા, બાલાસિનોર, વીરપુર અને સંતરામપુર (દરેક ૧૦૦ મીટર) ખાતેના ટેલિફોન એક્સચેન્જો, મધવાસ મહી નદીનો પુલ (૫૦૦ મીટર) , લુણાવાડા ખાતેનો પાનમ નદીનો પુલ (૫૦૦ મીટર), આગરવાડા મહી નદીનો પુલ (૫૦૦ મીટર) , સંતરામપુર ખાતેનો છીબોટા નદીનો પુલ (૫૦૦ મીટર), કડાણા ખાતેનો ઘોડિયાર પુલ (૫૦૦ મીટર) , લુણાવાડા સિવિલ હોસ્પિટલ (૫૦૦ મીટર) , ખાનપુર ખાતેનો ભાદર ડેમ (૫ કિમી) , લુણાવાડા, બાલાસિનોર અને સંતરામપુર ખાતેના વોટર સપ્લાય પ્લાન્ટ (દરેક ૫૦૦ મીટર) , લુણાવાડા ખાતે પોલીસ હેડક્વાર્ટર મહીસાગર (૫૦૦ મીટર), અને બાલાસિનોર ખાતે જે.કે. સિમેન્ટ વર્ક્સ (૫૦૦ મીટર) નો સમાવેશ થાય છે. રેડ ઝોનમાં સાવદાસ ના મુવાડા (૫૦૦ મીટર) , લુણાવાડા (૫૦૦ મીટર) , કોઠંબા (૫૦૦ મીટર) , મોવાસા (૫૦૦ મીટર) , વરધરી (૫૦૦ મીટર) , સાચકપુર (૫૦૦ મીટર) , લીમડીયા (૫૦૦ મીટર) , બકોર (૫૦૦ મીટર) , ખાનપુર (૫૦૦ મીટર) , ડીટવાસ (૫૦૦ મીટર) , સંતરામપુર (૫૦૦ મીટર) , લીમડા મુવાડી (૫૦૦ મીટર) , વાલાખેડી (૫૦૦ મીટર) , પાંડવા (૫૦૦ મીટર) , જોરાપુરા (૫૦૦ મીટર) , ભાથલા (૫૦૦ મીટર) , બાલાસિનોર (૫૦૦ મીટર) , અને વીરપુર (૫૦૦ મીટર) ખાતેના ઈલેક્ટ્રિક પાવર સબ સ્ટેશન ૬૬ કેવી; તેમજ કડાણા ખાતે કડાણા હાઈડ્રો-ઈલેક્ટ્રિક પાવર સ્ટેશન (૫ કિમી) , વણાકબોરી ખાતે ઓરેવા પાવર સ્ટેશન (૫ કિમી) , કડાણા ડેમ (૫ કિમી) , અને વણાકબોરી ડેમ (૫ કિમી) નો સમાવેશ થાય છે.આ જાહેરનામું પ્રકાશનની તારીખથી તા. ૨૩/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ આદેશના કોઈપણ ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ મુજબ શિક્ષા થશે.

# ડાંગ દરબાર 2026: પ્રોટોકોલ અને પરંપરાના ભંગ મુદ્દે ભારે રાજકીય ગરમાવો, "કોંગ્રેસ દ્વારા બહિષ્કારની ચીમકી.."

ડાંગ| ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહર સમાન ડાંગ દરબાર-2026ના આયોજનને લઈને વહીવટી તંત્ર અને ભાજપ સરકાર સામે વિરોધના વંટોળ ઉઠ્યા છે.ડાંગના પાંચ રાજવીઓના સન્માન અને આદિવાસી સંસ્કૃતિના ગૌરવ સમાન આ મેળાના આયોજનમાં પ્રોટોકોલનું ઉલ્લંઘન થયું હોવાના ગંભીર આક્ષેપો સાથે ડાંગ જિલ્લા કોંગ્રેસ પાર્ટી પ્રમુખ સ્નેહલ ઠાકરે મેદાનમાં ઉતરી સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ, ડાંગ દરબાર જેવા ગરિમાપૂર્ણ અને ઐતિહાસિક પર્વનું ઉદ્ઘાટન ગુજરાત રાજ્યના પ્રથમ નાગરિક એટલે કે રાજ્યપાલના હસ્તે કરવામાં આવતું હોય છે. પરંતુ આગામી 26 ફેબ્રુઆરીથી શરૂ થનારા ડાંગ દરબાર-2026ની જે સત્તાવાર પત્રિકા જાહેર થઈ છે, તેમાં ઉદ્ઘાટન વિધિ જિલ્લાના પ્રભારી મંત્રી જયરામભાઈ ગામીતના હસ્તે રાખવામાં આવી છે, જ્યારે રાજ્યપાલને માત્ર 3 માર્ચના રોજ યોજાનાર સમાપન સમારોહમાં અતિથિ વિશેષ તરીકે સ્થાન અપાયું છે. આ આયોજનને લઈને ડાંગ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સ્નેહલ ઠાકરેએ સોશિયલ મીડિયા પર એક વિડિયો વાયરલ કરી વહીવટી તંત્ર સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.સ્નેહલ ઠાકરેએ પોતાનો રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, બંધારણીય પ્રોટોકોલ મુજબ રાજ્યપાલનું પદ મંત્રી કરતા ઘણું ઊંચું અને ગરિમામય છે. જ્યારે રાજ્યપાલ પોતે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના હોય, ત્યારે તેમના બદલે કોઈ મંત્રી દ્વારા ઉદ્ઘાટન કરાવવું એ માત્ર પ્રોટોકોલનો ભંગ નથી, પરંતુ રાજ્યના સર્વોચ્ચ બંધારણીય પદનું અપમાન છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ભાજપ સરકાર પોતાના મંત્રીઓને પ્રસિદ્ધિ અપાવવા માટે ડાંગની વર્ષો જૂની પરંપરાઓ સાથે ચેડાં કરી રહી છે. આ મેળાનો મુખ્ય ઉદ્દેશ્ય ડાંગના રાજવીઓનું સન્માન કરવાનો છે, પરંતુ સરકારના આવા નિર્ણયોથી રાજવી પરિવારોની લાગણી દુભાઈ રહી છે. લોકશાહીના મૂલ્યો વિરુદ્ધ ગણાવ્યું છે. તેમણે પ્રશ્ન કર્યો છે કે શું ડાંગના કલેક્ટર અને જવાબદાર અધિકારીઓ પ્રોટોકોલના નિયમોથી અજાણ છે? કે પછી રાજકીય દબાણ હેઠળ જાણી જોઈને આ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે? તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ડાંગ દરબાર એ માત્ર એક મનોરંજનનો મેળો નથી, પણ ડાંગના ઈતિહાસ અને અસ્મિતા સાથે જોડાયેલું પર્વ છે, જેની મર્યાદા જળવાવી અનિવાર્ય છે.

# અમદાવાદના આંગણે સાહિત્યનો મધુર ગુંજારવ: ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા 'બાળ રંજન રંગારંગ સભા'નું ભવ્ય આયોજન



અમદાવાદ: આજના ડિજિટલ યુગમાં જ્યારે બાળકો સ્માર્ટફોન અને વીડિયો ગેમ્સની માયાજાળમાં ફસાયેલા છે, ત્યારે તેમને માતૃભાષાના માધુર્ય અને સાહિત્યના સંસ્કારો સાથે જોડવા માટે એક સ્તુત્ય પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. અમદાવાદની પ્રતિષ્ઠિત સંસ્થા ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'શ્રીમતી રાધિકા શિરીષ પરીખ બાળકિશોર સાંસ્કૃતિક ભવન' દ્વારા આગામી સમયમાં *'બાળ રંજન રંગારંગ સભા'*નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

પરિષદના પ્રાગણમાં યોજાનારી આ સભામાં બાળકોને ગુજરાતી સાહિત્યના વિવિધ પાસાઓ સાથે પરિચય કરાવવામાં આવશે. કાર્યક્રમની રૂપરેખા મુજબ, અહીં જોડકણાં, ઉખાણાં, વાર્તા અને ગીતોના રંગ જામશે. બાળકોને બાળપણમાં જે લોકપ્રિય વાર્તાઓ સાંભળવી ગમે છે અને જે ગીતો પર તેઓ ઝૂમી ઉઠે છે, તે તમામ પ્રસ્તુતિઓ અહીં જીવંત કરવામાં આવશે. ઉખાણાં દ્વારા બાળકોની બૌદ્ધિક ક્ષમતાની કસોટી થશે, તો જોડકણાં દ્વારા તેમને શબ્દોની લય અને તાલનો અનુભવ કરાવવામાં આવશે.

આ રંગારંગ સભામાં વિશેષ આકર્ષણ તરીકે જાણીતા સાહિત્યકારો અને શિક્ષણવિદો ઉપસ્થિત રહેવાના છે.

આ વખતના મુખ્ય સર્જકોમાં:
* ડૉ. નટવર ગોહેલ
* ડૉ. અવિનાશ પરીખ
* ડૉ. ખ્યાતિ પુરોહિત

આ અનુભવી સર્જકો પોતાની આગવી શૈલીમાં બાળકો સાથે સંવાદ સાધશે અને તેમને વાર્તાઓની જાદુઈ દુનિયામાં લઈ જશે. આ કાર્યક્રમનું કુશળ સંચાલન ડૉ. સ્નેહલ નિમાવત દ્વારા કરવામાં આવશે.

## શ્રી રામકથાની સાથે હિન્દુ સંમેલન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૪. શ્રી રોકડિયા હનુમાન મહારાજ મંદિર, દોલતપુરા, જૂનાગઢ ખાતે ચાલતી રામ કથામા તારીખ 23/02/26ને સોમવારના રોજ હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં મંદિરના મહંતશ્રી 1008 મહામંડલેશ્વર શ્રીરામ મનોહરદાસજી મહારાજના આશિર વચનો પ્રાપ્ત થયા. ભારતના વૈભવશાળી ઈતિહાસ, હિન્દુ પરિવાર, પર્યાવરણની જાગૃતિ, સામાજિક સમરસતા, કર્તવ્યબોધ, તેમજ સ્વ જાગરણ ની વાતો રાખવામાં આવી હતી.

# કરોડોના આંધણ વચ્ચે આયોજન વિહોણો ડાંગ દરબાર, રાજવીઓમાં કચવાટ.

ડાંગ | ડાંગ જિલ્લાની ઐતિહાસિક અને ગૌરવમય ધરોહર સમાન ડાંગ દરબાર ને લઈ આ વર્ષે વિવાદ ઊભો થયો છે.સ્થાનિક વહીવટી તંત્ર અને રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા કરોડો રૂપિયાનું આંધણ કરીને કાર્યક્રમો ગોઠવવામાં આવી રહ્યા હોવાના આક્ષેપો વચ્ચે આયોજનમાં સંકલનનો અભાવ અને પરંપરાગત ઔપચારિકતામાં ફેરફાર થતાં રાજવીઓ સહિત નાગરિકોમાં રોષ ફાટી નીકળ્યો છે.ઈતિહાસ સાક્ષી છે કે સને 1818થી 1848 દરમિયાન અંગ્રેજ શાસન સામે અડગ અને અજેય રહેલા ડાંગના રાજવીઓએ પોતાના કિંમતી જંગલોની લીઝ પ્રણાલી અંતર્ગત સાગી વૃક્ષ કાપવાની પરંપરા સ્વીકારી હતી. તેના અવેજમાં હોળી પૂર્વે રાજવીઓને લીઝ રકમ ચૂકવવાની અને હોળી પહેલા ત્રણ દિવસ દરબાર યોજવાની પરંપરા શરૂ થઈ. આઝાદી પછી પણ આ ઐતિહાસિક પરંપરા યથાવત્ રાખવામાં આવી હતી, જેમાં રાજ્યપાલના હસ્તે પાંચ ડાંગી રાજાઓને માનભેર પોલિટિકલ પેન્શન એનાયત કરવામાં આવતું હતું.પરંતુ તા. 26 ફેબ્રુઆરીથી 3 માર્ચ દરમિયાન યોજાનાર આ વર્ષના ડાંગ દરબારમાં પરંપરાગત પ્રોટોકોલમાં ફેરફાર થતાં વિવાદ ઉભો થયો છે. ઉદ્ઘાટન સમારંભમાં રાજ્યપાલની હાજરીના સ્થાને રાજકીય નેતાઓ ઉપસ્થિત રહેશે તેવી માહિતી બહાર આવતા રાજવીઓમાં અસંતોષ વ્યાપ્યો છે. પરંપરા અને પ્રોટોકોલમાં બદલાવને રાજવીઓ પોતાની ઐતિહાસિક માનમર્યાદા સાથે ચેડાં સમાન ગણાવી રહ્યા છે.

## સીટીએમ પાસે AMC દબાણની ગાડીવાળાએ ફેરિયાને છત્રીનો સળિયો માર્યો

અમદાવાદ | અમદાવાદના CTM ચાર રસ્તા પાસે મ્યુનિ. કોર્પોરેશનની દબાણ હટાવવાની કામગીરી દરમિયાન ભારે હોબાળો મચી ગયો હતો. લારી ચલાવી ગુજરાન ચલાવતા એક યુવકની લારી ઉપાડતી વખતે એસ્ટેટ વિભાગના કર્મચારીઓએ તેની છત્રી લઈ લીધી હતી. જ્યારે ફેરિયાએ પોતાની છત્રી પરત માંગી, ત્યારે મામલો ઉગ્ર બન્યો હતો અને આવેશમાં આવેલા એસ્ટેટના કર્મચારીએ છત્રીનો લોખંડનો સળિયો ફેરિયાની પીઠના ભાગે મારી દીધો હતો. તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.ઈજાગ્રસ્ત ફેરિયાને તાત્કાલિક 108 મારફતે LG હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

# આગામી હોળી પર્વને ધ્યાનમાં રાખીને અમદાવાદ મંડળ દ્વારા વિશેષ મુસાફર વ્યવસ્થાપન અને સુરક્ષા વ્યવસ્થાઓ




ગાંધીનગર | આગામી હોળી તહેવારના અવસરે સંભાવિત વધારાની મુસાફરોની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા વ્યાપક તૈયારીઓ કરવામાં આવી રહી છે. હોળી પર્વ દરમિયાન પશ્ચિમ રેલવે દ્વારા વિવિધ ગંતવ્યો માટે કુલ 684 ટ્રેન ટ્રિપ્સ સંચાલિત કરવામાં આવશે, જેથી મુસાફરોને વધુ સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે.

આ સંદર્ભમાં મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી, જેમાં તમામ સંબંધિત વિભાગોને યાત્રી સુવિધા, સુરક્ષા અને સુગમ આવાગમન સુનિશ્ચિત કરવા માટે અસરકારક અને પ્રભાવી વ્યવસ્થા કરવાની સૂચનાઓ આપવામાં આવી હતી.

સાબરમતી રેલવે સ્ટેશન

સાબરમતી સ્ટેશન પર અંદાજે 4,000 થી 5,000 મુસાફરોને બેસવાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. અવરજવર સુગમ રહે તે માટે પ્રવેશ અને નિર્ગમ દ્વાર અલગ-અલગ રાખવામાં આવ્યા છે, જેથી ભીડનું વધુ સારું સંચાલન થઈ શકે.

આ હોલ્ડિંગ વિસ્તારોમાં પંખા, પીવાના પાણી તથા અન્ય આવશ્યક મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેથી પ્લેટફોર્મ પર અનાવશ્યક ભીડ ટાળી શકાય અને મુસાફરોનો તબક્કાવાર પ્રવેશ સુનિશ્ચિત થઈ શકે.

વિશેષ પ્લેટફોર્મ વ્યવસ્થાપન યોજના:

મોટાભાગની હોળી સ્પેશિયલ અને વધુ ભીડવાળી ટ્રેનો પ્લેટફોર્મ નંબર 8 પરથી સંચાલિત કરવામાં આવશે.

# NFR એ આસામના વિવિધ સ્ટેશનો પર 19 ટ્રેનોના વધારાના સ્ટોપેજ કાર્યરત કર્યા છે



માલીગાંવ | ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે (NFR) એ મુસાફરોની સુવિધા વધારવા અને પ્રાદેશિક રેલ કનેક્ટિવિટીને મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી આસામના વિવિધ ભાગોના પસંદગીના સ્ટેશનો પર 19 ટ્રેનો માટે વધારાના સ્ટોપેજ શરૂ કર્યા છે. આ વધારાના સ્ટોપેજ 20 થી 28 ફેબ્રુઆરી, 2026 ના સમયગાળામાં તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવી રહ્યા છે, જેનાથી મહત્વપૂર્ણ મધ્યવર્તી સ્ટેશનો પર મુસાફરો માટે સુલભતામાં સુધારો થશે.20 ફેબ્રુઆરી, 2026 થી, ટ્રેન નંબર 15615/15616 ગુવાહાટી-સિલચર-ગુવાહાટી એક્સપ્રેસને સાલચપરા ખાતે વધારાનો સ્ટોપેજ આપવામાં આવ્યો છે. 21મી ફેબ્રુઆરી, 2026 થી, ટ્રેન નંબર 15669/15670 ગુવાહાટી-ડિબ્રુગઢ-ગુવાહાટી એક્સપ્રેસને કામપુર ખાતે સ્ટોપેજ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે, જ્યારે ટ્રેન નંબર 15611/15612 રંગિયા-સિલચર-રંગીયા એક્સપ્રેસને જાગીરોડ પર સ્ટોપેજ આપવામાં આવ્યું છે.22મી ફેબ્રુઆરી, 2026થી પ્રભાવી, ટ્રેન નંબર 15603/15604 ગુવાહાટી-લેડો-ગુવાહાટી એક્સપ્રેસને કામપુર ખાતે વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે, અને ટ્રેન નંબર 13125 કોલકાતા-સાયરાંગ એક્સપ્રેસને કટાખાલ ખાતે સ્ટોપેજ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. 23મી ફેબ્રુઆરી, 2026 થી, ટ્રેન નંબર 13176 સિલચર-સિયાલદાહ કંચનજંગા એક્સપ્રેસને લંકા ખાતે સ્ટોપેજ આપવામાં આવ્યું છે, જ્યારે ટ્રેન નંબર 15417/15418 અલીપુરદ્વાર-સિલઘાટ ટાઉન-અલીપુરદ્વાર રાજ્યરાણી એક્સપ્રેસને અમોની ખાતે સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

# પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ અને પાલિતાણા વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

ગાંધીનગર | ફાગુનફેરીના તહેવારોની મોસમ દરમિયાન મુસાફરોની સુવિધા માટે અને મુસાફરીની માંગને પહોંચી વળવા માટે, પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ અને પાલિતાણા વચ્ચે ખાસ ભાડા પર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવશે.પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, ટ્રેનની વિગતો નીચે મુજબ છે:

૧. ટ્રેન નંબર૦૯૦૧૩/૦૯૦૧૪ બાંદ્રા ટર્મિનસ - પાલિતાણા સુપરફાસ્ટ સ્પેશિયલ (૦૨ ટ્રિપ્સ)

ટ્રેન નંબર ૦૯૦૧૩ બાંદ્રા ટર્મિનસ - પાલિતાણા સ્પેશિયલ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ શનિવારના રોજ બાંદ્રા ટર્મિનસથી સવારે ૧૧:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૦:૫૦ વાગ્યે પાલિતાણા પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09014 પાલિતાણા - બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ રવિવાર 01 માર્ચ, 2026 ના રોજ પાલિતાણાથી 15:00 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 05:00 વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.

રસ્તામાં, આ ટ્રેન બોરીવલી, વાપી, સુરત, વડોદરા, અમદાવાદ, બોટાદ, ધોળા, સોનગઢ અને સિહોર ગુજરાત સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.

## જમાઈની હત્યા નીપજાવનાર પિયરિયાઓની જામીન અરજી કોર્ટે નકારી

અમદાવાદ | અમદાવાદના વાડજ પોલીસ મથકે વર્ષ 2025ના અંતમાં પુત્રવધુના પિયરીયાઓ સામે જમાઈની હત્યા કરવાનો ગુનો નોંધાયો હતો. જે સંદર્ભે આરોપી નરેશ પરમાર અને મેહુલ પરમારે અમદાવાદ સીટી સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જેને સીટી સેશન્સ કોર્ટે ફગાવી નાખી છે.અરજદારો વતી રજૂઆત કરવામાં આવી હતી કે, આ કેસમાં ચાર્જશીટ ફાઈલ થઈ ચૂકી છે.

# ગિફ્ટ સિટી-શાહપુર મેટ્રો વિસ્તરણને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી, 3.33 કિ.મી. નવા રૂટથી કનેક્ટિવિટી મજબૂત

ગાંધીનગર | વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટે ગિફ્ટ સિટીથી શાહપુર સુધીના મેટ્રો રેલ નોર્થ-સાઉથ કોરિડોરના 3.33 કિલોમીટર વિસ્તરણને મંજૂરી આપી છે. આ વિસ્તરણ હેઠળ ત્રણ નવા એલિવેટેડ સ્ટેશનો ઉભા થશે અને અંદાજે 1067.35 કરોડના ખર્ચે પ્રોજેક્ટ ચાર વર્ષમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. Gujarat મેટરો રેલ કોર્પોરેશન દ્વારા અમલમાં મૂકાનાર આ વિસ્તરણથી અમદાવાદ અને ગિફ્ટ સિટી વચ્ચેની અવરજવર વધુ સુગમ બનશે. હાલ અમદાવાદ મેટ્રો ફેઝ-I અને ફેઝ-II મળી 68.28 કિ.મી. નેટવર્ક અને 53 સ્ટેશનો સાથે કાર્યરત છે, જેનો લાભ દૈનિક આશરે 1.60 લાખ મુસાફરો લઈ રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ આ નિર્ણય બદલ વડાપ્રધાન અને કેન્દ્રીય કેબિનેટનો આભાર વ્યક્ત કર્યો. તેમના મુજબ, ગિફ્ટ સિટી ફિનટેક હબ તરીકે વિકસતી હોવા સાથે ત્યાં કાર્યરત મલ્ટિનેશનલ કંપનીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને વેપારી કેન્દ્રોને સીધો લાભ મળશે. મેટ્રો વિસ્તરણથી શહેરી પરિવહનમાં ગતિ આવશે અને અમદાવાદ-ગિફ્ટ સિટી વચ્ચે દૈનિક મુસાફરી કરતા નાગરિકો માટે સમય અને ખર્ચ બંનેમાં રાહત મળશે.

## અમદાવાદમાં રહેણાક મકાનમાં આગ, પિતા-પુત્ર ભડથું

અમદાવાદ | અમદાવાદ શહેરના વેજલપુર વિસ્તારમાં બકેરી સિટી નજીક આવેલા કૃષ્ણનગર રો-હાઉસના એક મકાનમાં મધરાતે ભીષણ આગ ફાટી નીકળતાં ઘરમાં હાજર પાંચ લોકોમાંથી પિતા-પુત્રનાં મોત નીપજ્યાં છે, જ્યારે ત્રણ લોકો બહાર નીકળી જતાં તેમનો આબાદ બચાવ થયો છે. ગોહિલ પરિવારના સભ્યો રાત્રિના ભરનિદ્રામાં હતા ત્યારે જ સાડાત્રણ વાગ્યાના અરસામાં આગ ફાટી નીકળી હતી.

# વારાહી મામલતદાર કચેરી બહાર ACBનો સફળ ટ્રેપ: રૂ.૭ હજાર લાંચ લેતા ડેટા એન્ટ્રી ઓપરેટર રંગેહાથ ઝડપાયો

ગાંધીનગર | એન્ટી કરપ્શન બ્યુરો ગુજરાત દ્વારા પાટણ જિલ્લામાં વધુ એક સફળ ટ્રેપ ગોઠવી લાંચ લેતા આઉટસોર્સ ડેટા એન્ટ્રી ઓપરેટરને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ વારાહી મામલતદાર કચેરીની એટીવીટી શાખામાં ફરજ બજાવતા મહેશકુમાર @ મુકેશભાઈ દલાભાઈ પરમાર (રહે. વારાહી, તા. વારાહી, જિ. પાટણ)એ ફરિયાદીના ભત્રીજાનું ખોવાયેલ જન્મ પ્રમાણપત્ર મેળવવા મામલતદારનો હુકમ કરી આપવા બદલ રૂ.૭,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે પાટણ ACBનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ વારાહી મામલતદાર કચેરી બહાર ચાની લારી પાસે ટ્રેપ ગોઠવવામાં આવ્યો હતો. જેમાં આરોપીએ રૂ.૭,૦૦૦ની લાંચ સ્વીકારી ત્યારે જ ACBની ટીમે તેને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. લાંચની સંપૂર્ણ રકમ કબજે લેવામાં આવી છે. આ કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ હાથ ધરાઈ હતી, જ્યારે સુપરવિઝન સહાયક નિયામક કે. એચ. ગોહિલ (ભુજ બોર્ડર એકમ) અને નાયબ નિયામક બળદેવસિંહ સી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. લાંચની સંપૂર્ણ રકમ કબજે લેવામાં આવી છે. ACB દ્વારા આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ESICના ૭૫મા સ્થાપના દિવસે અમદાવાદમાં વિશેષ સેવા પખવાડા સેમિનાર યોજાયો

ગાંધીનગર | અમદાવાદ સ્થિત મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટિટયૂટ ખાતે એમ્પ્લોઈડ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ના ૭૫મા સ્થાપના દિવસ નિમિત્તે વિશેષ સેવા પખવાડા અંતર્ગત સેમિનાર કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમમાં રાજ્યના કેબિનેટ મંત્રી કુવરજી બાવલિયા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું. આ અવસરે શ્રમિક કલ્યાણ, સામાજિક સુરક્ષા અને આરોગ્ય સેવાઓ જેવી કલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલીકરણ પર ભાર મુકાયો. મંત્રીએ જણાવ્યું કે સમાજના અંતિમ પાંખે રહેલા શ્રમિકો અને તેમના પરિવારજનો સુધી સરકારી યોજનાઓનો લાભ પહોંચે તે માટે સંકલિત પ્રયત્નો જરૂરી છે. કાર્યક્રમમાં ESICની સેવાઓને વધુ સુલભ અને પારદર્શક બનાવવા તથા શ્રમિકોને સુરક્ષિત અને સશક્ત બનાવવા માટેના સૂચનો પર પણ ચર્ચા કરવામાં આવી.

# આગામી દાયકામાં ૨.૧૦ લાખથી વધુ સરકારી ભરતી: રાજ્યમાં રોજગાર અને કાર્યક્ષમતાને મળશે વેગ

ગાંધીનગર | રાજ્યમાં યુવાનો માટે સરકારી રોજગારીના દ્વાર વિશાળ પાયે ખુલવા જઈ રહ્યા છે. વિધાનસભા ગૃહમાં ભરતી પ્રક્રિયા અંગે પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપતાં મંત્રી ઈશ્વરસિંહ પટેલએ જણાવ્યું કે આગામી ૧૦ વર્ષમાં ગુજરાત લોક સેવા આયોગ મારફતે ૨,૧૦,૫૮૨થી વધુ જગ્યાઓ પર સીધી ભરતીનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ડેમોગ્રાફિક ડિવિડન્ડ'ના વિઝનને સાકાર કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા અને સાતત્ય જળવાઈ રહે તે માટે ૨૦૨૪ થી ૨૦૩૩ સુધીનો ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર જાહેર કરવામાં આવ્યો છે. છેલ્લા બે વર્ષમાં વર્ગ-૧ અને વર્ગ-૨ની ૩૦૬ જગ્યાઓ માટે માંગણીઓ મોકલવામાં આવી છે, જેમાંથી ૨૪૦ જગ્યાઓની પ્રાથમિક અને મુખ્ય પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં ઈન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરાશે. ગત વર્ષમાં જ ૩૦,૦૦૦થી વધુ ઉમેદવારોને નિમણૂકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. મંત્રીશ્રીએ ઉમેર્યું કે રાજ્યમાં ઉચ્ચ વહીવટી પદોની ખાલી જગ્યાઓ ભરવાની કામગીરી તેજ ગતિએ ચાલી રહી છે. સાથે જ દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓ ભરવા 'ખાસ ઝુંબેશ' હાથ ધરાઈ છે. રાજ્ય સરકારનો આ દ્રઢ અભિગમ યુવાનોને રોજગાર અને વહીવટી તંત્રને કાર્યક્ષમતા–બંને મોરચે મજબૂત બનાવશે.

# યુદ્ધ, શું કામ?

મહાભારત ના યુદ્ધ બાદ લાલ ચટક લોહીની નદીમાં તરી રહેલ લાખો નિર્દોષ લોકો ના મૃત મડદાં ઓ આજ પણ પૂછી રહ્યા છે કે "અમારો શું વાંક?" વર્ષ ૨૦૨૨ બાદ વિશ્વ માં બધેય સંઘર્ષ વધ્યા છે "યુદ્ધ" શબ્દ ના ભણકારા વધારે સંભળાઈ રહ્યા છે.૨૦૨૨ માં રશિયા એ યુક્રેન પર હુમલો કર્યો એ બાદ રશિયા અને યુક્રેન વચ્ચે નું યુદ્ધ ૨૦૨૬ માં પણ ચાલુ છે. ૨૦૨૩ થી ૨૦૨૪ માં ઈઝરાયલ નું હમાસ સાથે અને ઈઝરાયલ નું ગાઝા સાથે યુદ્ધ થયું.૨૦૨૫ નું વર્ષ એ ઘણા સંઘર્ષો સાથે ત્રીજા વિશ્વ યુદ્ધ ના ભણકારા લઈને આવ્યું.વર્ષ ૨૦૨૫ માં ભારત - પાકિસ્તાન,ઈઝરાયલ - ઈરાન, થાઈલેન્ડ - કંબોડિયા વચ્ચે યુદ્ધ જેવા સંઘર્ષો વધ્યા હતા.૨૦૨૬ ના વર્ષ ના પ્રારંભ થી જ અમેરિકા અને ઈરાક વચ્ચે સંઘર્ષ વધતા યુદ્ધ ના ભણકારા વાગી રહ્યા છે. યુદ્ધનું નિર્માણ કે યુદ્ધ ના શસ્ત્રો જેવા કે પરમાણુ બોમ્બ વગેરે ગમે તેટલા ઘાતક હશે પરંતુ જ્યાં સુધી મ્યાન માંથી નીકળતા નથી ત્યાં સુધી એ ઈજા પહોંચાડી શકતા નથી. આ દુનિયા ની શરૂઆત થી લઈને અત્યાર સુધીના જેટલા યુદ્ધ થયા છે એની પાછળ "અહંકાર" શબ્દ કારણભૂત બન્યો છે.ભલે માણસ ના લોહી નો રંગ લાલ હોય પણ માણસ નો મિજાજ તો ગુલાબી જ રહેવાનો. મનુષ્ય જાતિ ક્યારેય "યુદ્ધ" શબ્દ સાથે સહમત થતી નથી હોતી પરંતુ વિશ્વ વિજેતા બનવાનો માણસ ના કેફ કે અહંકાર સમૃદ્ધ ભૂમિ ને પણ ક્ષણવાર માં સ્મશાન તરફ દોરી શકે છે. ઈ.સ પૂર્વે ૨૬૮ થી ૨૩૨ ના ગાળા માં સમ્રાટ અશોક એ મૌર્ય વંશ ના ચક્રવર્તીય રાજા હતા પૂર્વ થી લઈને પશ્ચિમ અને ઉત્તર થી લઈને દક્ષિણ આજના અફઘાનિસ્તાન સુધી સમ્રાટ અશોક નું સામ્રાજ્ય ફેલાયેલું હતું. વિનાશક કલિંગ ના યુદ્ધ માં ઈ.સ ૨૬૧ માં સમ્રાટ અશોક વિજેતા તો બન્યા પરંતુ યુદ્ધ ભૂમિ પરનો ભયાનક રક્તપાત,લાખો લોકો ના મૃત્યુ અને લાખો લાશો આગળ સ્વજન ને ગુમાવવા ના દર્દ માં રડતા વિલાપ કરતા લોકોને જોતા એનું મન વેદનાથી ભરાઈ ગયું હતું. સમ્રાટ અશોક ને વિનાશક કલિંગ યુદ્ધ ના પોતે કરેલ નિર્ણય પર પસ્તાવો થતા હિંસાનો માર્ગ ત્યજી ને બુદ્ધ ધર્મ અપનાવી ને અહિંસા અને ધમ્મ(ધર્મ) નો માર્ગ અપનાવ્યા બાદ "યુદ્ધ" ના બદલે પ્રજા કલ્યાણ ના કાર્યો કરવાનો પ્રયત્ન કર્યો હતા.

"મે પલ દો પલ કા શાયર હું પલ દો પલ મેરી કહાની હૈ, પલ દો પલ મેરી હસ્તી હૈ પલ દો પલ મેરી કહાની હ ૈ"

આ દુનિયામાં જન્મ લેનાર બધાનું મૃત્યુ એક ના એક દિવસ તો થવાનું છે એટલે દૂરબીન લઈને શોધવા જશો તો પણ "વિશ્વ વિજેતા" જડશે નહી.આ કારણોસર સત્તાધીશ લોકોએ "યુદ્ધ ના બદલે લોક કલ્યાણ અને જનતા ના સુખ નો માર્ગ અપનાવવો જોઈએ. સતાધીશો ના નિર્ણયો પર કરોડો જનતા ના સુખ અને કલ્યાણ સાથે દરેક દેશ ના આંતરિક વિકાસ નો સવાલ હોય છે. તાજેતર માં પૂર્વ આર્મી ચીફ એ લખેલ પુસ્તક માં એણે પ્રધાન મંત્રી ના "તમને જે યોગ્ય લાગે એ કરો" નિર્ણય સામે પ્રશ્નાર્થ કરતા પૂછ્યું છે કે ચીન અને પાકિસ્તાની બોર્ડર મામલે "નિર્ણયો" કેમ અલગ? પૂર્વ આર્મી ચીફ જનરલ એમ.એમ નરવણે ના પુસ્તક "four stars of destiny" નો આ મુદ્દો પકડી ને કોંગ્રેસ ના નેતા રાહુલ ગાંધીએ સંસદ માં મોટો હોબાળો મચાવ્યો હતો. ત્યારે જનતા ને પ્રથમ દ્દષ્ટિ એ લાગ્યું હતું કે રાહુલ ગાંધી એ જે સાચો મુદ્દો ઉઠાવ્યો છે. રાહુલ ગાંધી ને લીધે "four stars of destiny" પુસ્તક ફેમસ થઈ જવાથી લોકો ને પુસ્તક નો મુદ્દો સમજાયો હતો.જ્યારે પડોશ માં મિત્ર ઓછા ને દુશ્મન વધારે હોય ત્યારે સત્તાધીશ વ્યક્તિ એ અમુક પોલિટિકલ નિર્ણયો લેવા પડતા હોય છે. ભારત સાથેના પાકિસ્તાન ના સબંધો એટ ધ ફર્સ્ટ ડે થી દુશ્મનાવટ ભર્યા છે.ત્યાંની જનતા ની ગળથૂથી માંજ ભારતીય નાગરિકત્વ ધરાવતા હિન્દુ કે મુસ્લિમ "કાફિર" છે.આ કારણોસર નિયમિત બોર્ડર પર પાકિસ્તાન ના ઓચિંતા હુમલા થતા હોવાથી ભારતીય લશ્કર ને ફાયરિંગ કરવાની ખુલ્લી છૂટ આપવામાં આવી છે.

પાકિસ્તાન ની પ્રવૃતિઓ ભારત સાથે વેપાર કરવાની નથી પણ દુશ્મનાવટ વધારવાની વધારે છે.માન્યું કે ભારત અને ચીન વચ્ચે સરહદીય તણાવ છે પણ બન્ને દેશો વચ્ચે પરસ્પર વેપારિક સબંધો વધારે છે.૨૦૨૪-૨૫ ના વર્ષ માં ભારત અને ચીન વચ્ચે દ્વિપક્ષીય વેપાર ૧૨૭.૭ અબજ ડોલરનો હતો. ભારત અને ચીન ના સરહદીય તણાવ ના મામલા ને ધ્યાન માં રાખીને રાષ્ટ્રીય સુરક્ષા માટે અને વિવાદો પર કાબુ મેળવી શકાય એટલે મોજુદા સરકારે ચીનની એપ્સને પ્રતિબંધિત કરી અને અમુક આયાત પર નિયંત્રણ મૂક્યા છે.સત્તાધીશ ના નિર્ણયો સામન્ય



\- રુપાલી દવે

વિવાદ યુદ્ધ માં પરિવર્તિત ન થાય એનું ધ્યાન રાખવાનું છે. આ પ્રકાર ના નિર્ણયો વિશ્વ ની મોટાભાગની સત્તાધીશ સરકાર કરતી હોય છે. બોર્ડરની સમસ્યા મામલે યુદ્ધ ની પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય એવા સરકાર દ્વારા લેવાતા નિર્ણયો ગુપ્ત રાખવામાં આવતા હોય છે.પૂર્વ આર્મી ચીફ જનરલ એમ.એમ. નરવણે એ એની બુક "ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટની" જે ઘટના ને ખોટી રીતે વર્ણવી છે.આ ઘટના ને પ્રધાન મંત્રી એ ચૂંટણી પ્રચાર દરમિયાન "લશ્કરની બહાદુરી"સ્વરૂપે જનતા સમક્ષ રજુ કરી હતી. પ્રધાન મંત્રી એ ચૂંટણી પ્રચાર માં સેના ની બહાદુરી ના વખાણ કરતી વખતે પોતાની વાત નહતી કરી.ન્યુઝ ચેનલો પર પણ ચીન અને ભારત ના સૈન્ય વચ્ચે થયેલ ભીડ ના દ્દશ્યો દર્શાવવા માં આવ્યા હતા.

યુદ્ધ છેડવું તો ખૂબ સહેલું છે પણ યુદ્ધ છેડ્યા બાદ શું થાય છે? એના કિસ્સા નજર સમક્ષ છે.રશિયા અને યુક્રેન,ઈઝરાયલ નું પેલેસ્ટાઈન,ગાઝા સાથેના યુદ્ધ નું ગવાહ ઈતિહાસ છે. એક સમયે સમૃદ્ધ અને અતિ સુંદર ગણાતું પર્યટકો ના આકર્ષણ સમાન યુક્રેનની દશા વર્તમાનમાં ખંડેર થી પણ બદતર થઈ ચૂકી છે.યુક્રેન ના લોકો નું અન્ય જગ્યા એ સ્થળાંતર વધ્યું છે ત્યાં બેકારી, ભૂખમારો થી લઈને જાત જાતની સમસ્યાઓ ઊભી છે પુન: યુક્રેન ફરી ક્યારે એ ઊભો થઈને વિકસિત બનશે એની સંભવના પણ થઈ શકે એમ નથી.વર્તમાન માં યુક્રેન ના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી માટે મોટી મૂંઝવણ એ છે કે નાટો દેશો અને અમેરિકા ના સહયોગ ની આશા એ પડોશી દેશ રશિયા સાથે યુદ્ધ તો છેડતા છેડી દીધું છે પરંતુ જો યુક્રેન ઈચ્છવા છતાંય હથિયાર હેંઠા મૂકે તો યુક્રેન પર કબજો કરેલ જમીન રશિયા છોડશે નહી આ ભય માં મને ક મને યુદ્ધ ચાલુ રાખ્યું છે. યુક્રેન ને રશિયા સાથે યુદ્ધ કરવા પ્રેરિત કરીને મદદ ની આશા બંધાવનાર નાટો દેશો અને અમેરિકા એ પણ "શાંતિ સમજૂતી" માં સહયોગ આપવાના મામલે હાથ ઊંચા કરી દીધા છે.

મહાભારત ના યુદ્ધ ને વિશ્વ નું અત્યાર સુધી નું મોટામાં મોટું યુદ્ધ માનવા માં આવે છે,૧૮ દિવસ ચાલેલા મહાભારત ના યુદ્ધ માં ધરતી લોહી લુહાણ થઈ ગઈ હતી એમ કહેવાય છે.આજ પણ કુરુક્ષેત્રના મેદાન માં કાન રાખીને સાંભળશો તો યુદ્ધના અવાજો સાંભળશે. મહાભારત ના યુદ્ધ ની સમાપ્તિ બાદ પાંચ પાંડવો,પાંચ પાંડવો ના પાંચ બાળકો,શ્રી કૃષ્ણ અને અશ્વસ્થામા જ બચ્યા હતા.પાંડવોના વિજયની આગમાં બળી રહેલ ક્રૂર અશ્વસ્થામા એ મિત્ર નું ઋણ ચૂકવવા માટે પાંચ પડવો ના પાંચ બાળકો ના શિર કાપી ને અર્ધ મૃત દુર્યોધન પાસે મૂક્યા ત્યારે નજર સામે પાંચ પાંડુ પુત્ર ના લોહી લુહાણ મસ્તક જોતાજ દર્દ માં પોંક મૂકીને રડતા રડતા એ બોલ્યો હતો કે અરે!!રે..રે..રે.. મારા અંતિમ સમયે મારા સમગ્ર વંશ નો સર્વનાશ જોવા કેમ જીવ્યો?..

# દાંતા તાલુકામાં 148 કિમી રોડ માટે ₹246 કરોડ મંજૂર: ઋષિકેશ પટેલ

ગાંધીનગર | વિધાનસભામાં માર્ગ અને મકાન વિભાગ અંગે માહિતી આપતાં મંત્રી ઋષિકેશ પટેલએ જણાવ્યું કે છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં કુલ 148 કિમી રસ્તાઓના વિકાસ માટે 246 કરોડના કામોને મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય સરકાર છેવાડાના વિસ્તારોમાં માર્ગ સુવિધા મજબૂત બનાવવાના સંકલ્પ સાથે આગળ વધી રહી છે. ઈકબાલગઢથી સુરેલા-ધનપુરા-વિરમપુર માર્ગે અંબાજી સુધી જોડતા મહત્વના માર્ગનું 9.80 કરોડના ખર્ચે નવીનીકરણ હાથ ધરાશે. આ કામમાં રોડ વાઈડનિંગ, માટી-મેટલ-ડામરકામ, સીસી વર્ક, પ્રોટેકશન વોલ અને ગટર સહિતની સુવિધાઓનો સમાવેશ થશે. મંત્રીએ જણાવ્યું કે આ માર્ગ વિકાસથી ઈકબાલગઢ માર્કેટયાર્ડ સુધી ખેતપેદાશ લાવતા ખેડૂતોને સીધો લાભ મળશે. ઉપરાંત ત્રણ પ્રાથમિક શાળાઓ, એક આરોગ્ય કેન્દ્ર અને આસપાસના ચાર ગામોના અંદાજે 13 હજારથી વધુ નાગરિકોને સુધારેલી પરિવહન સુવિધા મળશે.

# આણંદમાં ACBનો સફળ ટ્રેપ: રેવન્યુ તલાટી સહિત બે આરોપી રૂ.૧૦ હજાર લાંચ લેતા ઝડપાયા

ગાંધીનગર | એન્ટી કરપ્શન બ્યુરો ગુજરાત દ્વારા આણંદ જિલ્લામાં વધુ એક સફળ ટ્રેપ ગોઠવી રેવન્યુ તલાટી સહિત બે વ્યક્તિઓને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે. માહિતી અનુસાર આરોપી ગૌરવ રાજેશકુમાર રાજપુત (રેવન્યુ તલાટી, વર્ગ-૩, મામલતદાર કચેરી, આણંદ ગ્રામ્ય)એ ફરિયાદીના પિતા અને પરિવારજનોની બાકરોલ સ્થિત સંયુક્ત વડીલોપાર્જિત જમીનની નામંજૂર વારસાઈ નોંધની અપીલ પ્રક્રિયા હાથ ધરવા બદલ પ્રથમ રૂ.૧,૨૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. જેમાંથી રૂ.૩૦,૦૦૦ ગુગલ પે મારફતે અગાઉ લઈ લીધા હોવાનું સામે આવ્યું છે. પછી વધુ રૂ.૧૦,૦૦૦ની માંગણી કરવામાં આવતા ફરિયાદીએ લાંચ આપવાનો ઈનકાર કરી ACBનો સંપર્ક કર્યો હતો. તા.૨૦/૦૨/૨૦૨૬ના રોજ ગોઠવાયેલા ટ્રેપ દરમિયાન આરોપી તલાટીએ લાંચની રકમ પોતાના ઓળખીતાબદરૂદીન શરફુભાઈ મલેકને આપવા સૂચના આપી હતી.

# આલિયા ભટ્ટની 'આલ્ફા'ને સીધી OTT પર રિલીઝ કરવા ઓફર કરાઈ હતી

## મેકર્સ મોટા પડદે રિલીઝ કરવા મક્કમ



## YRFએ નેટફ્લિક્સની ₹215 કરોડની ઓફર ઠુકરાવી

મુંબઈ | આલિયા ભટ્ટની મચ અવેઈટેડ ફિલ્મ 'આલ્ફા' માટે ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સે પ્રોડક્શન કંપની યશરાજ ફિલ્મ્સને 215 કરોડની સ્ટ્રીમિંગ ઓફર આપી હતી. જોકે, YRF એ પોતાની સ્પાય યુનિવર્સ ફિલ્મને થિયેટરમાં જ રિલીઝ કરવાના નિર્ણય પર મક્કમ રહેતા આ ઓફર ઠુકરાવી દીધી છે. 'વેરાયટી ઈન્ડિયા'ના રિપોર્ટ અનુસાર, આ નિર્ણય 2026માં ભારતમાં ફિલ્મની થિયેટરમાં રિલીઝને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હતો. ફિલ્મમાં આલિયા ભટ્ટ અને શર્વરી વાઘ મુખ્ય ભૂમિકામાં છે. રિપોર્ટમાં એક સૂત્રને ટાંકીને જણાવાયું છે કે, યશરાજ ફિલ્મ્સને નેટફ્લિક્સ દ્વારા 215 કરોડની ડીલ ઓફર કરવામાં આવી હતી. આ ડીલ હેઠળ ફિલ્મને સીધા OTT પ્લેટફોર્મ પર રિલીઝ કરવાની હતી. જોકે, પ્રોડક્શન કંપનીએ આ ઓફર ઠુકરાવી દીધી.તેમણે એમ પણ કહ્યું કે, ''આલ્ફા' દ્વારા અમે કંઈક ખાસ બનાવવાનો પ્રયાસ કર્યો છે. ફિલ્મમાં દેશની ટોચની એક્ટ્રેસિસમાંની એક આલિયા ભટ્ટ મુખ્ય ભૂમિકામાં છે. તેમની સાથે પ્રતિભાશાળી શર્વરી પણ જોવા મળશે. અમને વિશ્વાસ છે કે આ ફિલ્મ દર્શકોનું સંપૂર્ણ મનોરંજન કરશે અને તેને પણ અન્ય એક્શન ફિલ્મોની જેમ ખૂબ પ્રેમ મળશે.'

### ફિલ્મની રિલીઝ ડેટ ટળી

નોંધનીય છે કે, ફિલ્મ 'આલ્ફા' પહેલા ગયા વર્ષે 25 ડિસેમ્બરે રિલીઝ થવાની હતી, પરંતુ VFXનું કામ નિર્ધારિત સમય પર પૂરું થઈ શક્યું નહીં. તેથી તેની રિલીઝ રેટ વધારીને 17 એપ્રિલ 2026 કરી દેવામાં આવી.

# અરવલ્લીની પહાડીઓ વચ્ચે ગુંજશે રશ્મિકા-વિજયનાં લગ્નની શરણાઈ



## 24 કલાક પર્સનલ શેફ અને પ્રાઈવેટ પૂલ, હોટલનું એક રાતનું ભાડું ₹2 લાખથી શરૂ



**ITC ગ્રુપનું 'મોમેન્ટોસ એકાયા' હોટલ ઉદયપુરમાં અરવલ્લીની પહાડીઓ વચ્ચે આવેલી છે.**

117 રૂમ, સ્યુટમાં પ્રાઈવેટ પૂલની સુવિધા ઉદયપુરથી લગભગ 25 કિલોમીટર દૂર એકલિંગજી નજીક આવેલી આ હોટલ 106 એકરમાં ફેલાયેલી છે. પ્રાકૃતિક સૌંદર્યના નજારા વચ્ચે એનો પરિસર ખૂબ જ સુંદરતા ઝળહળે છે. હોટલમાં લક્ઝરી રૂમ અને વિલા છે. અહીં 117 ગ્રાન્ડ રૂમ છે. આ રૂમમાં પ્રાઈવેટ બાલ્કની, ગાર્ડન વ્યૂ અને વિલાથી લઈને દરેક રૂમમાં પ્રાઈવેટ પૂલ પણ છે.

મુંબઈ | ફેન્સની ફેવરિટ ફિલ્મી જોડી વિજય દેવરાકોંડા અને રશ્મિકા મંદાનાનાં લગ્નના ફંક્શન આજથી શરૂ થશે. બંનેએ પોતાનાં લગ્ન માટે ઉદયપુર (રાજસ્થાન)ને પસંદ કર્યું છે. વર-વધૂ પોતાના પરિવાર સાથે ગઈકાલે એટલે કે 23 ફેબ્રુઆરીએ જ વેડિંગ વેન્યૂ લક્ઝરી હોટલ 'મોમેન્ટોસ એકાયા' પહોંચી ચૂક્યા છે. 26 ફેબ્રુઆરીએ આ કપલ સાત ફેરા લેશે.આ હોટલ એકલિંગજી પાસે અરવલ્લીની હિલ્સ વચ્ચે આવેલી છે. એનો સુંદર નજારો જોવા જેવો છે. ખાસ વાત એ છે કે આ શહેરના ઘોંઘાટથી લગભગ 25 કિમી દૂર મુખ્ય માર્ગથી અંદર આવેલી છે. લેક સિટીની આ સુંદરતા વિજય અને રશ્મિકાને પણ ખૂબ પસંદ આવી અને સાઉથથી અહીં લગ્ન કરવા આવ્યાં છે.

# 'કાંતારા' વિવાદ માટે રણવીર સિંહને ફટકાર



મુંબઈ | મંગળવારે કર્ણાટક હાઈકોર્ટે 'કાંતારા' વિવાદમાં એક્ટર રણવીર સિંહને ઠપકો આપતા કહ્યું કે તેમણે પોતાના નિવેદનોમાં જવાબદાર રહેવું જોઈએ. 'માત્ર એક સેલિબ્રિટી હોવાથી, તેને કોઈપણ સમુદાયની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો અધિકાર નથી.'કોર્ટે એક્ટરને જાહેર કાર્યક્રમોમાં હાજરી આપતી વખતે પોતાના શબ્દો અને વર્તન પ્રત્યે સાવધાની રાખવાની સલાહ પણ આપી. કોર્ટે કહ્યું- "અતિશય અસ્વીકાર્ય ભાષા છે."સુનાવણી દરમિયાન, રણવીરના વકીલે ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ 196, 299 અને 302 હેઠળ દાખલ કરાયેલી FIR ને પડકાર ફેંક્યો, દલીલ કરી કે આ કલમો માટે મેન્સ રીઆ (ઈરાદાપૂર્વકનો ઈરાદો) જરૂરી છે. કોર્ટે સ્પષ્ટતા કરી કે તે આગામી સુનાવણીમાં આ પાસાની વિગતવાર તપાસ કરશે, અને એમ પણ કહ્યું કે તે તપાસ કરશે કે આ કૃત્ય ઈરાદાપૂર્વક હતું કે અજાણતાં.ફરિયાદીનો પક્ષ ફરિયાદીનું પ્રતિનિધિત્વ કરતા વકીલે કોર્ટને જણાવ્યું કે કાર્યક્રમ દરમિયાન ચેતવણી આપવામાં આવી હોવા છતાં કથિત ટિપ્પણીઓ ચાલુ રહી.

## કર્ણાટક હાઈકોર્ટે કહ્યું- સેલિબ્રિટી હોય એટલે ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો અધિકાર નથી મળતો

## રણવીરને વચગાળાની રાહત આપવામાં આવી

કોર્ટે રણવીરને વચગાળાની રાહત પણ આપી અને રાજ્ય સરકારને આગામી સુનાવણી સુધી તેની સામે કોઈ જબરદસ્તી કાર્યવાહી ન કરવાનો નિર્દેશ આપ્યો. આ કેસમાં આગામી સુનાવણી સોમવાર, 2 માર્ચે યોજાશે. રણવીર સિંહનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ સાજન પૂવૈયાએ શરૂઆતમાં કોર્ટમાં પોતાનો અફસોસ વ્યક્ત કર્યો, એક્ટરની ટિપ્પણીઓને સંપૂર્ણપણે અસંવેદનશીલ ગણાવી. તેમણે કહ્યું કે રણવીરનો ઈરાદો કોઈની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો નહોતો. સુનાવણી દરમિયાન, કોર્ટે કહ્યું, 'તમે એક એક્ટર છો અને ઘણા લોકો તમારાથી પ્રભાવિત છે. તેથી, જવાબદારી આવશ્યક છે. મિમિક્રી તેની જગ્યા બરોબર છે, પરંતુ કોઈની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવી એ જરાય યોગ્ય નથી.

# 'કોઈ હીરોઈન મારી સાથે ફિલ્મ કરવા રાજી નથી'

## 'સુબેદાર'ના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં અનિલ કપૂરે ટીખળ કરી, કહ્યું- 'આજે પણ પત્ની પાસેથી પોકેટ મની લેવી પડે છે'



## મુંબઈમાં ટ્રેલર લોન્ચ ઈવેન્ટ યોજાઈ હતી

### 'આજે પણ પત્ની પાસેથી પોકેટ મની લેવી પડે છે'

ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં અનિલ કપૂરે જણાવ્યું કે, જ્યારે તે ઘરેથી ઈવેન્ટ માટે નીકળી રહ્યા હતા, ત્યારે તેમની પત્ની સુનીતા કપૂરે તેમને પૂછ્યું કે, તે ક્યાં જઈ રહ્યા છે? જ્યારે તેમણે ટ્રેલર લોન્ચની વાત કરી, તો સુનીતાએ ફરી પૂછ્યું કે, કઈ ફિલ્મ અને ઈવેન્ટ ક્યાં છે? તેમણે એ પણ કહ્યું કે, આજે પણ શૂટિંગ પર જતા પહેલા તેમને પત્ની પાસેથી 10 થી 15 હજાર રૂપિયા પોકેટ મની લેવી પડે છે.




મુંબઈ | અનિલ કપૂર સ્ટારર ફિલ્મ 'સુબેદાર'ની સોમવારે મુંબઈમાં ટ્રેલર લોન્ચ ઈવેન્ટ યોજાઈ હતી. ઈવેન્ટ દરમિયાન અનિલ કપૂરે શૂટિંગના અનુભવો શેર કર્યા હતા. સાથે જ તેમણે મજાકમાં કહ્યું હતું કે, તેમના ઘરમાં કોઈ પણ તેમનું ફેન નથી.ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં અનિલ કપૂરે જણાવ્યું કે, જ્યારે તે ઘરેથી ઈવેન્ટ માટે નીકળી રહ્યા હતા, ત્યારે તેમની પત્ની સુનીતા કપૂરે તેમને પૂછ્યું કે, તે ક્યાં જઈ રહ્યા છે? જ્યારે તેમણે ટ્રેલર લોન્ચની વાત કરી, તો સુનીતાએ ફરી પૂછ્યું કે, કઈ ફિલ્મ અને ઈવેન્ટ ક્યાં છે?

તેમણે એ પણ કહ્યું કે, આજે પણ શૂટિંગ પર જતા પહેલા તેમને પત્ની પાસેથી 10 થી 15 હજાર રૂપિયા પોકેટ મની લેવી પડે છે.

# 1000 કરોડની ફિલ્મની આવશે સિક્વલ



## પડદાં પર છવાઈ જશે અમિતાભ બચ્ચન અને કમલ હાસનની સુપરસ્ટારની જોડી!

### ચાહકોની માફી અને કામ પ્રત્યે સમર્પણ

અમિતાભ બચ્ચન દર રવિવારે મુંબઈમાં તેમના નિવાસસ્થાન 'જલસા' બહાર ચાહકોને મળે છે, પરંતુ 'કલ્કી 2' ના શૂટિંગ માટે તેઓ હૈદરાબાદમાં હોવાથી આ પરંપરા જળવાઈ શકી નહીં. તેમણે તેમના બ્લોગ દ્વારા ચાહકોની માફી માંગતા જણાવ્યું હતું કે, 'પહેલા કામ, પછી આરામ.

### બચ્ચન અને હાસનનું ઐતિહાસિક રિયુનિયન

આ સિક્વલની સૌથી મોટી વિશેષતા એ છે કે ભારતીય સિનેમાના બે દિગ્ગજ કલાકારો, અમિતાભ બચ્ચન અને કમલ હાસન, લાંબા સમય પછી એક જ ફ્રેમમાં જોવા મળશે. છેલ્લે તેઓ 1985માં આવેલી ફિલ્મ 'ગેરફ્તાર'માં સાથે જોવા મળ્યા હતા.

### સિક્વલમાં શું હશે ખાસ?

પહેલા ભાગમાં અમિતાભ બચ્ચને અશ્વત્થામા તરીકે જે અભિનય કર્યો તેનાથી પ્રેક્ષકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. જાણકારોના મતે, સિક્વલમાં વાર્તા વધુ ઊંડી ઉતરશે.બીજા ભાગમાં અશ્વત્થામા અને પ્રભાસ દ્વારા ભજવવામાં આવેલા 'ભૈરવ' (કર્ણ) ના પાત્રો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.દિગ્દર્શક નાગ અશ્વિને સંકેત આપ્યો છે કે બીજા ભાગમાં કમલ હાસન (સુપ્રીમ યાસકી) અને પ્રભાસનો સ્ક્રીન ટાઈમ નોંધપાત્ર રીતે વધશે.

# ધ કેરળ સ્ટોરી 2: 27 ફેબ્રુઆરીએ રિલીઝ થશે વિપુલ શાહની ફિલ્મ




મુંબઈ | નિર્માતા વિપુલ શાહની ફિલ્મ બહુ ચર્ચિત ફિલ્મ 'ધ કેરળ સ્ટોરી 2: ગોઝ બિયોન્ડ' આ શુક્રવારે, 27 ફેબ્રુઆરીના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. આ ફિલ્મ વિવાદાસ્પદ કન્ટેન્ટને કારણે પહેલેથી જ ઘણી ચર્ચા જગાવી ચૂકી છે. ફિલ્મ વધુ વિવાદમાં આવતા સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) એ ફિલ્મને U/A 16+ પ્રમાણપત્ર સાથે પાસ કરી. જોકે, CBFC એ 16 કટનો આદેશ આપ્યો છે. જેમાં વિપુલ શાહે ખુલ્લેઆમ કહ્યું કે આ એક સત્યકથા પર આધારિત ફિલ્મ છે અને પત્રકાર પરિષદમાં તેના પુરાવા પણ રજૂ કર્યા હતા.ગોઝ બિયોન્ડ'માં 16 કટ અથવા ફેરફારો કરવાનું કહ્યું છે. ચુંબન દ્રશ્ય, બળાત્કારના દ્રશ્ય, થપ્પડ મારતી મહિલાનું દ્રશ્ય, મહિલાને માથા પર મરાતો હોય તે દ્રશ્ય, બુલડોઝર આરોપીના ઘર તોડતું દ્રશ્ય, સંવાદ બદલાયો તો ક્યાંક મ્યૂટ કરાયો સહિતના બદલાવ કરવા સૂચન કર્યું, તેમજ નિર્માતાઓને એક ડિસ્ક્લેમર ઉમેરવા કહેવામાં આવ્યું હતું.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## ભારતીય મહિલા ફૂટબોલ ટીમની જીત ઓસ્ટ્રેલિયામાં સાત ગોલ કર્યા



(એજન્સી) પર્થ । તા. 24

ઓસ્ટ્રેલિયાની ધરતી પર રમાઈ રહેલા મૈત્રીપૂર્ણ ફૂટબોલ મુકાબલામાં ભારતીય મહિલા રાષ્ટ્રીય ફૂટબોલ ટીમે પોતાના કૌશલ્યનો પરચો આપ્યો છે. સોમવારે પર્થના મેસેડોનિયા પાર્ક ખાતે રમાયેલી એક બંધ બારણે યોજાયેલી મેચમાં ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયન ક્લબ પર્થ અઝુરીને ૭-૨ થી પરાજય આપીને એકતરફી વિજય હાંસલ કર્યો છે. એશિયન કપ ૨૦૨૬ની તૈયારીઓના ભાગરૂપે રમાયેલી આ મેચમાં ભારતીય મહિલા ખેલાડીઓએ મેદાનના ચારેય ખૂણે ગોલની રમઝટ બોલાવી હતી. મેચની શરૂઆત ભારત માટે થોડી આંચકાજનક રહી હતી. પર્થ અઝુરીએ શરૂઆતની મિનિટોમાં પેનલ્ટી દ્વારા ગોલ કરીને ૧-૦ ની લીડ મેળવી લીધી હતી. જોકે, ભારતીય ટીમે હિંમત હાર્યા વગર વળતો પ્રહાર કર્યો હતો. ડાંગમેઈ ગ્રેસે ટૂંક સમયમાં જ શાનદાર ગોલ કરીને ભારતને બરાબરી પર લાવી દીધું હતું. પ્રથમ હાફના અંત સુધી બંને ટીમો ૧-૧ ના સ્કોર પર બરાબરી પર રહી હતી, પરંતુ સાચો ખેલ બીજા હાફમાં બાકી હતો. બીજો હાફ શરૂ થતાની સાથે જ ભારતીય 'બ્લુ ટાઈગ્રેસીસ' જાણે વિફરી હોય તેમ લાગતું હતું. ડાંગમેઈ ગ્રેસે પોતાનો બીજો ગોલ કરીને ભારતને લીડ અપાવી હતી.

**ભારત અને સ્પેન વચ્ચે મુકાબલો નિર્ધારિત સમયમાં ડ્રો રહ્યો, શૂટઆઉટમાં ભારતની હાર થતા ચાહકોમાં નિરાશા**

# FIH પ્રો લીગ હોકીમાં સ્પેન સામે ભારતની હાર

(એજન્સી) હોબાર્ટ । તા. 24

ઓસ્ટ્રેલિયાના હોબાર્ટ સ્થિત તાસ્માનિયન હોકી સેન્ટર ખાતે રમાયેલી એફઆઈએચ પ્રો લીગ હોકી ૨૦૨૫-૨૬ની રસાકસીભરી મેચમાં ભારતને હારનો સામનો કરવો પડ્યો છે. મંગળવારે રમાયેલા આ હાઈ-વોલ્ટેજ મુકાબલામાં સ્પેને ભારતને શૂટઆઉટમાં ૪-૩ થી પરાજય આપ્યો હતો. નિર્ધારિત ૬૦ મિનિટ સુધી બંને ટીમો ૧-૧ ની બરાબરી પર હતી, પરંતુ અંતિમ ક્ષણોમાં એકાગ્રતા ગુમાવતા અને નસીબે સાથ ન આપતા ભારત વિજયથી વંચિત રહ્યું હતું.



### અંતિમ સેકન્ડોમાં બદલાયું મેચનું પાસું

મેચની શરૂઆત ભારત માટે અત્યંત આશાસ્પદ રહી હતી. ભારતીય ખેલાડીઓએ આક્રમક રમત દાખવીને રમતની શરૂઆતમાં જ ગોલ કરી લીડ મેળવી લીધી હતી. આખી મેચ દરમિયાન ભારતીય ડિફેન્સે સ્પેનિશ આક્રમણને ખાળી રાખ્યું હતું. જોકે, જ્યારે મેચ પૂરી થવામાં ગણતરીની સેકન્ડો બાકી હતી, ત્યારે સ્પેને વળતો પ્રહાર કરીને ગોલ ફટકારી દીધો હતો. આ એક ગોલે રમતનું આખું ચિત્ર બદલી નાખ્યું અને મેચ ૧-૧ ની બરાબરી પર આવી ગઈ હતી.

### શૂટઆઉટમાં સ્પેનનું પલડું ભારે

નિર્ધારિત સમયમાં પરિણામ ન આવતા મેચ પેનલ્ટી શૂટઆઉટમાં ગઈ હતી. શૂટઆઉટમાં બંને ટીમો પર દબાણ સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, સ્પેનના ગોલકીપરે શાનદાર પ્રદર્શન કરીને ભારતીય ખેલાડીઓના પ્રયત્નો નિષ્ફળ બનાવ્યા હતા. સ્પેને ૪ ગોલ કરવામાં સફળતા મેળવી હતી, જ્યારે ભારત માત્ર ૩ ગોલ જ કરી શક્યું હતું. આ રોમાંચક જીત સાથે સ્પેને મહત્વના પોઈન્ટ્સ હાંસલ કર્યા છે.

### ટીમ ઈન્ડિયાની રણનીતિ પર સવાલો

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ભારતીય ટીમે લીડ મેળવ્યા બાદ સંરક્ષણાત્મક રમત અપનાવી હતી, જે અંતિમ સમયમાં તેને ભારે પડી હતી. હોકીના નિષ્ણાતો માને છે કે જો ભારતે છેલ્લી મિનિટોમાં આક્રમકતા જાળવી રાખી હોત તો પરિણામ અલગ હોઈ શકત. જોકે, ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ સમગ્ર મેચ દરમિયાન જે રીતે સંઘર્ષ કર્યો તે કાબિલે તારીફ હતો.

### આગામી પડકારો અને તૈયારીઓ

એફઆઈએચ પ્રો લીગના આ ઓસ્ટ્રેલિયા લેગમાં ભારત માટે આ એક મોટો સબક છે. હવે ભારતીય ટીમે આ હારમાંથી શીખીને આગામી મેચોમાં પોતાના શૂટઆઉટ રેકોર્ડમાં સુધારો કરવો પડશે. વહીવટીતંત્ર અને કોચિંગ સ્ટાફ આ હારનું વિશ્લેષણ કરીને ખેલાડીઓને માનસિક રીતે મજબૂત કરવા પર ભાર મૂકશે. ચાહકો હજુ પણ આશાવાદી છે કે આગામી મુકાબલામાં ભારત મજબૂત વાપસી કરશે.

## ભારત અને ઓસ્ટ્રેલિયા મહિલા વનડે માં યજમાન ટીમનો વિજય

(એજન્સી) બ્રિસ્બેન । તા. 24

બ્રિસ્બેન સ્થિત એલન બોર્ડર ફિલ્ડ ખાતે રમાયેલી પ્રથમ વનડે મેચમાં ભારતીય મહિલા ટીમને પરાજયનો સામનો કરવો પડ્યો છે. ત્રણ મેચોની આ શ્રેણીના ઉદ્ઘાટન મુકાબલામાં ઓસ્ટ્રેલિયાએ ભારતને ૬ વિકેટે હરાવીને શ્રેણીમાં ૧-૦ થી સરસાઈ મેળવી લીધી છે. ટી૨૦ શ્રેણીમાં ભારત સામે ૧-૨ થી હાર્યા બાદ કાંગારૂ ટીમે શાનદાર વાપસી કરી છે. ભારત દ્વારા આપવામાં આવેલા ૨૧૫ રનના લક્ષ્યાંકને ઓસ્ટ્રેલિયાએ માત્ર ૪ વિકેટ ગુમાવીને સરળતાથી હાંસલ કરી લીધો હતો.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો ભારતનો નિર્ણય જોખમી સાબિત થયો હતો. મેચની પ્રથમ ઓવરમાં જ મેગન શટે પ્રતિકા રાવલને શૂન્ય રને આઉટ કરીને ભારતને મોટો ઝટકો આપ્યો હતો. શફાલી વર્મા અને જેમિમા રોડ્રિગ્સ પણ સસ્તામાં આઉટ થઈ જતા ભારત મુશ્કેલીમાં મુકાયું હતું. જોકે, ઓપનર સ્મૃતિ મંધાનાએ ૫૮ રનની લડાયક ઈનિંગ રમી હતી. ત્યારબાદ કેપ્ટન હરમનપ્રીત કૌરે પણ ૫૩ રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. અંતિમ ઓવરોમાં કાશવી ગૌતમે ૪૩ રનની આક્રમક બેટિંગ કરીને ભારતનો સ્કોર ૨૧૪ રન સુધી પહોંચાડ્યો હતો.



### ઓસ્ટ્રેલિયાનો મજબૂત પલટવાર

૨૧૫ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમે આક્રમક શરૂઆત કરી હતી. કેપ્ટન એલિસા હીલીએ ૫૦ રન ફટકારીને ટીમને મજબૂત પાયો આપ્યો હતો. જોકે ભારતીય બોલર શ્રી ચરણીએ એક જ ઓવરમાં બે વિકેટ ઝડપીને ભારતની આશા જગાડી હતી, પરંતુ બેથ મૂનીએ ૭૬ રનની અણનમ અને મજબૂત ઈનિંગ રમીને ભારતની આશા પર પાણી ફેરવી દીધું હતું. તેને એનાબેલ સધરલેન્ડ (૪૮ રન) નો પૂરો સાથ મળ્યો હતો. શાનદાર બેટિંગ બદલ બેથ મૂનીને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવી હતી. ભારતીય બોલરો ઓસ્ટ્રેલિયન બેટર્સ પર દબાણ બનાવવામાં નિષ્ફળ રહ્યા હતા. મધ્ય ઓવરોમાં વિકેટ ન મળવાને કારણે યજમાન ટીમે મેચ પર પકડ મજબૂત કરી લીધી હતી. મીડિયા અહેવાલ મુજબ, ઓસ્ટ્રેલિયા તરફથી એશ્લે ગાર્ડનરે સૌથી વધુ ૩ વિકેટ ઝડપી હતી, જ્યારે મેગન શટે ૨ વિકેટ લીધી હતી. ભારત તરફથી માત્ર શ્રી ચરણી જ પ્રભાવશાળી દેખાઈ હતી, જેણે બે વિકેટ ઝડપી હતી.

### આગામી મુકાબલો હવે હોબાર્ટમાં

શ્રેણીની પ્રથમ મેચ ગુમાવ્યા બાદ હવે ભારતીય ટીમ પર દબાણ વધી ગયું છે. શ્રેણીમાં જીવંત રહેવા માટે ભારતને શુક્રવારે હોબાર્ટના બેલેરીવ ઓવલ ખાતે રમાનારી બીજી વનડે મેચ જીતવી અનિવાર્ય છે. જો ભારત આ મેચ હારી જશે તો વનડે શ્રેણી પણ ગુમાવવી પડશે. કેપ્ટન હરમનપ્રીત કૌરે મેચ બાદ જણાવ્યું હતું કે બેટિંગમાં ૨૦-૩૦ રન ઓછા પડ્યા હતા અને હવે ટીમ હોબાર્ટમાં મજબૂત વાપસી કરવા માટે તૈયાર છે.

## પ્રાગ ઈન્ટરનેશનલ ચેસ ફેસ્ટિવલ 2026માં ગુકેશની અગ્નિપરીક્ષા

### ડી. ગુકેશની વાપસીની આશા સાથે રમતનો પ્રારંભ



(એજન્સી) પ્રાગ । તા. 24

ચેસની દુનિયાના યુવા બાદશાહ અને ભારતના ટોચના ખેલાડી ડી. ગુકેશ માટે વર્ષ ૨૦૨૬ની શરૂઆત અપેક્ષા મુજબની રહી નથી. વર્લ્ડ કપમાં વહેલી એક્ઝિટ અને ટાટા સ્ટીલ માસ્ટર્સમાં સાધારણ પ્રદર્શન બાદ, હવે ગુકેશ બુધવારથી શરૂ થઈ રહેલા પ્રાગ ઈન્ટરનેશનલ ચેસ ફેસ્ટિવલ ૨૦૨૬ માં પોતાની લય પાછી મેળવવાના મજબૂત ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. ચેક રિપબ્લિકની રાજધાનીમાં રમાનારી આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં વિશ્વના દિગ્ગજ ખેલાડીઓ વચ્ચે ખરાખરીનો જંગ જામશે.

હાલમાં લાઈવ રેટિંગમાં ભારતનો નંબર ૧ ખેલાડી હોવા છતાં, ગુકેશ વિશ્વ રેન્કિંગમાં ૧૦મા સ્થાને છે. તાજેતરના મહિનાઓમાં અર્જુન એરિગાસી અને આર. પ્રજ્ઞાનાનંદના રેટિંગમાં ઘટાડો થતા ગુકેશ ફરીથી ભારતનો સર્વોચ્ચ ક્રમાંકિત ખેલાડી બન્યો છે, પરંતુ તેના ફોર્મમાં જોવા મળેલી વધ-ઘટ ચિંતાનો વિષય છે. પ્રાગમાં તે બીજા ક્રમનો સીડેડ ખેલાડી છે, જેનો સામનો જર્મનીના વિન્સેન્ટ કેમર અને ઉઝબેકિસ્તાનના નોદિરબેક અબ્દુસત્તોરોવ જેવા ફોર્મમાં રહેલા ખેલાડીઓ સામે થશે.

### દિગ્ગજ ખેલાડીઓ વચ્ચે કાંટાની ટક્કર

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ટુર્નામેન્ટમાં ટોપ સીડેડ વિન્સેન્ટ કેમર (વિશ્વમાં ૪થું રેટિંગ) અને ટાટા સ્ટીલ માસ્ટર્સના તાજેતરના વિજેતા અબ્દુસત્તોરોવ હોટ ફેવરિટ ગણાઈ રહ્યા છે. આ ઉપરાંત અમેરિકાના હાંસ નિમન અને ઈરાનના પરહામ મઘસૂદલૂ પણ કોઈ પણ સમયે મોટો ઉલટફેર કરવાની ક્ષમતા ધરાવે છે. ડચ ગ્રાન્ડમાસ્ટર જોર્ડન વાન ફોરેસ્ટ પણ પોતાની સાતત્યપૂર્ણ રમતથી ગુકેશ માટે મુશ્કેલી ઊભી કરી શકે છે.

ભારત માટે આ ટુર્નામેન્ટમાં ગુકેશ ઉપરાંત ડિફેન્ડિંગ ચેમ્પિયન અરવિંદ ચિત્તમ્બરમ પણ આકર્ષણનું કેન્દ્ર રહેશે. અરવિંદ માટે આ એ જ ટુર્નામેન્ટ છે જેણે તેને આંતરરાષ્ટ્રીય સ્તરે મોટી ઓળખ અપાવી હતી. સાતમા સીડેડ તરીકે ઉતરતા અરવિંદ ફરી એકવાર ૨૭૦૦ રેટિંગ ક્લબમાં વાપસી કરવા માટે એડીચોટીનું જોર લગાવશે.

## બે વખતની WNBA ચેમ્પિયન કારા બ્રેક્સટનનું માર્ગ અકસ્માતમાં મોત



એટલાન્ટા | મહિલા બાસ્કેટબોલ જગતની દિગ્ગજ ખેલાડી અને બે વખતની ડબલ્યુએનબીએ (WNBA) ચેમ્પિયન કારા બ્રેક્સટનનું શનિવારે એટલાન્ટામાં એક ભીષણ માર્ગ અકસ્માતમાં કરુણ મોત નીપજ્યું છે. માત્ર ૪૩ વર્ષની વયે તેમનું અવસાન થતા સમગ્ર રમત જગતમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. કારાએ ગયા અઠવાડિયે જ પોતાનો જન્મદિવસ ઉજવ્યો હતો, પરંતુ વિધાતાને કંઈક અલગ જ મંજૂર હતું. સોમવારે તેમની કોલેજ જ્યોર્જિયાના એથ્લેટિક વિભાગે આ દુઃખદ સમાચારની પુષ્ટિ કરી હતી. ૬ ફૂટ ૬ ઈંચની ઊંચાઈ ધરાવતી કારા બ્રેક્સટને ૨૦૦૬ અને ૨૦૦૮માં 'ડેટ્રોઈટ શોક' ટીમ તરફથી રમતા બે વાર ડબલ્યુએનબીએ ચેમ્પિયનશિપ જીતી હતી.

ભારત અને પાકિસ્તાન વચ્ચે ટક્કર જામશે ગ્રુપ એમાં

## મહિલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬નું શિડ્યુલ જાહેર બાર ટીમો લડશે

નવી દિલ્હી | આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ દ્વારા આજે ક્રિકેટ ચાહકો માટે વર્ષના સૌથી મોટા સમાચારની જાહેરાત કરવામાં આવી છે. મહિલા ક્રિકેટના સૌથી પ્રતિષ્ઠિત એવા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના સંપૂર્ણ કાર્યક્રમ પરથી પડદો ઉઠાવવામાં આવ્યો છે. આ વખતે ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી વધુ ૧૨ ટીમો ભાગ લેવા જઈ રહી છે. આગામી ૧૨ જૂનથી ૫ જુલાઈ સુધી ઈંગ્લેન્ડના મેદાનો પર ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલશે. ઉદ્ઘાટન મેચમાં યજમાન ઈંગ્લેન્ડની ટક્કર શ્રીલંકા સામે થશે, જ્યારે ક્રિકેટના મક્કા ગણાતા લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર ૫ જુલાઈએ ભવ્ય ફાઈનલ રમાશે. આ વખતની ટુર્નામેન્ટમાં સૌથી વધુ આકર્ષણ ગ્રુપ ૧ (ગ્રુપ એ) માં જોવા મળશે.



**સ્ટેન વાવરિન્કાનો ઐતિહાસિક રેકોર્ડ અને ફેડરરની હાજરી** | **ફેલિક્સ ઓગર-અલીઆસિમેનો વિજય અને આગામી પડકાર**

## દુબઈ ચેમ્પિયનશિપ અલીઆસિમે રોમાંચક મેચમાં વિજય મેળવ્યો

(એજન્સી) દુબઈ । તા. 24

દુબઈમાં રમાઈ રહેલી એટીપી ૫૦૦ (ATP 500) ટેનિસ ટુર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં ટોપ સીડ ફેલિક્સ ઓગર-અલીઆસિમે અત્યંત સંઘર્ષપૂર્ણ મેચમાં ચીનના ઝાંગ ઝિઝેનને હરાવીને આગલા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. કેનેડિયન ખેલાડી અલીઆસિમે આ મેચ જીતવા માટે ૬ મેચ પોઈન્ટની જરૂર પડી હતી. ૬-૩, ૭-૬ થી વિજય મેળવ્યા બાદ અલીઆસિમે સ્વીકાર્યું હતું કે મેચ પોઈન્ટ્સ ગુમાવતી વખતે મગજ પર દબાણ વધવું સ્વાભાવિક છે, પરંતુ અંતે તે વિજય મેળવવામાં સફળ રહ્યો હતો.



સ્વિસ દિગ્ગજ સ્ટેન વાવરિન્કાએ પોતાની વિદાય શ્રેણી દરમિયાન બેન્જામિન હસનને ૭-૫, ૬-૩ થી હરાવીને ઈતિહાસ રચ્યો છે. ૪૦ વર્ષની ઉંમર વટાવ્યા બાદ ટૂર લેવલ પર આ વાવરિન્કાનો ૧૦મો વિજય છે, જે ટેનિસના 'ઓપન એરા' માં એક નવો વિક્રમ છે. ખાસ વાત એ હતી કે, સ્ટેન્ડમાં ૮ વખત દુબઈ ચેમ્પિયન બનેલો રોજર ફેડરર પણ પોતાના દેશબંધુની રમત જોવા માટે હાજર રહ્યો હતો. બ્રિટનના સ્ટાર ખેલાડી જેક ડ્રેપર માટે પણ આ દિવસ ખાસ રહ્યો હતો. ઈજાના કારણે લગભગ છ મહિના ટેનિસ કોર્ટથી દૂર રહ્યા બાદ ડ્રેપરે ક્યુએન્ટિન હલીસ સામે ૭-૬, ૬-૩ થી વિજય મેળવીને ધમાકેદાર વાપસી કરી છે. ગયા વર્ષે જૂન મહિનામાં વિશ્વમાં ચોથા ક્રમે રહેલો ડ્રેપર હાલમાં ૧૨મા ક્રમે છે અને તે ફરીથી ટોપ રેન્કિંગ મેળવવા માટે મક્કમ દેખાઈ રહ્યો છે. અલીઆસિમે હવે પછીના રાઉન્ડમાં જીઓવાન્ની પેરીકાર્ડનો સામનો કરશે. અલીઆસિમે આ સીઝનમાં મોન્ટપેલિયરમાં ટાઈટલ જીત્યું છે અને રોટરડેમમાં ફાઈનલ સુધી પહોંચ્યો છે.

**ટી-20 વર્લ્ડ કપમાં ભારતની શરમજનક હાર**

## રોહિત શર્મા ક્યારેય બુમરાહનો આવો ઉપયોગ ન કરતો કૈફનો કટાક્ષ

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

ટી-20 વર્લ્ડ કપની સુપર-8 મેચમાં દક્ષિણ આફ્રિકા સામે ભારતના પરાજય બાદ ભૂતપૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફે ટીમની રણનીતિ પર આકરા પ્રહારો કર્યા છે. કૈફનું માનવું છે કે ભારતે મેચ ૭મી થી ૧૫મી ઓવરની વચ્ચે જ ગુમાવી દીધી હતી. તેમણે ખાસ કરીને મુખ્ય ઝડપી બોલર જસપ્રીત બુમરાહના ઉપયોગ અંગે વર્તમાન નેતૃત્વની ટીકા કરી છે અને પૂર્વ કેપ્ટન રોહિત શર્માની કુશળતાની યાદ અપાવી છે.

પોતાની યુટ્યુબ ચેનલ પર વાત કરતા કૈફે સ્પષ્ટ કર્યું કે, "અમે ૭મી થી ૧૫મી ઓવર દરમિયાન મેચ હારી ગયા. તમે બુમરાહની બે ઓવર વહેલી વાપરી નાખી અને બાકીની બે ડેથ ઓવર્સ માટે રાખી મૂકી. પરંતુ રોહિત શર્મા ક્યારેય બુમરાહનો આવો ઉપયોગ નહોતો કરતો." કૈફે ઉમેર્યું કે રોહિત હંમેશા મિડલ ઓવર્સમાં ભાગીદારી તોડવા માટે બુમરાહને એક ઓવર આપતો હતો, જે આ મેચમાં જોવા મળ્યું નથી. ડેવિડ મિલર અને ડેવાલ્ડ બ્રેવિસ વચ્ચેની ભાગીદારી જ ભારત પાસેથી મેચ છીનવી ગઈ.



અમદાવાદમાં રમાયેલી આ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ભારતનો ૧૨ મેચનો અજેય સિલસિલો તોડી નાખ્યો અને ૭૬ રનથી મોટી હાર આપી. ટી-20 વર્લ્ડ કપના ઈતિહાસમાં રનની દ્રષ્ટિએ ભારતની આ સૌથી મોટી હાર છે. બુમરાહ અને અર્શદીપ સિંહ સિવાયના તમામ ભારતીય બોલરો આફ્રિકન બેટ્સમેનો સામે લાચાર દેખાતા હતા. જ્યારે બુમરાહને ૧૭મી ઓવરમાં પરત લાવવામાં આવ્યો, ત્યાં સુધીમાં પ્રોટીઝ ટીમ ૧૫૨ રન બનાવી મજબૂત સ્થિતિમાં પહોંચી ગઈ હતી. આ હાર બાદ ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત માટે સેમીફાઈનલની રાહ કાંટાળી બની છે.

**ઈતિહાસ** // **હોકી ઈન્ડિયા દ્વારા અભિનંદન પાઠવી જર્મનપ્રીતને બિરદાવવામાં આવ્યો**

## જર્મનપ્રીત સિંહની સિદ્ધિ ભારત માટે 150મી મેચ રમી ઈતિહાસ રચ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

ભારતીય પુરુષ હોકી ટીમના અભિન્ન અંગ અને મજબૂત ડિફેન્ડર જર્મનપ્રીત સિંહે આંતરરાષ્ટ્રીય સ્તરે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. ઓસ્ટ્રેલિયાના હોબાર્ટમાં રમાઈ રહેલી એફઆઈએચ હોકી પ્રો લીગ ૨૦૨૫/૨૬માં સ્પેન સામેના મુકાબલા દરમિયાન જર્મનપ્રીતે ભારત માટે પોતાની ૧૫૦મી આંતરરાષ્ટ્રીય મેચ પૂર્ણ કરી છે. આ ઐતિહાસિક માઈલસ્ટોન હાંસલ કરવા બદલ હોકી ઈન્ડિયાએ મંગળવારે આ દિગ્ગજ ખેલાડીને ખાસ અભિનંદન પાઠવ્યા છે અને ભારતીય હોકીમાં તેમના અતુલ્ય યોગદાનની પ્રશંસા કરી છે.

પંજાબના અમૃતસર જિલ્લાના રાજધન ગામના વતની એવા જર્મનપ્રીત સિંહ આજે ભારતીય ટીમના સૌથી વિશ્વસનીય રક્ષકોમાંના એક ગણાય છે. તેમની રમતની શૈલી, શાંત ચિત્તે રક્ષણ કરવાની ક્ષમતા અને મેદાન પરની કુશળતા તેમને અન્ય ખેલાડીઓથી અલગ પાડે છે. તેમણે વર્ષ ૨૦૧૮માં નેધરલેન્ડમાં રમાયેલી ચેમ્પિયન્સ ટ્રોફી દ્વારા આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરી હતી, જ્યાં ભારતે રનર-અપ તરીકે સિલ્વર મેડલ જીત્યો હતો. ત્યારથી અત્યાર સુધી જર્મનપ્રીતે પાછું વળીને જોયું નથી.

### પેરિસ ઓલિમ્પિક અને એશિયન ગૌરવ

જર્મનપ્રીતની કારકિર્દીની સૌથી મોટી ક્ષણ પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિકમાં આવી હતી, જ્યાં તેમણે ભારતને ઐતિહાસિક બ્રોન્ઝ મેડલ અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સિવાય તેઓ એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર ટીમનો પણ ભાગ રહ્યા છે. તેમની સિદ્ધિઓની યાદી ઘણી લાંબી છે, જેમાં મસ્કત અને ચેન્નાઈમાં યોજાયેલી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ગોલ્ડ મેડલ, બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર અને ૨૦૨૫માં રાજગીર ખાતે યોજાયેલી એશિયા કપની જીતનો સમાવેશ થાય છે.



### હોકી ઈન્ડિયાના અધ્યક્ષ અને સચિવે પાઠવી શુભેચ્છાઓ

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હોકી ઈન્ડિયાના પ્રમુખ ડૉ. દિલીપ તિર્કીએ જર્મનપ્રીતને બિરદાવતા કહ્યું હતું કે, "૧૫૦ આંતરરાષ્ટ્રીય કેપ્સ પૂર્ણ કરવી એ જર્મનપ્રીતની રમત પ્રત્યેની નિષ્ઠા અને શિસ્તનું પ્રમાણ છે.

તેઓ ડિફેન્સ લાઈનમાં સ્થિરતા અને આત્મવિશ્વાસ લાવે છે." બીજી તરફ, સચિવ ભોલાનાથ સિંહે પણ જણાવ્યું કે જર્મનપ્રીતની સફર હાઈ-લેવલ સ્પોર્ટ્સમાં જોશ અને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ છે અને ૧૫૦ મેચોનો આ પડાવ સમગ્ર દેશ માટે ગૌરવની ક્ષણ છે.

### સ્થિરતા અને સતત પ્રદર્શનનો પર્યાય

૨૦૨૩, ૨૦૨૪ અને ૨૦૨૫ ના વર્ષો દરમિયાન એશિયન ટુર્નામેન્ટોમાં ભારતનું જે પ્રભુત્વ રહ્યું છે, તેમાં જર્મનપ્રીતનું યોગદાન અમૂલ્ય રહ્યું છે. હોકી ઈન્ડિયાએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આગામી સમયમાં પણ જર્મનપ્રીત ભારતીય જર્સીમાં વધુ યાદગાર પ્રદર્શનો કરશે અને ટીમને નવી ઊંચાઈઓ પર લઈ જશે. ભારતીય રમત પ્રેમીઓ પણ સોશિયલ મીડિયાના માધ્યમથી આ 'ડિફેન્સિવ માસ્ટ્રો' ને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

**ભારત સામેની વનડે શ્રેણી માંથી બે દિગ્ગજો બાકાત**

## ઓસ્ટ્રેલિયાને બેવડો ફટકો પેરી અને ગાર્થ વનડે શ્રેણીમાંથી બહાર



(એજન્સી) બ્રિસ્બેન । તા. 24

ભારત સામેની મહત્વની વનડે શ્રેણી શરૂ થાય તે પહેલા જ યજમાન ઓસ્ટ્રેલિયન મહિલા ટીમને મોટો આંચકો લાગ્યો છે. ટીમના મુખ્ય આધારસ્તંભ ગણાતી એલીસ પેરી અને સ્ટાર બોલર કિમ ગાર્થ ઈજાના કારણે ત્રણ મેચની વનડે શ્રેણીમાંથી બહાર થઈ ગઈ છે. મંગળવારે પ્રથમ વનડે શરૂ થવાની ગણતરીની મિનિટો પહેલા જ આ જાહેરાત કરવામાં આવતા કાંગારૂ છાવણીમાં સોપો પડી ગયો છે. ભારત સામેની ટી૨૦ શ્રેણીમાં હાર બાદ વનડેમાં વાપસી કરવાની કોશિશ કરી રહેલી ઓસ્ટ્રેલિયન ટીમ માટે આ સમાચાર પડ્યા પર પાટું સમાન સાબિત થયા છે.

મળતી માહિતી મુજબ, એલીસ પેરી અને કિમ ગાર્થ બંનેને તાજેતરમાં રમાયેલી ત્રીજી ટી૨૦ મેચ દરમિયાન સ્નાયુમાં ખેંચાણ (ક્વાડ સ્ટ્રેન) ની સમસ્યા ઉભી થઈ હતી. આ મેચમાં ભારતે ૧૭ રને વિજય મેળવીને શ્રેણી ૨-૧ થી પોતાના નામે કરી હતી. પેરીએ શ્રેણીની પ્રથમ મેચમાં ૨૦ રન કર્યા હતા, જ્યારે કિમ ગાર્થે સમગ્ર ટી૨૦ શ્રેણીમાં ત્રણ મહત્વની વિકેટો ઝડપી હતી. આ બંને અનુભવી ખેલાડીઓની ગેરહાજરી ભારત માટે શ્રેણી જીતવાની સુવર્ણ તક સામાન બની શકે છે.

આ બંને દિગ્ગજ ખેલાડીઓના સ્થાને મેગન શટ અને લ્યુસી હેમિલ્ટનને કવર તરીકે ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. બ્રિસ્બેનના એલન બોર્ડર ફિલ્ડ ખાતે રમાનારી પ્રથમ વનડેમાં અનુભવી મેગન શટ પ્લેઈંગ ઈલેવનમાં રમતી જોવા મળશે.

જનરલ કેનનો યુદ્ધ અંગેનો ઈનકાર હોવાના દાવા નકલી, ડોનાલ્ડ ટ્રમ્પ અને સેના વચ્ચે મતભેદના અહેવાલો ફગાવ્યા

# ઈરાન-US યુદ્ધની સ્થિતિ વચ્ચે ટ્રમ્પ અને સેના આમને સામને

(એજન્સી) વોશિંગ્ટન । તા. 24

પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે ઈરાન પર સંભવિત હુમલાને લઈને અમેરિકાના રાજકીય અને સૈન્ય આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને અમેરિકી સેનાના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે યુદ્ધની રણનીતિને લઈને ગંભીર મતભેદો હોવાના અહેવાલો વાયુવેગે ફેલાયા છે. જોકે, રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ તમામ અટકળોને સખત શબ્દોમાં નકારી કાઢતા સ્પષ્ટ કર્યું છે કે સૈન્ય નેતૃત્વ અને વ્હાઈટ હાઉસ વચ્ચે કોઈ અણબનાવ નથી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે જો યુદ્ધની નોબત આવશે, તો અમેરિકાની તાકાત સામે કોઈ ટકી શકશે નહીં.

અમેરિકી મીડિયામાં એવી ચર્ચાએ જોર પકડ્યું હતું કે જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફના ચેરમેન જનરલ ડેન કેને ઈરાન પરના હુમલાને આત્મઘાતી ગણાવ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, જનરલે ચેતવણી આપી હતી કે આ સંઘર્ષ લાંબો ખેંચાઈ શકે છે અને અમેરિકા માટે મોટું જોખમ ઊભું કરી શકે છે. આ મામલે ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર વળતો પ્રહાર કરતા લખ્યું કે, "જનરલ કેન યુદ્ધની વિરુદ્ધ છે તેવા અહેવાલો ૧૦૦ ટકા જૂઠા છે." ટ્રમ્પે ઉમેર્યું કે કોઈ પણ અધિકારી બિનજરૂરી લોહી વહેવડાવવા માંગતું નથી, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા માટે સેના સંપૂર્ણ સજ્જ છે.

અમેરિકાના નામી અખબારોએ આ મામલે ચોંકાવનારી વિગતો જાહેર કરી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ:

ધ વોશિંગ્ટન પોસ્ટ: જનરલ કેને સાથી દેશોના અપૂરતા ટેકા અને શસ્ત્રોની અછત અંગે ચિંતા વ્યક્ત કરી છે.

ધ વોલ સ્ટ્રીટ જર્નલ: સૈન્ય અધિકારીઓએ અમેરિકી સૈનિકોની જાનહાનિ અને એર ડિફેન્સ સિસ્ટમ નબળી પડવાનો ભય વ્યક્ત કર્યો છે.

એક્સિયોસ: ટ્રમ્પના અંગત સલાહકારો સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશ્નરે પણ હુમલા પહેલા



મુત્સદ્દીગીરી અને શાંતિ વાટાઘાટોને પ્રાધાન્ય આપવા સૂચન કર્યું હોવાનું કહેવાય છે.

તમામ દલીલો અને અહેવાલો વચ્ચે ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની સત્તાનું પ્રદર્શન કરતા સ્પષ્ટ કરી દીધું છે કે ઈરાન બાબતે આખરી નિર્ણય લેવાની સત્તા માત્ર તેમની પાસે છે. તેમણે મીડિયા પર નકલી સમાચારો ફેલાવવાનો આરોપ લગાવતા કહ્યું કે, જો ઈરાન વાટાઘાટોની મેજ પર નહીં આવે, તો સૈન્ય કાર્યવાહી એકમાત્ર વિકલ્પ બચશે. ટ્રમ્પે ભારપૂર્વક કહ્યું કે અમેરિકા માત્ર લડશે જ નહીં, પણ વિજયી પણ બનશે.

હાલમાં ઈરાનની આસપાસના વિસ્તારોમાં અમેરિકાએ અભૂતપૂર્વ સૈન્ય જમાવડો કર્યો છે. બે વિશાળ વિમાનવાહક જહાજો (એરક્રાફ્ટ કેરિયર), આધુનિક ફાઈટર જેટ્સ અને ઘાતક મિસાઈલ સિસ્ટમ તૈનાત કરવામાં આવી છે. આ સૈન્ય તૈયારીઓ સંકેત આપે છે કે ગમે ત્યારે યુદ્ધના નગારા વાગી શકે છે. આ સ્થિતિમાં વિશ્વભરના દેશોની નજર હવે અમેરિકાના આગામી કદમ પર ટકેલી છે. અત્યારે સમગ્ર વિશ્વ આશા રાખી રહ્યું છે કે મુત્સદ્દીગીરી દ્વારા આ સંકટ ટળે, નહીંતર વિનાશક પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે.

અદિયાલા જેલ વહીવટીતંત્ર દ્વારા સુરક્ષાના કડક બંદોબસ્ત

# પાકિસ્તાનમાં મધરાતે ઈમરાન ખાનને હોસ્પિટલ ખસેડાયા

(એજન્સી) ઈસ્લામાબાદ । તા. 24

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને તેહરીક-એ-ઈન્સાફના વડા ઈમરાન ખાનની તબિયત લથડતા મધરાતે અચાનક તેમને હોસ્પિટલ ખસેડવામાં આવતા પાકિસ્તાનના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ત્રણ વર્ષથી વધુ સમયથી કેદ ઈમરાન ખાનને અડધી રાત્રે ૨ વાગ્યે અત્યંત ગુપ્ત રીતે સારવાર માટે લાવવામાં આવ્યા હોવાના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ખાનની આંખની સ્થિતિ અત્યંત નાજુક હોવાથી આ ઈમરજન્સી નિર્ણય લેવામાં આવ્યો હતો. તબીબી પરીક્ષણમાં સામે આવ્યું છે કે ઈમરાન ખાનની જમણી આંખની રોશની હવે માત્ર ૧૫ ટકા જેટલી જ બચી છે. 'પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ' (PIMS) ના નિષ્ણાતોના મતે તેમની આંખમાં ગંભીર ચેપ ફેલાયો છે. હોસ્પિટલ પ્રશાસને જણાવ્યું હતું કે તેમને કુલ ત્રણ મહત્વના ઈન્જેક્શન આપવાના છે, જેમાંથી બીજું ઈન્જેક્શન આજે મધરાતે આપવામાં આવ્યું હતું. હવે ત્રીજું ઈન્જેક્શન આગામી ૨૪ માર્ચે આપવામાં આવશે તેવી શક્યતા છે. મીડિયા અહેવાલ મુજબ, હોસ્પિટલમાં સારવાર આપ્યા બાદ ઈમરાન ખાનને તાત્કાલિક ફરી અદિયાલા જેલમાં શિફ્ટ કરી દેવામાં આવ્યા છે.

### સમર્થકોનો આક્રોશ અને પ્રશ્નો

ઈમરાન ખાનને જે રીતે 'ચોરી-છૂપીથી' હોસ્પિટલ લાવવામાં આવ્યા, તેનાથી પીટીઆઈના નેતાઓએ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. નેતા બેરિસ્ટર ગોહર ખાને આક્ષેપ કર્યો છે કે પરિવાર કે ખાનગી ડોક્ટરોની ગેરહાજરીમાં થતી આ સારવાર શંકાસ્પદ છે. બીજી તરફ, સંસદીય બાબતોના મંત્રી તારિક ફઝલ ચૌધરીએ દાવો કર્યો છે કે તમામ કાનૂની અને માનવીય પાસાઓને ધ્યાનમાં રાખીને તેમને શ્રેષ્ઠ સારવાર આપવામાં આવી રહી છે અને તેમની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે.

## ન્યૂઝ બ્રીફ

### અફઘાનિસ્તાન પર પાકિસ્તાનનો એરસ્ટ્રાઈક અનેક નિર્દોષોના મોત



નવી દિલ્હી | અફઘાનિસ્તાનના નાંગરહાર, પક્તિકા અને ખોસ્ત પ્રાંતમાં ૨૧ અને ૨૨ ફેબ્રુઆરીના રોજ પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલા બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે વિવાદ છેડાયો છે. આ એરસ્ટ્રાઈકમાં નિર્દોષ નાગરિકોના મોતના અહેવાલો સામે આવ્યા બાદ માનવાધિકાર સંગઠન 'એમનેસ્ટી ઈન્ટરનેશનલ સાઉથ એશિયા' એ આ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસની માંગ કરી છે. સંગઠને સોશિયલ મીડિયા પર ઊંડી ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું છે કે આ હુમલાઓમાં સામાન્ય જનતાએ ભારે કિંમત ચૂકવવી પડી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા આ હુમલાઓમાં ૮૦ થી વધુ લોકોના મોત થયા છે.

### નેપાળ ચૂંટણી પંચની નિષ્ક્રિયતા સામે ભારે વિરોધ અને ટીકા

કાઠમંડુ | નેપાળમાં આગામી ૫ માર્ચે યોજાનારી ચૂંટણી પૂર્વે લોકશાહીના રખેવાળ ગણાતા ચૂંટણી પંચની ભૂમિકા શંકાના દાયરામાં આવી છે. સેંકડો ફરિયાદો અને ડઝનબંધ નોટિસો આપ્યા બાદ પણ આચારસંહિતાનું ઉલ્લંઘન કરનારાઓ સામે કોઈ પણ નક્કર શિક્ષાત્મક કાર્યવાહી ન કરવામાં આવતા નેપાળ ચૂંટણી પંચની નિષ્ક્રિયતા સામે ચોમેરથી ટીકાઓ થઈ રહી છે. ૧૯ જાન્યુઆરીથી અમલમાં આવેલી આચારસંહિતાના ૩૫ દિવસ વીતી ગયા હોવા છતાં પંચ દ્વારા હજુ સુધી એક પણ દંડ કે સજા ફટકારવામાં આવી નથી. મીડિયા અહેવાલ મુજબ, પંચે વિવિધ સંસ્થાઓ અને વ્યક્તિઓને કુલ ૭૯ નોટિસો પાઠવી લેખિત ખુલાસા માંગ્યા છે. જેમાંથી ૯ લોકોને તો બીજી વાર નોટિસ અપાઈ છે, છતાં પંચ કોઈ આકરા પગલાં લેતા અચકાઈ રહ્યું છે.

### રશિયા-યુક્રેન યુદ્ધના ચાર વર્ષ પૂર્ણ ઝેલેન્સ્કીનો હુંકાર



કીવ । રશિયા દ્વારા યુક્રેન પર કરવામાં આવેલા સંપૂર્ણ કક્ષાના આક્રમણને આજે બરાબર ચાર વર્ષ પૂર્ણ થયા છે. આ ઐતિહાસિક અને સંઘર્ષમય અવસરે યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ રાષ્ટ્રને સંબોધતા ગર્જના કરી છે કે, રશિયાના તમામ અવરોધો છતાં કીવ પોતાની સ્વતંત્રતા જાળવી રાખવામાં સફળ રહ્યું છે. ઝેલેન્સ્કીએ ભારપૂર્વક જણાવ્યું કે મોસ્કોના પ્રારંભિક ઉદ્દેશ્યો નિષ્ફળ સાબિત થયા છે અને યુક્રેન આજે પણ એક સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે અડીખમ ઊભું છે. પ્રમુખ ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા પર પોતાની લાગણી વ્યક્ત કરતા લખ્યું કે, વ્લાદિમીર પુતિને માત્ર ત્રણ દિવસમાં કીવ કબજે કરવાનો જે દાવો કર્યો હતો, તેને ચાર વર્ષ વીતી ગયા છે.

બરફીલા તોફાનની તબાહીથી ન્યૂયોર્ક બેહાલ બન્યું, ન્યૂયોર્કમાં કટોકટી જાહેર કરી નેશનલ ગાર્ડ તૈનાત કરાયા

# અમેરિકામાં બોમ્બ સાયક્લોન ત્રાટકતા દસ હજાર ફ્લાઈટ્સ રદ થઈ











(એજન્સી) ન્યૂયોર્ક । તા. 24

અમેરિકાના ઉત્તર-પૂર્વીય પટ્ટામાં પ્રકૃતિએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા મેરીલેન્ડથી લઈને મેઈન સુધીના રાજ્યોમાં હાહાકાર મચી ગયો છે. શક્તિશાળી 'બોમ્બ સાયક્લોન' ના કારણે જનજીવન સંપૂર્ણપણે પાટા પરથી ઉતરી ગયું છે અને લાખો લોકો બરફની કેદમાં પુરાયા છે. શનિવારથી મંગળવાર દરમિયાન કુલ ૧૦,૦૦૦ થી વધુ વિમાની ઉડ્ડયનો રદ થતા વિશ્વભરના પ્રવાસીઓ અટવાયા છે. શ્વેત આફત એટલી પ્રચંડ છે કે રસ્તાઓ પર ત્રણ ફૂટ સુધીના બરફના થર જામી ગયા છે, જેના કારણે પરિવહન સેવાઓ ઠપ્પ થઈ ગઈ છે.

હવામાન વૈજ્ઞાનિકો આ કુદરતી આફતને દાયકાનું સૌથી ભયાનક તોફાન ગણાવી રહ્યા છે. ટેકનિકલ ભાષામાં જ્યારે ૨૪ કલાકમાં તોફાનનું વાતાવરણીય દબાણ એકાએક ઘટી જાય, ત્યારે તેને 'બોમ્બ સાયક્લોન' કહેવામાં આવે છે. આર્કટિકની અતિશય ઠંડી હવા જ્યારે દક્ષિણની ગરમ હવા સાથે ટકરાઈ ત્યારે આ સર્જાય છે. હાલમાં રોડ આઈલેન્ડ જેવા વિસ્તારોમાં તો ત્રણ ફૂટથી વધુ હિમવર્ષા નોંધાઈ છે, જેણે છેલ્લા ઘણા વર્ષોના રેકોર્ડ તોડી નાખ્યા છે.

બરફીલા તોફાનની તબાહીને કારણે પૂર્વીય કિનારાના અંદાજે ૫,૭૦,૦૦૦ થી વધુ ઘરો અને વ્યાપારી એકમોમાં વીજળી ગુલ થઈ ગઈ છે. ખાસ કરીને મેસેચ્યુસેટ્સ અને ન્યૂ જર્સીમાં લાખો લોકો કડકડતી ઠંડીમાં અંધારામાં રહેવા મજબૂર બન્યા છે. રેલવે અને બસ સેવાઓ સંપૂર્ણપણે સ્થગિત કરી દેવામાં આવી છે. ઓછી વિઝિબિલિટી અને લપસણા રસ્તાઓને કારણે માર્ગ અકસ્માતોની ભીતિ વધી છે, જેને પગલે પ્રસિદ્ધ ડિલિવરી સેવાઓએ પણ પોતાના ઓપરેશન્સ બંધ કરી દીધા છે.

ન્યૂયોર્કમાં સ્થિતિ એટલી હદે વણસી છે કે સંયુક્ત રાષ્ટ્ર (UN) ને પણ પોતાની સુરક્ષા પરિષદની મહત્વની બેઠકો રદ કરવાની ફરજ પડી છે. શહેરના ઈતિહાસમાં છ વર્ષ બાદ પ્રથમ વખત બરફવર્ષાને કારણે શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. જોકે, શાળાઓ ફરી ખોલવા બાબતે સ્થાનિક મેયર અને વહીવટી અધિકારીઓ વચ્ચે મતમતાંતર જોવા મળી રહ્યા છે, પરંતુ વાલીઓ બાળકોની સુરક્ષાને લઈને ચિંતિત છે.

આ ભયાનક પરિસ્થિતિમાં પણ ટાઈમ્સ સ્ક્વેર પર વિચિત્ર નજારો જોવા મળ્યો હતો. ભારે તોફાન અને બરફવર્ષા વચ્ચે કેટલાક પ્રવાસીઓ નાચતા અને સ્લેજિંગનો આનંદ લેતા નજરે પડ્યા હતા. જોકે, સૂત્રો દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે ખતરો હજુ ટળ્યો નથી. આગામી સપ્તાહના અંતમાં વધુ એક શક્તિશાળી તોફાન ત્રાટકવાની ભીતિ છે. વહીવટીતંત્રે અત્યારે સુરક્ષા માટે નેશનલ ગાર્ડને મેદાનમાં ઉતાર્યા છે જેઓ બરફ હટાવવાની અને ફસાયેલા લોકોને મદદ કરવાની કામગીરી કરી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આગામી ૪૮ કલાક અમેરિકાના આ રાજ્યો માટે અત્યંત કપરા સાબિત થઈ શકે છે.

૨૬/૧૧ મુંબઈ આતંકી હુમલાનો ગુનેગાર શિકંજામાં

# PM માર્ક કાર્નીની ભારત મુલાકાત પૂર્વે કેનેડાનો મોટો નિર્ણય



(એજન્સી) ઓટ્ટાવા । તા. 24

૨૬/૧૧ મુંબઈ આતંકી હુમલાના કાવતરામાં સામેલ પાકિસ્તાની મૂળના આતંકી તહવ્વુર હુસૈન રાણા વિરુદ્ધ કેનેડા સરકારે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીની સૂચિત ભારત મુલાકાત પહેલા કેનેડાએ તહવ્વુર રાણાની કેનેડિયન નાગરિકતા રદ કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ નિર્ણયને પગલે ૧૬૬ નિર્દોષોના હત્યારા એવા આ આતંકીની સ્થિતિ હવે 'દેશ વગરના' જેવી થઈ જશે.

તહવ્વુર રાણા ૧૯૯૭માં કેનેડામાં સ્થાયી થયો હતો અને ૨૦૦૧માં તેને ત્યાંની નાગરિકતા મળી હતી. જોકે, ઈમિગ્રેશન અધિકારીઓના જણાવ્યા મુજબ, તેની નાગરિકતા આતંકવાદના કારણોસર નહીં, પરંતુ અરજી ફોર્મમાં ખોટી અને ભ્રામક વિગતો રજૂ કરવાના આધારે રદ કરવામાં આવી છે. મીડિયા અહેવાલ મુજબ, આતંકી ડેવિડ કોલમેન હેડલી ઉર્ફે દાઉદ ગિલાનીના આ નજીકના સાથીએ કેનેડિયન કાયદાઓ સાથે છેતરપિંડી કરી હતી, જે હવે તેને ભારે પડી છે. વર્ષ ૨૦૨૫માં તહવ્વુર રાણાને અમેરિકાથી પ્રત્યાર્પણ કરી ભારત લાવવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ના મતે, રાણા ૨૦૦૫ થી મુંબઈ હુમલાના આયોજનમાં સક્રિય હતો. તે હેડલી સાથે સતત સંપર્કમાં હતો અને લશ્કર-એ-તૈયબા જેવા આતંકવાદી સંગઠનો સાથે તેના સીધા સંબંધો હતા. ભારત આવ્યા બાદ તેની પૂછપરછમાં દુબઈ સ્થિત એક શંકાસ્પદ વ્યક્તિ અને અનેક નવા આતંકી મનસૂબાનો પર્દાફાશ થયો છે. કેનેડા સરકારના આ નિર્ણયને ભારત અને કેનેડા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોના નવા પ્રકરણ તરીકે જોવામાં આવી રહ્યો છે. પીએમ માર્ક કાર્નીની ભારત યાત્રા પૂર્વે લેવાયેલું આ પગલું એ વાતનો સ્પષ્ટ સંકેત છે કે હવે આતંકવાદીઓ માટે પશ્ચિમી દેશોમાં કોઈ સુરક્ષિત આશ્રયસ્થાન બચ્યું નથી.

# નેપાળના વીરગંજમાં ધાર્મિક સ્થળ મામલે હિંસા ભડકી કરફ્યુ જાહેર

(એજન્સી) વીરગંજ (નેપાળ) । તા. 24

ભારતીય સરહદને અડીને આવેલા નેપાળના ઔદ્યોગિક શહેર વીરગંજમાં રવિવારે રાત્રે ધાર્મિક સ્થળના વિવાદને પગલે બે સમુદાયો વચ્ચે ભારે હિંસા ફાટી નીકળી હતી. આ ઘટનાને પગલે પર્સા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સોમવારે સવારથી જ અનિશ્ચિત મુદતનો કરફ્યુ લાદી દેવામાં આવ્યો છે. સ્થિતિ એટલી હદે વણસી હતી કે સ્થાનિક પોલીસ પરિસ્થિતિને કાબૂમાં લેવામાં નિષ્ફળ રહેતા તાત્કાલિક અસરથી નેપાળી સેના અને આર્મ્ડ પોલીસ ફોર્સને પાઠવવામાં આવી છે.

આ હિંસક અથડામણ વીરગંજના વોર્ડ નંબર ૧૧ સ્થિત શ્રીપુર વિસ્તારમાં આવેલા એક ધાર્મિક સ્થળ પાસે શરૂ થઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, રવિવારે સાંજે કોઈ વાતને લઈને ઉશ્કેરાયેલું ટોળું ફૂટપાથ પર ઉભેલા નિર્દોષ યુવકો પર તૂટી પડ્યું હતું. આ હુમલામાં લલન મહતો,



અમર મહતો અને ધીરજ શાહ સહિત અડધો ડઝનથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને સારવાર માટે નારાયણી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ભારે પથ્થરમારો પણ થયો હતો.

પર્સા જિલ્લાના પોલીસ વડાએ જણાવ્યું હતું કે, હિંસા ફેલાવવા બદલ કેટલાક શંકાસ્પદ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. જોકે, આ આખી ઘટનાનો મુખ્ય સૂત્રધાર ગણાતો મોહમ્મદ નિઝામ હજી પણ પોલીસ પકડથી દૂર છે.

### કેનેડાના કેલગરીમાં ધાણીપાસે ફાયરિંગ બિશ્નોઈ ગેંગે લીધી જવાબદારી

કેલગરી (કેનેડા) । કેનેડાના કેલગરી શહેરમાં ફરી એકવાર સશસ્ત્ર હુમલાની ઘટના સામે આવતા સનસનાટી મચી ગઈ છે. શહેરના દક્ષિણ-પૂર્વીય વિસ્તારમાં આવેલા 'માલવા ટાયર્સ' નામના વ્યાપારી એકમ પર અજાણ્યા શખ્સોએ અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. આ હુમલાની ચોંકાવનારી વિગત એ છે કે ભારતની કુખ્યાત લોરેન્સ બિશ્નોઈ ગેંગના સભ્યોએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ ફાયરિંગની જવાબદારી સ્વીકારી છે. આ ઘટનાએ કેનેડામાં આંતરરાષ્ટ્રીય સંગઠિત ગુનાખોરીના વધતા નેટવર્ક પર ફરી સવાલો ઉભા કર્યા છે. ટાયસન બિશ્નોઈ અને આરઝૂ બિશ્નોઈ નામના શખ્સોએ સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને જણાવ્યું છે કે લોરેન્સ ગેંગે આ ફાયરિંગ કરાવ્યું છે. આ સાથે જ હરપ્રીત બ્રાર નામના વ્યક્તિ સાથે સંકળાયેલો એક ફાયરિંગનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર જોરશોરથી વાઈરલ થઈ રહ્યો છે.

# તાઈવાન સરહદે ચીની નૌકાદળના પાંચ જહાજો દેખાતા ફફડાટ

હન્ટરને તેના આરોપો માટે લાંબી જેલની સજા થઈ શકે તેમ હતી

(એજન્સી) તાઈપેઈ । તા. 24

દક્ષિણ ચીન સાગરમાં ચીનની આક્રમકતા સતત વધી રહી છે. મંગળવારે સવારે તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે પુષ્ટિ કરી છે કે તેમના પ્રાદેશિક જળ સીમાની આસપાસ ચીની નૌકાદળના પાંચ યુદ્ધ જહાજો કાર્યરત હોવાનું જાણવા મળ્યું છે. આટલું જ નહીં, સમુદ્રની સાથે આકાશમાં પણ ચીને જાસૂસી ગતિવિધિઓ તેજ કરી છે. તાઈવાનની સીમામાં ચીનના બે શંકાસ્પદ ફુગ્ગા પણ ઉડતા જોવા મળ્યા છે, જેના કારણે તાઈવાનની સૈન્ય એજન્સીઓ હાઈ એલર્ટ પર આવી ગઈ છે.

તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું કે, મંગળવારે સવારે ૬ વાગ્યા સુધીમાં ચીની નૌકાદળના ૫ જહાજોની હાજરી નોંધાઈ હતી. આ સમયગાળા દરમિયાન જ ચીનના બે ફુગ્ગા પણ તાઈવાનના હવાઈ ક્ષેત્રની આસપાસ જોવા મળ્યા હતા. જોકે, આ વખતે કોઈ ચીની લશ્કરી વિમાન દેખાયું નથી, પરંતુ આ પ્રકારના ફુગ્ગા દ્વારા જાસૂસી કરવાની ચીનની જૂની આદત રહી છે. તાઈવાનના સશસ્ત્ર દળોએ સમગ્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી છે અને કોઈપણ અનિચ્છનીય ઘટનાને પહોંચી વળવા વળતો જવાબ આપવા તૈયાર છે. બીજી તરફ, ચીની કોસ્ટ ગાર્ડ એ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે છેલ્લા પાંચ વર્ષમાં તેઓએ ચીનના સમુદ્રી અધિકારોના રક્ષણ માટે ૫,૫૦,૦૦૦ જહાજો અને ૬,૦૦૦ વિમાનો દ્વારા મિશન હાથ ધર્યા છે. આ આંકડાઓમાં જાપાનના સેનકાકુ ટાપુઓ પાસે કરવામાં આવેલા ૧૩૪ પેટ્રોલિંગનો પણ સમાવેશ થાય છે.

અકસ્માત | ન્યુક્લિયર પ્લાન્ટ નજીક સર્જાઈ દુર્ઘટના, ચાર લોકોના કરુણ મોત નિપજ્યા

# ઈરાનમાં સૈન્ય હેલિકોપ્ટર ખાબકતા ભારે તબાહી

(એજન્સી) તેહરાન । તા. 24

વિશ્વભરમાં યુદ્ધની વધતી જતી આશંકાઓ અને ઈરાનમાં પ્રવર્તી રહેલા ભારેલા અગ્નિ જેવા માહોલ વચ્ચે આજે એક અત્યંત માઠા સમાચાર સામે આવ્યા છે. ઈરાનના અત્યંત સંવેદનશીલ ગણાતા ઈસ્ફહાન પ્રાંતમાં સેનાનું એક હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું છે. આ અકસ્માત ત્યારે સર્જાયો જ્યારે હેલિકોપ્ટર ઈસ્ફહાનના ખોમેની શાહર કાઉન્ટીના દારચેહ શહેરમાં આવેલા એક ભરચક ફ્રૂટ હોલસેલ માર્કેટમાં તૂટી પડ્યું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ભયાનક દુર્ઘટનામાં અત્યાર સુધીમાં પાયલટ અને કો-પાયલટ સહિત કુલ 4 લોકોના કરુણ મોત નિપજ્યા હોવાની પુષ્ટિ થઈ છે.

આ ઘટના જે સ્થળે બની છે તે ઈરાનનો પરમાણુ પ્લાન્ટ ધરાવતો વિસ્તાર હોવાથી સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ છે. હેલિકોપ્ટર ક્રેશ થયા બાદ તેનો કાટમાળ પરમાણુ પ્લાન્ટની અત્યંત નજીક ફેલાઈ ગયો હતો, જેના કારણે શરૂઆતમાં ભારે ગભરાટ ફેલાયો



હતો. મીડિયા અહેવાલ અનુસાર, ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) સાથે સંકળાયેલી એજન્સીએ સ્પષ્ટતા કરી છે કે આ હેલિકોપ્ટર ઈરાની સેનાની એવિએશન યુનિટનું હતું. આ અકસ્માતમાં હેલિકોપ્ટરમાં સવાર સૈન્ય અધિકારીઓ ઉપરાંત નીચે બજારમાં કામ કરી રહેલા બે વેપારીઓએ પણ જીવ ગુમાવવો પડ્યો છે.

આ અકસ્માત પાછળ કોઈ બાહ્ય હુમલો નહીં પરંતુ ટેકનિકલ ખામી મુખ્ય કારણ છે. હેલિકોપ્ટર હવામાં હતું ત્યારે જ તેમાં કોઈ મોટી ખામી સર્જાઈ હતી અને પાયલટ નિયંત્રણ ગુમાવી બેઠો હતો. જોકે, આ દુર્ઘટનાએ ફરી એકવાર ઈરાનના એર સેફ્ટી રેકોર્ડ પર સવાલો ઉભા કર્યા છે. સૂત્રો દ્વારા એવું પણ જણાવવામાં આવ્યું છે કે જે સમયે હેલિકોપ્ટર માર્કેટમાં ખાબક્યું ત્યારે ત્યાં મોટી સંખ્યામાં લોકો હાજર હતા, પરંતુ હેલિકોપ્ટર સીધું ખુલ્લા ભાગમાં પડતા મોટી જાનહાનિ ટળી હતી.

ઈરાનનો એર સેફ્ટી રેકોર્ડ લાંબા સમયથી ઘણો ખરાબ રહ્યો છે. આનું સૌથી મોટું કારણ આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો હોવાનું માનવામાં આવે છે. ઈરાન પાસે રહેલા મોટાભાગના સૈન્ય હેલિકોપ્ટર અને વિમાનો 1979ની ઈસ્લામિક ક્રાંતિ પહેલાના છે. વર્ષો જૂના આ એરક્રાફ્ટ માટે મેન્ટેનન્સ અને અસલી સ્પેરપાર્ટ્સ મેળવવા ઈરાન માટે અત્યંત મુશ્કેલ છે. આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને કારણે નવા એરક્રાફ્ટની ખરીદી કે જૂનાના સમારકામમાં પડતી મુશ્કેલીઓ વારંવાર આવી જીવલેણ દુર્ઘટનાઓ નોતરે છે.

# પાબ્લો એસ્કોબારથી એલ મેંચો સુધીના ખતરનાક ડ્રગ માફિયા

(એજન્સી) મેક્સિકો સિટી । તા. 24

મેક્સિકોની સુરક્ષા દળોએ તાજેતરમાં જ દેશના સૌથી ખૂંખાર ડ્રગ માફિયા 'એલ મેંચો'ને ઠાર કરીને એક મોટી સફળતા મેળવી છે. જોકે, આ ઘટના બાદ મેક્સિકોના અનેક રાજ્યોમાં હિંસા ફાટી નીકળી છે, જેને પગલે ભારતીય દૂતાવાસે પણ પોતાના નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરી છે. આ ઘટનાએ ફરી એકવાર વિશ્વના એવા ડ્રગ લોર્ડ્સની યાદ તાજી કરાવી છે જેમણે પોતાની સમાંતર સરકાર ચલાવીને અમેરિકા જેવી મહાસત્તાઓને પણ ઘૂંટણિયે લાવી દીધી હતી.

વિશ્વના ડ્રગ માફિયાઓમાં સૌથી ઉપર નામ આવે છે પાબ્લો એસ્કોબારનું. ૧૯૮૯માં ફોર્બ્સે તેને વિશ્વનો સાતમો સૌથી ધનિક વ્યક્તિ જાહેર કર્યો હતો. તેની પાસે ૩૦ અબજ ડોલરની સંપત્તિ હતી. બીજી તરફ, મેક્સિકોનો અમાડો કેરિલો 'આકાશના સ્વામી' તરીકે જાણીતો હતો, કારણ કે તે અમેરિકામાં કોકીન ઘુસાડવા માટે આખા જેટ વિમાનોનો કાફલો વાપરતો હતો. આ તસ્કરોએ સરકારી એજન્સીઓની આંખમાં ધૂળ નાખીને અબજોનું સામ્રાજ્ય ઊભું કર્યું હતું. 'એલ ચાપો' તરીકે ઓળખાતો જોઆક્વિન આર્કિવાલ્ડો એક એવો માફિયા હતો જે જેલમાં હોવા છતાં પોતાનું નેટવર્ક ચલાવતો હતો. તેણે ૧૯૯૮માં સિનાલોઆ કાર્ટેલની સ્થાપના કરી, જે આજે પણ યુરોપ અને અમેરિકામાં ડ્રગ્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવે છે. તેવી જ રીતે, ઓસિએલ કાર્ડેનાસે પોતાની એક ખાનગી સશસ્ત્ર સેના બનાવી હતી, જેમાં મેક્સિકન આર્મીના પૂર્વ સભ્યોને સામેલ કર્યા હતા. ન્યૂયોર્કનો કુખ્યાત તસ્કર 'ડોન ચોલિયો' ઉર્ફે જોર્જ અલ્બર્ટો રોડ્રિગેજ માત્ર ૧૪ વર્ષની ઉંમરે આ કાળા કારોબારમાં જોડાયો હતો.

## પવન હંસ હેલિકોપ્ટર દુર્ઘટનામાં પાયલોટની સમયસૂચકતા

# આંદામાન હેલિકોપ્ટર ક્રેશ લેન્ડિંગમાં પાયલોટની સૂઝબૂઝથી સાત બચ્યા

(એજન્સી) પોર્ટ બ્લેયર | તા.24

આંદામાનના દરિયામાં આજે સવારે એક મોટી હવાઈ દુર્ઘટના ટળી હતી. સરકારી હેલિકોપ્ટર સેવા કંપની પવન હંસના એક હેલિકોપ્ટરને ઉડાન દરમિયાન સર્જાયેલી ગંભીર ટેકનિકલ ખામીને કારણે દરિયાની વચ્ચે જ ઈમરજન્સી ક્રેશ લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. પાયલોટની અદભૂત સૂઝબૂઝને પરિણામે હેલિકોપ્ટરને પાણીની સપાટી પર સુરક્ષિત રીતે ઉતારવામાં સફળતા મળી હતી. હેલિકોપ્ટરમાં સવાર તમામ સાત વ્યક્તિઓનો આબાદ બચાવ થયો છે, જેના કારણે એક મોટી જાનહાનિ ટળી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પવન હંસનું આ હેલિકોપ્ટર પોર્ટ બ્લેયરથી માયાબંદર તરફ જઈ રહ્યું હતું. સવારે આશરે 9:30 વાગ્યે જ્યારે હેલિકોપ્ટર આંદામાન સાગર પરથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે અચાનક એન્જિનમાં ખામી સર્જાઈ હતી. પાયલોટે સમય ગુમાવ્યા વગર અત્યંત જોખમી ગણાતું 'વોટર લેન્ડિંગ' કરવાનું નક્કી કર્યું. પવન હંસના પ્રવક્તાએ જણાવ્યું કે પાયલોટની સમયસૂચકતાને કારણે હેલિકોપ્ટર પલટી ખાય તે પહેલા જ તમામ મુસાફરોને બહાર કાઢવાની તક મળી હતી.હેલિકોપ્ટરમાં બે અનુભવી ક્રૂ મેમ્બર અને પાંચ મુસાફરો સવાર હતા.




ક્રેશ લેન્ડિંગની જાણ થતા જ ભારતીય કોસ્ટ ગાર્ડ અને સ્થાનિક રાહત ટુકડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, તમામ સાતેય લોકોને સુરક્ષિત રીતે કિનારે લાવવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં તમામની તબિયત સારી હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે પવન હંસ દ્વારા આંતરિક તપાસના આદેશ આપવામાં આવ્યા છે જેથી ટેકનિકલ ખામીનું સચોટ કારણ જાણી શકાય.છેલ્લા કેટલાક સમયથી દેશમાં વિમાન અને હેલિકોપ્ટર દુર્ઘટનાઓનું પ્રમાણ વધ્યું છે, જેણે હવાઈ સુરક્ષાના માપદંડો પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. ઉલ્લેખનીય છે કે, હજુ ગઈકાલે જ ઝારખંડના ચતરામાં એક એર એમ્બ્યુલન્સ ક્રેશ થઈ હતી, જેમાં દર્દી સહિત સાત લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા.

## દિલ્હી એરપોર્ટ ઈમરજન્સી લેન્ડિંગ થતા દોઢસો મુસાફરોનો આબાદ બચાવ

નવી દિલ્હી: દેશની રાજધાનીમાં મંગળવારે સવારે એક મોટી વિમાની દુર્ઘટના ટળી છે. દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સ્પાઈસ જેટના એક વિમાનનું અચાનક એન્જિન ફેઈલ થવાને કારણે ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હતી. પાયલોટની સમયસૂચકતા અને તાત્કાલિક નિર્ણય શક્તિને લીધે વિમાનને સુરક્ષિત રીતે પરત ઉતારી લેવામાં આવ્યું હતું. આ ઘટના સમયે વિમાનમાં 150 મુસાફરો સવાર હતા, જે તમામ સુરક્ષિત હોવાનું મીડિયા અહેવાલ દ્વારા જાણવા મળ્યું છે.સ્પાઈસ જેટની ફ્લાઈટ SG121 એ દિલ્હીથી લેહ જવા માટે ઉડાન ભરી હતી. જોકે, હજુ તો વિમાન આકાશમાં ઊંચાઈ પ્રાપ્ત કરી રહ્યું હતું ત્યાં જ તેના એન્જિન નંબર-2 માં ગંભીર ટેકનિકલ ખામી સર્જાઈ હતી. એન્જિન કામ કરતું બંધ થઈ જતાં કોકપિટમાં ચેતવણીના સિગ્નલ મળ્યા હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત



વિગત મુજબ, પાયલોટે જોખમ લેવાને બદલે તાત્કાલિક એર ટ્રાફિક કંટ્રોલ (ATC) નો સંપર્ક સાધ્યો અને દિલ્હી પરત ફરવાની પરવાનગી માંગી હતી. ઈમરજન્સી લેન્ડિંગની જાણ થતા જ સમગ્ર એરપોર્ટ તંત્ર હરકતમાં આવ્યું હતું. રનવેની આસપાસ ફાયર ફાઈટરની ગાડીઓ, એમ્બ્યુલન્સ અને મેડિકલ સ્ટાફને સ્ટેન્ડ-બાય કરી દેવામાં આવ્યો હતો.

## ઝારખંડમાં એર એમ્બ્યુલન્સ ક્રેશ

## દર્દી સહિત તમામ 7 લોકોના મોત, પાયલોટે રૂટ બદલવા કરી હતી માંગ



રાંચી : રેડબર્ડ એરવેઝ પ્રાઈવેટ લિમિટેડના આ વિમાને રાંચી એરપોર્ટથી સાંજે 7.11 વાગ્યે ઉડાન ભરી હતી. જે બાદ પ્લેન ચતરામાં ક્રેશ થઈ ગયું.ચતરાના ડેપ્યુટી કમિશનરે જણાવ્યું કે 7.30 વાગ્યે વિમાન સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. જે બાદ સિમરિયા વિસ્તારના બરિયાતુમાં તે ક્રેશ થયું. વિમાનમાં સવાર તમામ 7 લોકોના મૃતદેહની ઓળખ થઈ ગઈ છે. નોંધનીય છે કે સંજય કુમારના એક દર્દી 65 ટકા દાઝી ગયા હતા. રાંચીની દેવકમલ હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. જે બાદ તેમને વધુ સારવાર માટે દિલ્હી લઈ જવાનો નિર્ણય લેવામાં આવ્યો. રાંચી એરપોર્ટના ડાયરેક્ટર વિનોદ કુમારને પ્લેન ક્રેશ પાછળ ખરાબ વાતાવરણ કારણભૂત હોવાની આશંકા છે. અધિકારીઓએ જણાવ્યું કે ખરાબ વાતાવરણના કારણે પાયલોટે રૂટ બદલવા વિનંતી કરી હતી. પાયલોટે કોલકાતા ATCને રિક્વેસ્ટ કરી હતી. જોકે તે બાદ 7.34 વાગ્યે વિમાનનો સંપર્ક તૂટી ગયો. નોંધનીય છે કે હાલમાં જ બારામતીમાં વિમાન દુર્ઘટના થઈ હતી. એવામાં આ ક્રેશથી ભારતની એવિએશન સુરક્ષાને લઈને ગંભીર સવાલ ઊભા થાય છે.

## સ્થાપત્ય અવશેષો અને ઐતિહાસિક પુરાવાઓનો પહાડ

# ભોજશાળા ASI સર્વે રિપોર્ટમાં મંદિર હોવાના મજબૂત પુરાવા

(એજન્સી) ધાર | તા.24

મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં આવેલી ઐતિહાસિક ભોજશાળાના વિવાદમાં એક નવો વળાંક આવ્યો છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) એ સોમવારે મધ્ય પ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેંચ સમક્ષ પોતાનો વૈજ્ઞાનિક સર્વે રિપોર્ટ રજૂ કર્યો છે. આ રિપોર્ટમાં એવો ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે કે ભોજશાળા પરિસરમાં આવેલી મસ્જિદનું નિર્માણ અગાઉથી અસ્તિત્વમાં રહેલા જૂના હિન્દુ મંદિરના અવશેષો અને સ્તંભોનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું છે. આ અહેવાલથી સનાતન ધર્મના સમર્થકોમાં હર્ષની લાગણી જોવા મળી રહી છે.

ASI ના 2100 પાનાના વિસ્તૃત રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે સર્વે દરમિયાન ભોજશાળા પરિસરમાંથી અનેક કિંમતી પુરાવા મળ્યા છે. જેમાં દેવી-દેવતાઓની ખંડિત મૂર્તિઓ, સનાતન ધર્મ સાથે જોડાયેલા ચિહ્નો અને જૂના સિક્કાઓનો સમાવેશ થાય છે. અનેક સ્તંભો પર કમળની આકૃતિઓ અને પરંપરાગત મંદિર શૈલીનું નકશીકામ જોવા



મળ્યું છે. આ ઉપરાંત, સંસ્કૃત ભાષામાં લખાયેલા શિલાલેખો પણ મળી આવ્યા છે જે 12મી થી 16મી સદીના હોવાનું અનુમાન છે.

સર્વેની કામગીરીમાં કોઈ ખામી ન રહી જાય તે માટે ASI ની ટીમે ગ્રાઉન્ડ પેનિટ્રેટિંગ રડાર (GPR) જેવી અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કર્યો હતો. આ ટેકનોલોજી દ્વારા જમીન ખોદ્યા વગર અંદર રહેલી દિવાલોની રચના અને પાયાનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. રિપોર્ટ મુજબ, ભોજશાળાનું મૂળ નિર્માણ 12મી સદીમાં થયું હતું, જ્યારે કમાલ મૌલાનું માળવામાં આગમન ઈ.સ. 1265માં થયું હતું, જે દર્શાવે છે કે મંદિરનું નિર્માણ મુસ્લિમ શાસકોના આગમન પહેલા થયું હતું.

ASI એ પોતાના દાવાને મજબૂત કરવા માટે રિપોર્ટની સાથે 500 થી વધુ તસવીરો અને વીડિયો પુરાવા તરીકે રજૂ કર્યા છે. આ તસવીરોમાં સ્થાપત્ય શૈલી અને બાંધકામની સામગ્રીનું ઝીણવટભર્યું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. હાઈકોર્ટે હવે તમામ પક્ષકારોને આ રિપોર્ટનો અભ્યાસ કરવા અને તેના પર પોતાના વાંધા કે સૂચનો રજૂ કરવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો છે. આ કેસની આગામી સુનાવણી હવે 16 માર્ચના રોજ હાથ ધરવામાં આવશે.ભોજશાળા વિવાદ દાયકાઓ જૂનો છે. હિન્દુ સમુદાય તેને રાજા ભોજ દ્વારા નિર્મિત વાગ્દેવી (દેવી સરસ્વતી) નું મંદિર માને છે, જ્યારે મુસ્લિમ સમુદાય તેને કમાલ મૌલા મસ્જિદ તરીકે ઓળખાવે છે. વર્ષ 2003 થી અમલમાં રહેલી વ્યવસ્થા મુજબ, અહીં મંગળવારે હિન્દુઓને પૂજા કરવાની અને શુક્રવારે મુસ્લિમોને નમાજ પઢવાની મંજૂરી આપવામાં આવી છે. ASI ના આ નવા રિપોર્ટ બાદ આ ઐતિહાસિક સ્મારકના વાસ્તવિક સ્વરૂપ અંગેનો વિવાદ ન્યાયિક રીતે ઉકેલાય તેવી શક્યતા વધી ગઈ છે.

## નીટ-પીજીમાં શિક્ષણની ગુણવત્તા પર અસર ચિંતાજનક : સુપ્રીમ

નવી દિલ્હી : નીટ પીજી ૨૦૨૫ માટે કટ ઓફમાં ઘટાડાના નિર્ણયનો કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં બચાવ કર્યો હતો અને દાવો કર્યો હતો કે આ નિર્ણયની ડોક્ટરની ક્લિનિકલ ક્ષમતા પર કોઇ અસર નહીં પડે અને પર્સેંટાઇલમાં ઘટાડા બાદ પણ સીટોની ફાળવણી ઉમેદવારના મેરિટ અને પ્રાથમિકતાના આધાર પર નક્કી કરાશે. જ્યારે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કટ ઓફ ઘટાડાથી શિક્ષણની ગુણવત્તા પર અસર થાય છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવશે. વર્તમાન શૈક્ષણિક વર્ષ માટે પર્સેંટાઇલ કટ ઓફમાં ઘટાડો કરવાના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અનેક અરજીઓ થઇ છે, જેની સુનાવણી ચાલી રહી છે. સુપ્રીમે કહ્યું હતું કે અમે શિક્ષણની ગુણવત્તા પર અસરને લઇને સૌથી વધુ ચિંતિત છીએ, મામલો ગુણવત્તાનો છે, સરકાર આ મુદ્દે પ્રકાશ પાડે. જ્યારે કેન્દ્ર સરકાર તરફથી હાજર એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ કહ્યું હતું કે ખાલી બેઠકોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## AIADMK ચૂંટણી વચનો

## જયલલિતાના જન્મદિને એડપ્પાદી પલાનીસ્વામીની મોટી જાહેરાત

ચેન્નાઈ: તમિલનાડુમાં આગામી 2026ની વિધાનસભા ચૂંટણીનો ગરમાવો અત્યારથી જ શરૂ થઈ ગયો છે. પૂર્વ મુખ્યમંત્રી જે. જયલલિતાની 78મી જન્મજયંતિના અવસરે, AIADMK ના જનરલ સેક્રેટરી એડપ્પાદી કે. પલાનીસ્વામીએ પક્ષના ચૂંટણી વચનોનો ત્રીજો તબક્કો જાહેર કર્યો છે. ચેન્નાઈ સ્થિત હેડક્વાર્ટર ખાતે આયોજિત કાર્યક્રમમાં તેમણે વર્તમાન ડીએમકે સરકાર પર આકરા પ્રહાર કરતા જનતાને આર્થિક બોજમાંથી મુક્તિ અપાવવા માટે 'લોકપ્રિય' વાયદાઓની હારમાળા સર્જી છે.એડપ્પાદી પલાનીસ્વામીએ (EPS) જાહેરાત કરી છે કે જો તેમની સરકાર સત્તામાં આવશે, તો મોંઘવારીના માર સામે લડવા માટે દરેક પરિવારને રૂ. 10,000 ની એકમરુશ્ત રાહત સહાય આપવામાં આવશે. તેમણે આક્ષેપ કર્યો હતો કે સીએમ સ્ટાલિનના નેતૃત્વમાં વીજળી દરો અને પ્રોપર્ટી ટેક્સમાં ધરખમ વધારો થયો છે, જેનાથી સામાન્ય જનતા પર આર્થિક બોજ વધ્યો છે. AIADMK સત્તા પર આવતા જ કોઈપણ ભેદભાવ વિના આ યોજનાનો અમલ કરશે. માછીમારો માટે વાર્ષિક માછીમારી પ્રતિબંધના સમયગાળા દરમિયાન અપાતી રાહત રકમ રૂ. 8,000 થી વધારીને રૂ. 12,000 કરવાની જાહેરાત કરવામાં આવી છે. વણકરો માટે મફત વીજળીની મર્યાદામાં વધારો કરતા, હાથવણાટ વણકરોને 450 યુનિટ (હાલમાં 300) અને પાવરલૂમ વણકરોને 1,400 યુનિટ (હાલમાં 1,000) મફત વીજળી આપવાનો વાયદો કર્યો છે. પોંગલ તહેવાર નિમિત્તે ગિફ્ટ હેમ્પર સાથે રૂ. 1,000 રોકડ આપવાની પણ જાહેરાત કરાઈ છે.શહેરી વિસ્તારોમાં ફૂટપાથ પર દુકાનો ચલાવતા નાના વેપારીઓ કે જેમણે સહકારી બેંકોમાંથી લોન લીધી છે, તેમના દેવા માફ કરવાની જાહેરાત પક્ષે કરી છે. EPS એ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## નાગરિકોની પ્રાઈવસી જોખમમાં મૂકી ન શકો : સુપ્રીમ

## સુપ્રીમની લાલ આંખ પછી 'વોટ્સએપ' પ્રાઈવસીની શરતો માનશે

નવી દિલ્હી : મેટા કંપનીએ સુપ્રીમ કોર્ટમાં ખાતરી આપી હતી કે તે ડેટા પ્રાઈવસીના ભારતના નિયમોનું પાલન કરશે. ૧૬મી માર્ચથી ભારતમાં ડેટા પ્રાઈવસીની નવી ગાઈડલાઈન લાગુ કરી દેશે. અગાઉ વોટ્સએપના ડેટા શેરિંગના મુદ્દે મેટા કંપની વૈશ્વિક માપદંડોનું પાલન કરશે એમ કહીને ભારતીય યુઝર્સના ડેટા જોખમમાં મૂકતી હતી. એ મુદ્દે અગાઉ નેશનલ કંપની લો અપેલેટ ટ્રિબ્યૂનલના આદેશનું પણ પાલન કર્યું ન હતું અને તેની સામે સુપ્રીમમાં અરજી કરી હતી. સુપ્રીમે કંપનીની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી પછી કંપનીએ ગાઈડલાઈનના પાલનની ખાતરી આપી હતી. વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, થ્રેડ જેવા પ્લેટફોર્મ્સ ધરાવતી મેટા કંપનીના ડેટા શેરિંગ અને પ્રાઈવસીના કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં થઈ હતી. વોટ્સએપ યુઝર્સના ડેટા પેરેન્ટ કંપની મેટા સાથે શેર કરવાના મુદ્દે કમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયાની ગાઈડલાઈનનું પાલન કરવાનો કંપનીએ ઈનકાર કર્યો હતો. ભારતની વોચડોગ એજન્સીનું માનવું હતું કે વોટ્સએપ યુઝર્સના ડેટાનો ઉપયોગ અન્ય પ્લેટફોર્મ્સમાં જાહેરાતના હેતુથી થાય છે. મેટા કંપનીઓનલાઈન એડવર્ટાઈઝિંગનું નેટવર્ક ધરાવે છે. એમાં જુદા જુદા પ્લેટફોર્મ્સના યુઝર્સના ડેટાનો ઉપયોગ જાહેરાત માટે થાય છે અને એ કારણે કંપનીએ અયોગ્ય રીતે મોનોપોલી સર્જી છે. વોટ્સએપે આ મુદ્દે એવી દલીલ કરી હતી કે તે વૈશ્વિક માપદંડો પ્રમાણે વર્તે છે અને કોઈ બાંધછોડ નહીં. એ પછી આ મામલો નેશનલ કંપની લો અપેલેટ ટ્રિબ્યૂનલમાં પહોંચ્યો હતો. ટ્રિબ્યૂનલે મેટાને ૨૧૩ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

## યૂથ કોંગ્રેસ શર્ટલેસ પ્રોટેસ્ટ મામલે હજુ વધુ ધરપકડની શક્યતા

# ઉદય ભાનુ ચિબની ધરપકડ: 20 કલાકની પૂછપરછ બાદ પોલીસની કાર્યવાહી

નવી દિલ્હી: રાજધાની દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાયેલી હાઈ-પ્રોફાઈલ 'AI સમિટ 2026' દરમિયાન થયેલા હંગામા મામલે દિલ્હી પોલીસે કડક કાર્યવાહી કરી છે. ઈન્ડિયન યૂથ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ ઉદય ભાનુ ચિબની લાંબી પૂછપરછ બાદ સત્તાવાર રીતે ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, હાઈ-સિક્યોરિટી ઝોનમાં ઘૂસીને અર્ધ-નગ્ન અવસ્થામાં વિરોધ પ્રદર્શન કરવા બદલ આ પગલું લેવામાં આવ્યું છે. હાલમાં તિલક માર્ગ પોલીસ સ્ટેશન ખાતે સુરક્ષાનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.ઉદય ભાનુ ચિબની પૂછપરછ સોમવારથી શરૂ



કરવામાં આવી હતી, જે સતત 20 કલાક સુધી ચાલી હતી. તિરુવલ્લુરના સાંસદ શશિકાંત સેંથીલે મીડિયાને જણાવ્યું કે મંગળવારે વહેલી સવારે 4 વાગ્યે પોલીસે તેમની ધરપકડ કરી છે. કોંગ્રેસના નેતાઓએ આ ધરપકડને ગેરબંધારણીય ગણાવી છે. પોલીસનું કહેવું છે કે આંતરરાષ્ટ્રીય સ્તરની સમિટમાં સુરક્ષામાં ભંગ અને મર્યાદા ઓળંગવા બદલ કાયદાકીય જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા કે.સી. વેણુગોપાલે આ ધરપકડની નિંદા કરતા કહ્યું કે, લોકશાહીમાં શાંતિપૂર્ણ વિરોધ કરવો એ ગુનો નથી. સરકાર યુવાનોનો અવાજ દબાવવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે દાવો કર્યો કે યૂથ કોંગ્રેસના કાર્યકરોએ કોઈ હિંસા કર્યા વિના માત્ર ભ્રષ્ટાચાર મુદ્દે વડાપ્રધાનનો વિરોધ કર્યો હતો. કોંગ્રેસે માંગ કરી છે કે ઉદય ભાનુ ચિબ સહિત તમામ અટકાયત કરાયેલા કાર્યકરો પરથી કેસ હટાવીને તેમને તાત્કાલિક મુક્ત કરવામાં આવે.દિલ્હી પોલીસની તપાસના તાર અન્ય રાજ્યો સુધી પણ પહોંચ્યા છે.

## ઉદય ભાનુ ચિબના પિતાનું નિવેદન: "મારા પુત્રની ધરપકડ એ લોકશાહીની હત્યા છે"

દેહરાદૂન: ઈન્ડિયન યૂથ કોંગ્રેસ (IYC) ના પ્રમુખ ઉદય ભાનુ ચિબની ધરપકડ બાદ રાજકીય ગરમાવો વધી રહ્યો છે. ઉદય ભાનુના પિતા હરિ સિંહ ચિબે આ ધરપકડને 'લોકશાહીની હત્યા' ગણાવી છે. ઉત્તરાખંડના દેહરાદૂન ખાતે મીડિયા સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, તેમના પુત્રને ખોટી રીતે ફસાવવાનું ષડયંત્ર રચવામાં આવ્યું છે, પરંતુ આવા દબાણથી ઉદયનો અવાજ દબાવી શકાશે નહીં.હરિ સિંહ ચિબે જણાવ્યું હતું કે, "દરેક વ્યક્તિને પોતાના વિચારો રજૂ કરવાનો અધિકાર છે. ભારત-અમેરિકા ટ્રેડ ડીલથી આપણા ખેડૂતો, ઉદ્યોગો અને યુવાનોને મોટું નુકસાન થવાનું છે. ઉદય આ અન્યાય સામે લડી રહ્યો છે અને તેમાં તેણે કંઈ ખોટું કર્યું નથી. મને મારા પુત્ર પર ગર્વ છે કે તે દેશના યુવાનો અને ખેડૂતો માટે અવાજ ઉઠાવી રહ્યો છે." તેમણે વધુમાં ઉમેર્યું કે આ લડત ચાલુ રાખવા માટે ઈશ્વર તેને શક્તિ આપે તેવી તેઓ પ્રાર્થના કરે છે. દિલ્હીની એક અદાલતે મંગળવારે ઉદય ભાનુ ચિબના ચાર દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસનો આરોપ છે કે ઉદય ભાનુ ૨૦ ફેબ્રુઆરીએ ભારત મંડપમમાં થયેલા ગેરકાયદેસર દેખાવોનો મુખ્ય સૂત્રધાર અને માસ્ટરમાઈન્ડ છે. એઆઈ ઈમ્પેક્ટ સમિટ દરમિયાન રાષ્ટ્રવિરોધી સૂત્રોચ્ચાર કરવા અને રમખાણો જેવી સ્થિતિ ઉભી કરવાનો પ્રયાસ કરવા બદલ તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.દિલ્હી પોલીસે કોર્ટમાં જણાવ્યું હતું કે ઉદય ભાનુ તપાસમાં સહકાર આપી રહ્યો નથી અને જે લોકો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા છે તેમના નામ પણ જાહેર કરતો નથી. વિરોધ પ્રદર્શનમાં વપરાયેલા ટી-શર્ટ્સ ક્યાંથી લાવવામાં આવ્યા હતા તે અંગે પણ તપાસ ચાલી રહી છે. આ કેસની ગંભીરતાને જોતા સમગ્ર તપાસ હવે દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચને સોંપી દેવામાં આવી છે.

## બેંગ્લુરુ પાણી સંકટ: શહેરનું એકપણ તળાવ પીવાલાયક રહ્યું નથી

બેંગ્લુરુ: ભારતનું આઈટી હબ અને 'સિલિકોન વેલી' તરીકે ઓળખાતું બેંગ્લુરુ શહેર અત્યારે એક ભયાનક પર્યાવરણીય સંકટનો સામનો કરી રહ્યું છે. કર્ણાટક સ્ટેટ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (KSPCB) ના તાજેતરના અહેવાલે શહેરની ઊંઘ ઉડાવી દીધી છે. અહેવાલ મુજબ,



બેંગ્લુરુના એકપણ તળાવનું પાણી હવે પીવાલાયક કે માનવ વપરાશ માટે યોગ્ય રહ્યું નથી. પ્રદૂષણના અત્યંત ઊંચા સ્તરને કારણે શહેરના જળ સ્ત્રોતો ઝેરી બની રહ્યા છે, જે આગામી ઉનાળામાં પાણીની ભીષણ કટોકટી તરફ ઈશારો કરે છે.પોલ્યુશન કંટ્રોલ બોર્ડે એપ્રિલથી નવેમ્બર દરમિયાન શહેરના 147 તળાવોનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. પાણીની ગુણવત્તાના આધારે તળાવોને A થી E કેટેગરીમાં વહેંચવામાં આવે છે. આશ્ચર્યજનક રીતે, બેંગ્લુરુનું એક પણ તળાવ 'A' (શુદ્ધ) કે 'B' (સ્નાન કરવા યોગ્ય) શ્રેણીમાં સ્થાન પામી શક્યું નથી. શહેરના તમામ 147 તળાવોને 'D' અને 'E' શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે, જેનો અર્થ છે કે આ પાણી ખેતી કે વન્યજીવો માટે પણ જોખમી બની શકે છે.બેંગ્લુરુમાં દર વર્ષે ઉનાળામાં પાણીની તંગી સર્જાય છે, પરંતુ આ વર્ષે પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. જો તળાવોનું પાણી વાપરવા યોગ્ય નહીં રહે, તો લોકોએ સંપૂર્ણપણે બોરવેલ અને ટેન્કરો પર નિર્ભર રહેવું પડશે. જમીનની અંદરના પાણીના સ્તર પણ નીચે જઈ રહ્યા છે, ત્યારે દૂષિત તળાવો શહેર માટે 'ટાઈમ બોમ્બ' સમાન સાબિત થઈ શકે છે. દૂષિત પાણીના સંપર્કથી ચામડીના રોગો અને ટાઈફોઈડ જેવા જળજન્ય રોગો ફેલાવવાની શક્યતા પણ નિષ્ણાતોએ વ્યક્ત કરી છે.

## ભારત સ્પેસમાં એઆઈ ડેટા સેન્ટર બનાવનારો પ્રથમ દેશ તેવી શક્યતા

નવી દિલ્હી : ભારત આગામી દિવસોમાં અંતરિક્ષમાં ડેટા સેન્ટર સ્થાપવાની તૈયારી કરી રહ્યું છે. ભારતીય કંપની અગ્નિકુળ કોસ્મોસ અને એઆઈ ક્લાઉડ કંપની નીવ ક્લાઉડ અંતરિક્ષમાં ભારતનું સૌપ્રથમ ડેટા સેન્ટર બનાવવાની તૈયારી કરી રહી છે. તેઓ આ વર્ષના અંત



સુધીમાં તેનું પ્રોટોટાઈપ મોકલશે તેમ મનાય છે. આ સેન્ટર પૃથ્વીની નજીક લગાવવામાં આવશે તેમ તેઓનું કહેવું છે.

ભારતીય કંપનીઓ અગ્નિકુલ કોસ્મોસ ચેન્નાઈ અને નીવ ક્લાઉડનું કહેવું છે કે અંતરિક્ષમાં સૂરજનો પ્રકાશ સીધો મળે છે. તેનાથી વીજળી બનાવવામાં મદદ મળશે. ભારતીય કંપનીઓને તેમાં સફળતા મળશે તો આગામી દિવસોમાં આ ટેકનિકનો મોટાપાયા પર ઉપયોગ થઈ શકે છે. એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં બંને કંપનીઓએ એક મોડેલ રજૂ કર્યુ હતુ અને જણાવ્યું હતું કે તેઓ કેવી રીતે અંતરિક્ષમાં ડેટા સેન્ટર બનાવવાની તૈયારી કરી રહ્યા છે. કંપનીઓનું કહેવું છે કે અંતરિક્ષમા વાતાવરણ પણ ઠંડુ હોવાથી મશીનોને ઠંડા રાખવાનો ખર્ચ પણ ઓછો આવશે. તેના કારણે જમીનની તુલનાએ અંતરિક્ષમાં ડેટા સેન્ટર મોકલવું કે બનાવીને મોકલવું સરળ થઈ શકે છે. આ પ્રોજેક્ટમાં પહેલા એક સિસ્ટમ અંતરિક્ષમાં મોકલવામાં આવશે. તેમાં કમ્પ્યુટર અને ડેટા રાખતા મશીનો હશે. આ સિસ્ટમ ભ્રમણ કક્ષામાં ફરતા-ફરતા કામ કરશે. તેના દ્વારા કંપનીઓને અંતરિક્ષમાં ડેટા સેન્ટર ચલાવવામાં કેટલી તકલીફો પડે છે તેની ખબર પડશે. પ્રથમ પરીક્ષણ ૨૦૨૬ના અંત સુધીમાં થશે. તેમા સફળતા મળી તો પ્રારંભમાં તેનો મર્યાદિત ઉપયોગ કરવામાં આવશે. તેના પછી ધીમે-ધીમે તેનો ઉપયોગ વધારવામાં આવશે.

## દેશમાં વિચિત્ર વાતાવરણ: શ્રીનગરમાં ગરમીએ 135 વર્ષનો રેકોર્ડ તોડ્યો

નવી દિલ્હી: ભારતભરમાં અત્યારે કુદરતનો અજીબોગરીબ મિજાજ જોવા મળી રહ્યો છે. ફેબ્રુઆરી મહિનો જે સામાન્ય રીતે ગુલાબી ઠંડી માટે જાણીતો છે, ત્યાં અત્યારે ભર ઉનાળા જેવો અહેસાસ થઈ રહ્યો છે. કાશ્મીર ખીણમાં સ્થિતિ સૌથી વધુ ચોંકાવનારી છે, જ્યાં શ્રીનગરમાં તાપમાનનો



પારો 21 ડિગ્રીએ પહોંચી ગયો છે, જે છેલ્લા 135 વર્ષનો રેકોર્ડ છે. એક તરફ ઉત્તર ભારતમાં ગરમી વધી રહી છે, તો બીજી તરફ સિક્કિમ જેવા રાજ્યોમાં ભારે બરફવર્ષા થઈ રહી છે. વાતાવરણના આ પલટાએ હવામાન વિજ્ઞાનીઓને પણ ચિંતામાં મૂકી દીધા છે. સામાન્ય રીતે ફેબ્રુઆરીમાં કાશ્મીરની પહાડીઓ બરફથી ઢંકાયેલી હોય છે, પરંતુ આ વર્ષે સૂર્યનારાયણ આકરા મિજાજમાં દેખાઈ રહ્યા છે. શ્રીનગરમાં 21 ડિગ્રી અને ગુલમર્ગમાં 11.5 ડિગ્રી તાપમાન નોંધાયું છે, જે સામાન્ય કરતા ઘણું વધારે છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી પાંચ દિવસમાં તાપમાનમાં હજુ 2 થી 3 ડિગ્રીનો વધારો થઈ શકે છે. કાશ્મીરમાં જોવા મળી રહેલી આ 'ગરમી' પર્યાવરણીય ફેરફારોનો મોટો સંકેત આપી રહી છે.પાટનગર દિલ્હી સહિત પંજાબ અને હરિયાણામાં પણ ગરમીનો પારો સતત ઊંચે જઈ રહ્યો છે. દિલ્હીમાં તાપમાન 30 ડિગ્રીની નજીક પહોંચી ગયું છે, જ્યારે હરિયાણામાં માર્ચની શરૂઆતમાં જ પારો 35 ડિગ્રીને પાર કરી જાય તેવી ભીતિ છે. મેદાની વિસ્તારોમાં સવાર-સાંજ સામાન્ય ઠંડી અને બપોરે આકરો તડકો - એમ મિશ્ર વાતાવરણને કારણે લોકો બીમારીઓનો ભોગ બની રહ્યા છે. ગરમીની સાથે સાથે દેશના અનેક રાજ્યોમાં કમોસમી વરસાદે ખેડૂતોની ચિંતા વધારી છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને બિહારમાં વરસાદી ઝાપટાં પડ્યા છે.

## JNU વિદ્યાર્થી વિરોધ

## વાઈસ ચાન્સેલરની ટિપ્પણી બાદ કેમ્પસમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ

નવી દિલ્હી: જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (JNU) માં ફરી એકવાર વિરોધ પ્રદર્શન અને હિંસાની ઘટના સામે આવી છે. વાઈસ ચાન્સેલર શાંતિશ્રી ધુલીપુડી પંડિત દ્વારા કરવામાં આવેલી કથિત 'જાતિવાદી' ટિપ્પણીના વિરોધમાં મંગળવારે સેંકડો વિદ્યાર્થીઓએ રસ્તા પર ઉતરી પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થી સંગઠન એઈસા (AISA) નો આરોપ છે કે વાઈસ ચાન્સેલરે યુજીસીના ભેદભાવ વિરોધી નિયમોને બિનજરૂરી ગણાવીને દલિત વિદ્યાર્થીઓનું અપમાન કર્યું છે. આ વિરોધ પ્રદર્શન દરમિયાન મોડી રાત્રે પથ્થરમારાની ઘટના પણ બની હતી. વિવાદની શરૂઆત વાઈસ ચાન્સેલરના એ નિવેદનથી થઈ જેમાં તેમણે યુજીસીના રેગ્યુલેશનને 'તર્કહીન' ગણાવ્યા હતા. એઈસાએ એક નિવેદનમાં જણાવ્યું કે, વાઈસ ચાન્સેલરે દલિતોને 'કાયમી ભોગ' (Permanent Victimhood) બનવાની માનસિકતા ધરાવતા ગણાવીને અત્યંત બ્રાહ્મણવાદી માનસિકતાનું પ્રદર્શન કર્યું છે.

સિટી એક્સપ્રેસ
WEDNESDAY 25 FEBRUARY-2026
AHMEDABAD



## ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે PCPNDT સલાહકાર સમિતિની બેઠક

ગાંધીનગર | ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે PCPNDT Act હેઠળ રચાયેલ સલાહકાર સમિતિની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ, જેમાં જિલ્લાની રજીસ્ટર થયેલ હોસ્પિટલોની ચકાસણી અને નવા રજીસ્ટ્રેશન માટે આવેલી અરજીઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી. બેઠકમાં માણસા, સરગાસણ, કુડાસણ અને ભાટ વિસ્તારમાંથી પ્રાપ્ત નવી અરજીઓના સંદર્ભમાં હોસ્પિટલોના માળખાકીય સુવિધા, તબીબી સાધનો અને કાયદાકીય પ્રક્રિયા અંગે સમીક્ષા કરવામાં આવી.

## ગાંધીનગરમાં નિવૃત્ત માહિતી પરિવારનું સ્નેહમિલન

ગાંધીનગર | ગાંધીનગર સેક્ટર-૨૩ સ્થિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે 24 ફેબ્રુઆરી, 2026ના રોજ નિવૃત્ત માહિતી પરિવારનું સ્નેહમિલન સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાયું. કાર્યક્રમની અધ્યક્ષતા વરિષ્ઠ નિવૃત્ત અધિક માહિતી નિયામક શ્રી જ્યોતિન્દ્રભાઈ દવેએ સંભાળી હતી. પ્રારંભે માહિતી ખાતાના દિવંગત અધિકારીઓ-કર્મચારીઓની યાદમાં બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી. 70 વર્ષની વય પૂર્ણ કરનાર વરિષ્ઠ કર્મયોગીઓનું શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન અર્પી સન્માન કરવામાં આવ્યું.

# એએમસીનો 'AmdavadNXT': 2030ને ધ્યાનમાં રાખી સ્માર્ટ અને સસ્ટેનેબલ મૉબિલિટી તરફ દ્રઢ પગલું



ગાંધીનગર | આર્થિક અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે ઉભરતા અમદાવાદને 2030 કોમનવેલ્થ ગેમ્સની તૈયારી વચ્ચે આધુનિક પરિવહન માળખું આપવા અહમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 21થી 23 ફેબ્રુઆરી દરમિયાન રિવરફ્રન્ટ હાઉસ ખાતે 'AmdavadNXT' કાર્યક્રમ યોજાયો. શહેરની મેટ્રો, બીઆરટીએસ અને એએમટીએસ જેવી જાહેર પરિવહન વ્યવસ્થાને વધુ સુરક્ષિત, સુવ્યવસ્થિત અને 'સ્માર્ટ મૉબિલિટી' તરફ દોરી જવાનો આ પ્રયાસ રહ્યો. ત્રણ દિવસીય કાર્યક્રમમાં એએમટીએસ થી બીઆરટીએસ અને મેટ્રો સુધીની વિકાસયાત્રા ઈન્ટરેક્ટિવ પ્રદર્શન, ઈન્ફોગ્રાફિક્સ અને ચર્ચાસત્રો દ્વારા રજૂ કરવામાં આવી. સાથે જ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ તરીકે માન્ય વોલ્ડ સીટી ઓફ અમદાવાદનું લાઈફ-સાઈઝ મૉડેલ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું. મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું કે મૉબિલિટી માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નહીં, પરંતુ લોકો કેન્દ્રિત વિચારધારા છે. શિફ્ટ ટ્રાન્સપોર્ટ Coalition હેઠળ WRI ઈન્ડિયા સહિત વિવિધ સંસ્થાઓની ભાગીદારીમાં યોજાયેલા કાર્યક્રમમાં 60થી વધુ શૈક્ષણિક સંસ્થાઓ અને સંગઠનો જોડાયા. "સસ્ટેનેબલ મૉબિલિટી" વિષયક સત્રમાં રજૂ થયેલા ETPI રિપોર્ટ મુજબ ગુજરાતે નોન-મોટરાઈઝ્ડ ટ્રાન્સપોર્ટ પ્રોત્સાહનમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવી છે. કાર્યક્રમના અંતે નાગરિકોએ વ્યાપક "ડિમાન્ડ ચાર્ટર" રજૂ કરી છેલ્લી માઈલ કનેક્ટિવિટી સુધારવા, પદયાત્રી-સાયકલ સુવિધાઓ વધારવા, પારદર્શિતા અને જવાબદારી મજબૂત કરવાની માંગ કરી. જાહેર પરિવહનને રોજગાર અને આર્થિક વિકાસ સાથે સીધો સંબંધિત ગણાવી, મહિલાઓ માટે સુરક્ષિત અને સુલભ વ્યવસ્થાની જરૂરિયાત પર પણ ભાર મૂકાયો.

## ગાંધીનગરમાં AMSP પર પ્રાદેશિક વર્કશોપ, 'સાયલન્ટ પેન્ડેમિક' AMR સામે સજ્જતા પર ભાર



ગાંધીનગર | ગાંધીનગર સ્થિત GMERS મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે એન્ટીમાઈક્રોબિયલ સ્ટિવર્ડશિપ પ્રોગ્રામ (AMSP)ના અસરકારક અમલીકરણ માટે જિલ્લા અને સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલોના પ્રતિનિધિઓ માટે પ્રાદેશિક ઓરિએન્ટેશન વર્કશોપ યોજાયો. વર્કશોપમાં એન્ટીમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ (AMR) સામે સજ્જતા અને એન્ટીબાયોટિકના તર્કસંગત ઉપયોગ પર ખાસ ભાર મુકાયો. ફાર્માકોલોજી વિભાગના વડા ડૉ. દર્શન જે. દવેએ AMRને 'સાયલન્ટ પેન્ડેમિક' ગણાવતા તેના વૈશ્વિક અને રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં ચિંતાજનક આંકડા રજૂ કર્યા. AMSP કમિટીના મેમ્બર સેક્રેટરી ડૉ. અમિત એમ. શાહે હોસ્પિટલ સ્તરે AMSPને અસરકારક રીતે અમલમાં મૂકવા માટેની વ્યૂહરચના સમજાવી. ટેકનિકલ સત્રોમાં AMR સર્વેલન્સ, એન્ટીબાયોટિક પોલિસી અને એન્ટિબાયોગ્રામના મહત્વ પર ડૉ. નીતા ખોખરે માર્ગદર્શન આપ્યું, જ્યારે ડૉ. પાયલ રાવલે જિલ્લા સ્તરે AMR ટેસ્ટિંગમાં આવતા ઓપરેશનલ પડકારો અને ઉકેલ અંગે ચર્ચા કરી. ઈન્ફેક્શન કન્ટ્રોલ (IPC) પ્રોટોકોલની અસરકારક અમલવારીથી હોસ્પિટલમાં ફેલાતા ચેપને રોકી શકાય તે બાબતે ડૉ. પારુલ પટેલે વિશદ રજૂઆત કરી. વર્કશોપમાં રાજ્ય કાર્યક્રમ અધિકારી ડૉ. એ.એમ. કાદરી, અસિસ્ટન્ટ RDD ડૉ. કાનન શુક્લા, GMERSના ડીન ડૉ. અંકુર ઝાલાવાડિયા તથા તબીબી અધિક્ષક ડૉ. મીતા પરીખ ઉપસ્થિત રહ્યા. પ્રશ્નોત્તરી અને ખુલ્લી ચર્ચા સાથે સમાપ્ત થયેલા આ કાર્યક્રમને AMR સામેની લડતમાં જિલ્લા સ્તરે ક્ષમતા નિર્માણ માટે મહત્વપૂર્ણ પગલું ગણવામાં આવ્યું.

## ભાવનગરના ૬૬૧ ગામે પહોંચશે શુદ્ધ પાણી: રૂ.૪૩૮ કરોડની ૧૨ જૂથ યોજનાઓ અમલમાં

ગાંધીનગર | છેવાડાના ગામ સુધી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાના સંકલ્પ સાથે રાજ્ય સરકારે ભાવનગર જિલ્લામાં વિશાળ પગલું ભર્યું છે. વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલએ જણાવ્યું કે ૧૨ 'સુધારણા જૂથ પાણી યોજના' હેઠળ અંદાજે રૂ. ૪૩૮ કરોડના ખર્ચે ૬૬૧ ગામોને આવરી લેવામાં આવ્યા છે. આ યોજનાઓમાં બુધેલ, તળાજા, ગારિયાધાર, પાલીતાણા, વલ્લભીપુર, ઉમરાળા અને શિહોર વિસ્તારોનો સમાવેશ થાય છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ પાલીતાણાના ૫૭, ગારિયાધારના ૧૪, શિહોરના ૭ અને ઉમરાળાના ૩ ગામ સહિત કુલ ૮૧ ગામોને પાણી પુરવઠો આપવામાં આવી રહ્યો છે.

# વાંકી કરોડરજ્જુને મળી નવી દિશા: અમદાવાદમાં ઈન્ડો-અમેરિકન ટીમે ૭ બાળકોને આપી સ્મિતભરી જિંદગી



ગાંધીનગર | અમદાવાદ સિવિલ મેડિસિટી સ્થિત ગવર્મેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ ફરી એકવાર માનવીય સેવા અને મેડિકલ એક્સેલેન્સનું પ્રતિક બની ઊભર્યું છે. ઈન્ડો-અમેરિકન સ્પાઈન સર્જરી કેમ્પ અંતર્ગત કરોડરજ્જુની ગંભીર 'કાઈફોસ્કોલિયોસિસ' જેવી જટિલ વિકૃતિથી પીડાતા ૭ બાળકોની સફળ સર્જરી કરીને તેમને નવી જિંદગી બક્ષાઈ છે. ૪ થી ૫ કલાક ચાલતી આ અત્યંત જોખમી સર્જરી દરમિયાન નાજુક ચેતાઓ અને મુખ્ય રક્તવાહિનીઓ વચ્ચે કામ કરવું પડતું હોવાથી સતત ન્યુરો-મોનિટરિંગ જરૂરી બનતું હોય છે. અમેરિકન નિષ્ણાતોની ટેકનિકલ સહાયથી આ સર્જરીઓ નિષ્ણાત ટીમે સફળતાપૂર્વક પૂર્ણ કરી. ખાનગી હોસ્પિટલોમાં રૂ. ૫ થી ૧૦ લાખ જેટલો ખર્ચ આવતી આવી સર્જરીઓ અમદાવાદ સિવિલમાં સંપૂર્ણ નિઃશુલ્ક કરવામાં આવી, જે મધ્યમવર્ગ અને આર્થિક રીતે નબળા પરિવારો માટે આશીર્વાદ સમાન છે. ૯ વર્ષના બાળક પર કરવામાં આવેલી 'ગ્રોઈંગ રોડ સર્જરી' આધુનિક મેડિકલ વિજ્ઞાનની અસરકારક સિદ્ધિ સાબિત થઈ. આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયાએ ડૉક્ટરોના માનવીય અભિગમને બિરદાવતા કહ્યું કે, આંતરરાષ્ટ્રીય સહયોગ આરોગ્યસેવામાં નવી દિશા નિર્ધારિત કરી રહ્યો છે. આ પહેલે સાબિત કર્યું છે કે સરકારી વ્યવસ્થામાં પણ ઉચ્ચ તકનીક અને નિષ્ણાત ટીમવર્ક દ્વારા અસાધ્ય લાગતી બીમારીઓ સામે આશાની સીધી રેખા દોરી શકાય છે.

## ૨૯ માર્ચથી ભાવનગર-મુંબઈ દૈનિક બે ફ્લાઈટ ફરી શરૂ, ૨૫ ફેબ્રુઆરીથી બુકિંગ

ગાંધીનગર | ઔદ્યોગિક દ્રષ્ટિએ મહત્વ ધરાવતા ભાવનગરને મુંબઈ સાથે જોડતી ડાયરેક્ટ હવાઈ સેવા ફરી શરૂ થવા જઈ રહી છે. તકનીકી કારણોસર લાંબા સમયથી બંધ રહેલી આ સેવા હવે ૨૯ માર્ચથી પુનઃપ્રારંભ થશે, જ્યારે ટિકિટ બુકિંગ ૨૫ ફેબ્રુઆરીથી શરૂ થશે. ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયાના સતત પ્રયાસો બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે કે. આર. નાયડુ અને મુરલીધર મોહોલ સાથે રજૂઆતો તથા એરલાઈન્સ સાથે બેઠકો યોજી હતી. કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ IndiGo દ્વારા ૨૯ માર્ચ ૨૦૨૬થી ભાવનગર-નવી મુંબઈ વચ્ચે દૈનિક બે ATR ફ્લાઈટ શરૂ કરાશે. ફ્લાઈટ સવારે ૮:૩૫ અને સાંજે ૮:૫૦ વાગ્યે ભાવનગરથી પ્રસ્થાન કરશે.

## ગુજરાતનો આર્થિક વૃદ્ધિ દર રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ વધુ રાષ્ટ્રીય આર્થિક વૃદ્ધિ દર ૬.૫ ટકા સામે ગુજરાતનો વૃદ્ધિ દર ૭.૪ ટકા

ગાંધીનગર | ગુજરાત સરકારે તેની નાણાકીય શિસ્ત, લાંબાગાળાનું આયોજન અને જનહિતલક્ષી અભિગમ દ્વારા દેશના સૌથી વિકસિત રાજ્ય તરીકેનું પોતાનું સ્થાન વધુ મજબૂત કર્યું છે. રાજ્યના સર્વાંગી વિકાસ અને કલ્યાણકારી યોજનાઓને વેગ આપવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર સતત કાર્યરત છે. નાણા વિભાગ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ ગુજરાતનો આર્થિક વૃદ્ધિ દર રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ નોંધપાત્ર રીતે વધુ રહ્યો છે. દેશનો આર્થિક વૃદ્ધિદર સરેરાશ ૬.૫ ટકાથી વધુ છે, જેની સામે ગુજરાતનો આર્થિક વૃદ્ધિ દર ૭.૪ ટકા નોંધાયો છે. આટલું જ નહીં, વર્ષ ૨૦૧૨-૧૩ થી ૨૦૨૪-૨૫ સુધીના ૧૩ વર્ષના લાંબાગાળામાં ગુજરાતે સરેરાશ ૮.૩ ટકાનો વાસ્તવિક આર્થિક વૃદ્ધિ દર હાંસલ કર્યો છે. આ ઉપરાંત નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના નેતૃત્વમાં રાજ્ય સરકારે નાણાકીય વ્યવસ્થાપનમાં પણ મજબૂત શિસ્ત જાળવી છે. નાણાકીય જવાબદારી અને અંદાજપત્ર વ્યવસ્થાપન અધિનિયમ (FRBM Act) મુજબ રાજ્યના કુલ એકંદર ઘરગથ્થું ઉત્પાદનના (GSDP) સાપેક્ષમાં જાહેર દેવાનું પ્રમાણ ૨૭.૧૦ ટકાની મર્યાદામાં રાખવાનું હોય છે. આ મર્યાદાની સામે ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૬-૨૭માં જાહેર દેવાનું પ્રમાણ માત્ર ૧૪.૬૫ ટકા જેટલું નીચું રાખવાનું આયોજન કરીને ઉત્કૃષ્ટ નાણાકીય વ્યવસ્થાપનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રાજ્ય સરકારનું દેવું એ રાજ્યના વિકાસકાર્યો અને મૂડી ખર્ચ માટેનું એક મહત્વપૂર્ણ સંસાધન છે, જેનો ઉપયોગ જનહિતના કામો માટે કરવામાં આવે છે. ગુજરાત સરકારના બજેટમાં સિંહફાળો વિકાસલક્ષી કાર્યો પાછળ ખર્ચવામાં આવે છે. નાણા મંત્રીશ્રીએ રજૂ કરેલા વર્ષ ૨૦૨૬-૨૭ના કુલ રૂ. ૪ લાખ કરોડથી વધુના બજેટમાંથી રૂ. ૨.૬૨ લાખ કરોડથી વધુ એટલે કે, લગભગ ૬૫ ટકાથી વધુ બજેટ વિકાસલક્ષી ખર્ચ માટે ફાળવવામાં આવ્યું છે, જેથી રાજ્યના નાગરિકોની જનસુખાકારીમાં વધારો કરી શકાય. ગુજરાત સરકારે છેલ્લા પાંચ વર્ષમાં વિકાસલક્ષી ખર્ચનું પ્રમાણ સતત જાળવી રાખીને જનતાના કલ્યાણને પ્રાધાન્ય આપ્યું છે. રાજ્યમાં કુદરતી આફતોના સમયે નાગરિકોની સુરક્ષા માટે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા પાંચ વર્ષમાં વિવિધ ભંડોળ હેઠળ કુલ રૂ. ૮,૧૫૧ કરોડથી વધુની સહાય મળી છે. જેમાં, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ હેઠળ રૂ. ૫,૮૫૨.૮ કરોડ, સ્ટેટ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ હેઠળ રૂ. ૧,૧૪૧.૪૦ કરોડ, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ હેઠળ રૂ. ૧,૦૭૬.૨૩ કરોડ અને નેશનલ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ હેઠળ રૂ. ૮૦.૮૮ કરોડની સહાય રાજ્ય સરકારને મળી છે.

# વસંતોત્સવમાં હરિયાણાનો રંગીન મિજાજ: ફાગ નૃત્યે ગાંધીનગરને રંગ્યું



ગાંધીનગર | ગાંધીનગરના વસંતોત્સવમાં આ વર્ષે હરિયાણાની લોકસંસ્કૃતિનું જીવંત પ્રતિબિંબ બનેલું 'ફાગ નૃત્ય' આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. વસંતના વધામણાં અને હોળીના હરખ વચ્ચે રજૂ થયેલ આ લોકનૃત્યે પ્રેક્ષકોને રંગ અને રાગની અનોખી મોજમાં તરબોળ કર્યા. હરિયાણાના કૃષિપ્રધાન જીવન, લણણીની ખુશી અને પ્રકૃતિના પરિવર્તનનો ઉત્સવ મનાવતું ફાગ નૃત્ય માત્ર મનોરંજન નથી, પરંતુ સામૂહિક આનંદની અભિવ્યક્તિ છે. ખેતરોમાં લહેરાતી સરસવની પીળી ચાદર અને શિયાળાની વિદાય સાથે ગામડાઓમાં ગુંજતા 'ફાગ'ના સૂર હવે ગાંધીનગર સુધી પહોંચ્યા છે. ફાગુ નૃત્ય ગૃપના પ્રમુખ સંદિપ શર્માએ જણાવ્યું કે આ નૃત્ય પતિ-પત્ની વચ્ચેની મીઠી મસ્તી, પ્રેમભર્યા સંવાદ અને હળવા નખરાંનું કલાત્મક ચિત્રણ કરે છે. "ફાગમાં હોળીની મોજ સાથે લાગણીનો લય પણ જોડાયેલો છે," એમ તેમણે ઉમેર્યું. ધોતી-પાઘડીમાં સજ્જ પુરુષો નગારા, ઢોલ અને મંજીરાના તાલે ઝૂમી ઉઠ્યા, જ્યારે ઘાઘરા-ઓઢણીમાં સજ્જ મહિલાઓ લોકગીતો સાથે રંગ જમાવતી જોવા મળી. ગોળ કુંડાળામાં થતું આ સમૂહ નૃત્ય એકતા અને ઉત્સાહનું પ્રતીક બની રહ્યું. ગુલાલ અને રંગોના છંટકાવ વચ્ચે નગારાનો ગુંજારવ વાતાવરણને વધુ જીવંત બનાવી દેતો હતો. લોકવાયકા અનુસાર, ફાગ નૃત્યમાં કૃષ્ણ અને ગોપીઓની રાસલીલાની ઝલક પણ જોવા મળે છે. આજે આ નૃત્ય હરિયાણાના ગામડાઓથી આગળ વધી રાષ્ટ્રીય સ્તરના સાંસ્કૃતિક મંચો પર પોતાની આગવી ઓળખ ઉભી કરી રહ્યું છે.

## વસતી ગણતરી-2027 ડિજિટલ ગવર્નન્સમાં નવા માપદંડ સ્થાપિત કરશે: મુખ્ય સચિવ એમ.કે. દાસ

ગાંધીનગર | ભારતની વસતી ગણતરી-2027ના પ્રથમ તબક્કાની તૈયારીઓ અંતર્ગત ગાંધીનગરમાં ગુજરાત, દાદરા અને નગર હવેલી તેમજ દમણ-દીવના પ્રિન્સિપલ સેન્સસ ઓફિસર્સની વિશેષ બેઠક યોજાઈ. બેઠકને સંબોધતા મુખ્ય સચિવ એમ. કે. દાસએ જણાવ્યું કે આવનારી વસતી ગણતરી ચોકસાઈ, પારદર્શિતા અને ડિજિટલ ગવર્નન્સના ક્ષેત્રે બેન્ચમાર્ક સ્થાપિત કરશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે વસતી ગણતરી માત્ર વૈધાનિક પ્રક્રિયા નથી, પરંતુ વિકાસની નીતિઓ, સંસાધનોની ફાળવણી અને ભવિષ્યના આયોજનનો પાયો છે. ઝડપી શહેરીકરણના પરિપ્રેક્ષ્યમાં 2027ના આંકડા રાજ્યના વિકાસલક્ષી નિર્ણયોમાં માઈલસ્ટોન સાબિત થશે. ડિજિટલ સાધનોના ઉપયોગથી અગાઉની તુલનામાં પ્રક્રિયા વધુ ઝડપી અને પારદર્શક બનશે. બેઠકમાં મૃત્યુંજય કુમાર નારાયણએ જણાવ્યું કે 1881થી શરૂ થયેલી દશકિય પરંપરાને આગળ વધારતી આ ગણતરીમાં ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ થશે. જિલ્લા કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનરોના સક્રિય નેતૃત્વને સફળતાનું મુખ્ય કડી ગણાવી તેમણે સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા સૂચન કર્યું. મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિએ માહિતી આપી કે પ્રથમ વખત મકાન સૂચિકરણ તબક્કામાં ડિજિટલ સ્વ-ગણતરી (Self-Enumeration)ની સુવિધા આપવામાં આવશે, જેથી નાગરિકો સીધી ભાગીદારી કરી શકશે.

# નર્મદાના આદિજાતિ વિસ્તારમાં ૩૦૨ કરોડના બે નવા પૂલ: લોકોને મળશે સરળ કનેક્ટિવિટી



ગાંધીનગર | આદિજાતિ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ નર્મદા જિલ્લામાં રોડ કનેક્ટિવિટી મજબૂત બનાવવા ૩૦૨.૪૦ કરોડ રૂપિયાના ખર્ચે બે નવા પૂલોના નિર્માણને મંજૂરી આપી છે. આ નિર્ણયથી ૧૧ જેટલા ગામોના ૧૮ હજારથી વધુ લોકોને જિલ્લા તથા તાલુકા મુખ્ય મથકો સાથે સરળ અવર-જવર સુવિધા મળશે. મંજૂર થયેલ કામોમાં રેંગણ ઘાટથી રામપુરા ઘાટ સુધીના પૂલ માટે રૂ. ૧૨૩.૧૩ કરોડ અને શહેરાવ ઘાટથી તિલકવાડા ઘાટને જોડતા પૂલ માટે રૂ. ૧૭૯.૨૭ કરોડનો સમાવેશ થાય છે. આ બંને પૂલો પૂર્ણ થયા બાદ તિલકવાડા, વાસણ, રેંગણ, રામપુરા, માંગરોલ અને શહેરાવ જેવા વિસ્તારોના ગ્રામજનોને વર્ષભર સરળ મુસાફરીની સગવડ મળશે. ખાસ કરીને ચોમાસામાં વિદ્યાર્થીઓને શાળા-કોલેજ પહોંચવામાં આવતી મુશ્કેલીઓમાં ઘટાડો થશે. ઉપરાંત, નાંદોદ અને તિલકવાડા તાલુકામાં યોજાતી ઉત્તરવાહિની પરિક્રમાના લાખો યાત્રાળુઓને પણ સીધો લાભ મળશે. અંદાજે ૧૭ કિમીનો ફેરાવો ઘટતા સમય અને ઈંધણની નોંધપાત્ર બચત થશે. મંજૂર થયેલ કામોમાં રેંગણ ઘાટથી રામપુરા ઘાટ સુધીના પૂલ માટે રૂ. ૧૨૩.૧૩ કરોડ અને શહેરાવ ઘાટથી તિલકવાડા ઘાટને જોડતા પૂલ માટે રૂ. ૧૭૯.૨૭ કરોડનો સમાવેશ થાય છે. આ નિર્ણય આદિજાતિ વિસ્તારના વિકાસને નવી ગતિ આપતો સાબિત થશે.

## ગાંધીનગર ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ થર્મલ પાવર સ્ટેશનની કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાની મુલાકાત




ગાંધીનગર | ગાંધીનગર સ્થિત ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ ના થર્મલ પાવર સ્ટેશનની રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાએ મુલાકાત લઈ વીજ ઉત્પાદન પ્રક્રિયા, સંચાલન વ્યવસ્થા અને અપનાવવામાં આવેલી આધુનિક ટેક્નોલોજી અંગે વિગતવાર માહિતી મેળવી હતી. મંત્રીએ પ્લાન્ટની કાર્યપદ્ધતિ, ઉત્પાદન ક્ષમતા અને સુરક્ષા માપદંડોની સમીક્ષા કરી ઈજનેરો અને કર્મચારીઓ સાથે સંવાદ સાધ્યો. રાજ્યની ઊર્જા સુરક્ષા મજબૂત બનાવવા દિનરાત કાર્યરત ટીમની પ્રતિબદ્ધતા પ્રશંસનીય હોવાનું તેમણે જણાવ્યું. આ મુલાકાત રાજ્યમાં સ્થિર અને વિશ્વસનીય વીજ પુરવઠા સુનિશ્ચિત કરવા સરકારની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

# પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન-૨૦૨૬'ને વેગ: મુંબઈમાં પશ્ચિમ ક્ષેત્રની વક્તા કાર્યશાળા યોજાઈ



ગાંધીનગર | ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રવ્યાપી 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન-૨૦૨૬' અંતર્ગત મુંબઈ ખાતે પશ્ચિમ ક્ષેત્રની વક્તા પ્રશિક્ષણ કાર્યશાળા યોજાઈ, જેમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. આ મહાઅભિયાન હેઠળ આગામી સમયમાં દેશભરમાં મંડલથી લઈને બુથ સ્તર સુધીના અંદાજે ૭૫થી ૮૦ લાખ સંગઠનાત્મક જવાબદારી નિભાવતા કાર્યકર્તાઓને સુવ્યવસ્થિત પ્રશિક્ષણ આપવાનો વ્યાપક કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. સંગઠનને વિચારશીલ, કાર્યક્ષમ અને પ્રભાવશાળી બનાવવા માટેનું આ સૌથી મોટું પ્રશિક્ષણ અભિયાન ગણાઈ રહ્યું છે. મુંબઈમાં યોજાયેલી પશ્ચિમ ક્ષેત્રની કાર્યશાળામાં બીએલ સંતોષ, તરુણ ચુગજી, શિવપ્રકાશજી, સહિત રાષ્ટ્રીય નેતૃત્વના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગોવા, છત્તીસગઢ અને દાદરાનગર હવેલીના પ્રતિનિધિઓએ પણ કાર્યશાળામાં ભાગ લીધો હતો. પાર્ટી સંગઠનને વધુ સશક્ત બનાવવા અને વિચારોને તળિયાં સુધી પહોંચાડવાના સંકલ્પ સાથે આ અભિયાનને મહત્વપૂર્ણ રાજકીય પહેલ તરીકે જોવામાં આવી રહ્યું છે. આ મહાઅભિયાનનો વ્યાપ અત્યંત વિશાળ છે. ભાજપા આગામી સમયમાં મંડલ સ્તરથી લઈને બૂથ સ્તર સુધીના અંદાજે ૭૫ થી ૮૦ લાખ કાર્યકર્તાઓને સુવ્યવસ્થિત પ્રશિક્ષણ આપવાની તૈયારી કરી રહી છે. આ અભિયાનનો મુખ્ય હેતુ સંગઠનાત્મક જવાબદારી નિભાવતા કાર્યકર્તાઓને પક્ષની વિચારધારા, નીતિઓ અને લોકકલ્યાણના કાર્યોને પ્રભાવી રીતે રજૂ કરવામાં સક્ષમ બનાવવાનો છે. રાજકીય વિશ્લેષકો આને દેશનું અત્યાર સુધીનું સૌથી મોટું પ્રશિક્ષણ અભિયાન ગણાવી રહ્યા છે.

## જળ સંચય જનભાગીદારી 2.0ની સમીક્ષા બેઠકમાં રાજસ્થાનના પ્રયત્નોની પ્રશંસા



ગાંધીનગર | કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી આર પાટીલ એ રાજસ્થાનના મુખ્યમંત્રી ભજન લાલ શર્મા સાથે 'જળ સંચય જનભાગીદારી (JSJB) 2.0' કાર્યક્રમની પ્રગતિ અંગે વિસ્તૃત સમીક્ષા બેઠક યોજી. બેઠકમાં મુખ્ય સચિવ વી.વી. શ્રીનિવાસ, વધારાના મુખ્ય સચિવ અભય કુમાર, રાષ્ટ્રીય જળ મિશનની વધારાની સચિવ તથા મેનેજિંગ ડિરેક્ટર અર્ચના વર્મા સહિત જિલ્લાના કલેક્ટરો અને નગર નિગમોના આયુક્તો ઉપસ્થિત રહ્યા. ભીલવાડા અને ડુંગરપુર જિલ્લાઓ દ્વારા જળ સંરક્ષણ ક્ષેત્રે રજૂ કરાયેલા પ્રયાસો વિશેષ પ્રશંસનીય રહ્યા. ખાસ કરીને આદિવાસી વિસ્તારો ધરાવતા ડુંગરપુરમાં સામૂહિક સહભાગિતાથી જળ સંરક્ષણ અને નદી પુનર્જીવન માટે ઊભું કરાયેલું મૉડેલ દેશ માટે પ્રેરણારૂપ ગણાયું. રાજસ્થાને JSJB 1.0માં દેશભરમાં ત્રીજું સ્થાન મેળવ્યું હતું. અલવરનો "સ્કૂલ મોડલ" અને બાડમેરમાં પરંપરાગત ટાંકા નિર્માણ-પુનર્જીવન જેવી પહેલો રાજ્યની સમૃદ્ધ જળ પરંપરા અને જનભાગીદારીની શક્તિ દર્શાવે છે.